દૈનિક સૌરાષ્ટ્ર આવૃત્તિ

# મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. GUJ GUJ/2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 258 ■ વિક્રમ સંવત ૨૦૮૦

■ આશ્વિન વદ - ૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 30 October 2024, Wednesday ■ REGD.No. MCS/058/2018-20

બુધવાર, ૩૦ ઑક્ટોબર ૨૦૨૪ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦


ઈન્ટરવલ પૂર્તિ ૫ ૬ ૭ ૮

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ૭૦+ના બધા વૃદ્ધોને હૉસ્પિટલોમાં ફ્રી સારવાર મળશે

▸ વાપીમાં મેડિકલ ડિવાઇઝ, બલ્ક ડ્રગ્સના પ્રોજેક્ટ માટેની સ્કીમનું ઉદ્‌ઘાટન ▸ અમદાવાદમાં મેડિકલ ડિવાઇસના કેન્દ્રનો શિલાન્યાસ ▸ ₹ ૧૨,૮૫૦ કરોડનાં વિકાસ કાર્યોનું લોકાર્પણ ▸ રસીકરણને સંપૂર્ણ ડિજિટલ કરવા 'યુ-વિન પોર્ટલ' શરૂ

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના ૭૦ વર્ષ અને તેનાથી મોટી વયના બધા નાગરિકને તેઓની આવકને અવગણીને હેલ્થ ઇન્સ્યુરન્સ સ્કીમ 'આયુષ્માન ભારત' હેઠળ આવરી લેતા હવે તેઓને હૉસ્પિટલોમાં વાર્ષિક રૂપિયા પાંચ લાખ સુધીની નિઃશુલ્ક સારવાર મળશે.

મોદીએ ગુજરાતના વાપીમાં મેડિકલ ડિવાઇઝ, બલ્ક ડ્રગ્સના પ્રોજેક્ટ માટેની પ્રોડક્શન-લિંક્ડ ઇન્સેન્ટિવ સ્કીમનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

હૈદરાબાદ, બેંગલૂરુ, કાકિનાડા અને નલગઢ (હિમાચલ પ્રદેશ)માં પણ આ સુવિધા શરૂ કરાઇ છે, જ્યાં બોડી ઇમ્પ્લાન્ટ્સ અને ક્રિટિકલ કેર ઇક્વિપમેન્ટ સહિતના અત્યાધુનિક મેડિકલ ડિવાઇઝ અને મહત્ત્વની બલ્ક ડ્રગ્સ (ઔષધો) તૈયાર થશે.

અમદાવાદમાં એનઆઇપીઇઆર (નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યૂટિકલ એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ) ખાતે મેડિકલ ડિવાઇઝીસ માટેના 'સેન્ટર્સ ઑફ એક્સેલન્સ'નો શિલાન્યાસ કર્યો હતો. હૈદરાબાદ ખાતે બલ્ક ડ્રગ્સ, ગુવાહાટીમાં ફાઇટોફાર્માસ્યૂટિકલ્સ (વનસ્પતિમાંથી તૈયાર થતી દવા) અને મોહાલીમાં એન્ટિ-બેક્ટેરિયલ (બેક્ટેરિયા-વિરોધી), એન્ટિ-વાઇરલ (વાઇરસ-વિરોધી) ઔષધ વિકસાવવાની સુવિધા શરૂ કરાશે.

વડા પ્રધાને અંદાજે રૂપિયા ૧૨,૮૫૦ કરોડના વિકાસ કાર્યોનું મંગળવારે લોકાર્પણ કર્યું હતું.

ઔષધના દેવતા ધન્વંતરિની જન્મજયંતી અને નવમા 'આયુર્વેદ દિન' નિમિત્તે મોદીએ ઉત્તરાખંડના હૃષીકેશ, તેલંગણાના બીબીનગર, આસામના ગુવાહાટી, મધ્ય પ્રદેશના ભોપાળ, રાજસ્થાનના જોધપુર સહિત ૧૧ જગ્યાની 'એઇમ્સ' ખાતે ડ્રોનની મદદથી આરોગ્ય સેવા શરૂ કરાવી હતી.

રસીકરણને સંપૂર્ણ ડિજિટલ કરવાના પગલાંના ભાગરૂપે 'યુ-વિન પોર્ટલ' શરૂ કરાવ્યું હતું. તેનો લાભ ગર્ભવતીઓને અને જન્મજાતથી લઇને ૧૬ વર્ષ સુધીના બાળકોને ૧૨ રોગ સામેની રસી માટે મળશે.

મોદીએ મધ્ય પ્રદેશમાં ત્રણ મેડિકલ કોલેજ અને અન્ય રાજ્યોમાંની 'એઇમ્સ'ના વિસ્તરણનું ઉદ્‌ઘાટન કર્યું હતું.છત્તીસગઢના બિલાસપુર અને ઓડિશામાં બારગઢ ખાતે સરકારી મેડિકલ કોલેજ - હૉસ્પિટલમાં સુપર સ્પેશિયાલિટી બ્લૉક શરૂ કરાવ્યો હતો.મધ્ય પ્રદેશના ઇન્દોર સહિત અનેક રાજ્યમાં કામદાર (ઇએસઆઇસી) હૉસ્પિટલનું ઉદ્‌ઘાટન કર્યું હતું. (એજન્સી) ■

## ચીનના 'બીઆરઆઈ'માં ન જોડાનાર ભારત બાદ બ્રાઝિલ બીજો દેશ

બીજિંગઃ ચીનના અબજો ડૉલરના 'બૅલ્ટ ઍન્ડ રોડ ઈનિશિયેટિવ' (બીઆરઆઈ) મૅગા પ્રોજેક્ટમાં ન જોડાનાર ભારત બાદ બ્રાઝિલ બીજો દેશ બન્યો છે.

પ્રમુખ લૂલા દા સિલ્વાના વડપણ હેઠળના બ્રાઝિલે બીઆરઆઈમાં ન જોડાવાનો અને ચીનના રોકાણકારો સાથે ન જોડાવા અન્ય વિકલ્પો અંગે વિચારણા કરવાનો નિર્ણય લીધો છે, એમ આંતરરાષ્ટ્રીય બાબતો અંગેના પ્રમુખના વિશેષ સલાહકાર સૅલ્સો અમોરિમે કહ્યુ હતું. કોઈ પણ પ્રકારના કરાર સહી કર્યા વિના બ્રાઝિલ ચીન સાથેના સંબંધોને નવી ઊંચાઈએ લઈ જવા માગે છે, એમ તેમણે કહ્યુ હતું. અમે ચીન સાથે કોઈ પણ પ્રકારના કરાર કરવા માગતા નથી એમ જણાવતાં અમોરિમે કહ્યું હતું કે બ્રાઝિલ ચીનના માળખાકીય અને ટ્રેડ પ્રોજેક્ટને ઈન્સ્યોરન્સ પૉલિસી તરીકે લેવા નથી માગતું.

બ્રાઝિલ ચીનના બીઆરઆઈ પ્રોજેક્ટમાં જોડાશે એ પ્રકારના ચીનના પ્રમુખ શી જિનપિંગે ૨૦ નવેમ્બરે લીધેલી બ્રાઝિલની મુલાકાત દરમિયાન કરેલા નિવેદનને બ્રાઝિલનું આ નિવેદન રદિયો આપે છે. (એજન્સી)

## બાઈડને વાઈટ હાઉસમાં કરી દિવાળીની સૌથી મોટી ઉજવણી

વૉશિંગ્ટન : અમેરિકાના પ્રમુખ જો બાઈડને સોમવારે વાઈટ હાઉસમાં દિવાળીની ઉજવણીનું આયોજન કર્યું હતું અને એમાં આખા દેશના કૉંગ્રેસમેન, અધિકારીઓ અને કોર્પોરેટ એક્ઝિક્યુટિવ સહિત ૬૦૦ જાણીતા ભારતીય અમેરિકનોએ ભાગ લીધો હતો.

બાઈડને વાઈટ હાઉસના ઈસ્ટ રૂમમાં કહ્યું હતું કે પ્રમુખ તરીકે મેં વાઈટ હાઉસમાં દિવાળીની સૌથી મોટી ઉજવણીનું આયોજન કર્યું છે. મારે માટે આ મોટી વાત છે. સેનેટર, ઉપપ્રમુખ અને પ્રમુખ તરીકે હું રહ્યો છું ત્યારે સાઉથ એશિયનો હંમેશાં મારા સ્ટાફના ચાવીરૂપ સભ્યો રહ્યા છે. કમલાથી ડૉક્ટર મૂર્તિ સુધી અને અહીં હાજર તમે બધાએ એ વાતની ગર્વ સાથે યાદ દેવડાવું છું કે મેં મારું વહીવટીતંત્ર અમેરિકા જેવું દેખાડવાનું મારું વચન પાળ્યું છે. આ ઈવેન્ટમાં ઉપપ્રમુખ

(જુઓ પાનું ૨) ▸▸

## અયોધ્યામાં આજે નવો વિશ્વવિક્રમ રચાશેઃ ૨૮ લાખ દીવા ઝળહળશે

### સરયૂ નદીના કાંઠે લેસર, સાઉન્ડ અને ડ્રોન શો પણ યોજાશે

અયોધ્યા (ઉત્તર પ્રદેશ): અહીં ૩૦ ઑક્ટોબર, બુધવારે માટીના ૨૮ લાખ દીવા પ્રગટાવીને નવો વિશ્વ વિક્રમ કરવાનું આયોજન કરાયું છે. સરયૂ નદીના વિવિધ ઘાટ ખાતે અનેક કાર્યક્રમનું આયોજન કરાયું છે. તેના માટે મંગળવારે તડામાર તૈયારી હાથ ધરાઇ હતી.

પોલીસ અને મુલકી વહીવટીતંત્ર દ્વારા સલામતી અને અન્ય વ્યવસ્થા કરાઇ રહી છે. પોલીસ ડિરેક્ટર જનરલ પ્રશાંત કુમાર આ સમગ્ર કાર્યક્રમ પર નજર રાખી રહ્યા છે.

મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથની ઑફિસના સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવાયું હતું કે દીપોત્સવ માટેની તૈયારી મંગળવારે અંતિમ

(જુઓ પાનું ૨) ▸▸

## ઉત્તર ગાઝામાં એક ઈમારત પર ઈઝરાયલનો હુમલોઃ ૩૪ લોકોનાં મોત

દીર અલ-બલા (ગાઝાપટ્ટી): ઉત્તરી ગાઝામાં પાંચ માળની એક ઇમારત પર ઇઝરાયલના હુમલામાં ઓછામાં ઓછા ૩૪ લોકો માર્યા ગયાં હતાં જેમાં અડધાથી વધુ મહિલાઓ અને બાળકો હતાં. ગાઝાના સ્વાસ્થ્ય મંત્રાલયે આ જાણકારી આપી હતી. આ ઇમારતમાં પેલેસ્ટાઇનના વિસ્થાપિત લોકોએ શરણ લીધું હતું.

આરોગ્ય મંત્રાલયની ઇમરજન્સી સેવાએ જણાવ્યું હતું કે ઇઝરાયલની સરહદ નજીકના ઉત્તરીય શહેર બીત લહિયામાં હુમલામાં ૨૦ અન્ય લોકો ઘાયલ થયા હતા. ઇઝરાયલી સૈન્ય તરફથી તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવામાં આવી

(જુઓ પાનું ૨) ▸▸

## કેરળના મંદિરમાં ફટાકડા ફોડતાં દુર્ઘટના સર્જાઈઃ ૧૫૦થી વધુ લોકો ઘાયલ

કાસારગોડઃ સોમવારે મોડી રાત્રે અહીં નીલેશ્વરમ નજીક મંદિરના ઉત્સવ દરમિયાન ફટાકડા ફોડવાની દુર્ઘટનામાં ૧૫૦થી વધુ લોકો ઘાયલ થયા હતા, જેમાં આઠની હાલત ગંભીર હોવાની માહિતી મળી હતી.


પોલીસે જણાવ્યું હતું કે ઘાયલોને કાસરગોડ, કન્નુર અને મેંગલુરુની વિવિધ હૉસ્પિટલોમાં લઈ જવામાં આવ્યા છે.

આ દુર્ઘટના નીલેશ્વરમ નજીક વીરકાવુ મંદિરમાં થઈ હતી.

જિલ્લા કલેક્ટરે મંગળવારે જણાવ્યું હતું કે ગંભીર રીતે ઘાયલ થયેલા લોકો ૮૦ ટકા દાઝી ગયા છે. અકસ્માતનું કારણ શોધી કાઢવામાં આવી રહ્યું છે. સ્થળ પરથી નમૂના લેવામાં આવ્યા છે અને કેસ દાખલ કરવામાં આવ્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસ મુજબ ફટાકડા સ્ટોરેજ ફેસિલિટી અને જ્યાં ફટાકડા ફોડવામાં આવી રહ્યા હતા તે જગ્યા નજીકમાં હતી. ''સુરક્ષાની સાવચેતી

(જુઓ પાનું ૨) ▸▸



**આગઃ** કાસારગોડમાં સોમવારે મોડી રાત્રે નિલેશ્વરમ નજીક મંદિરમાં તહેવારની ઉજવણી દરમિયાન ફટાકડાને કારણે લાગેલી આગમાં ૧૫૦ કરતાં પણ વધુ લોકો ઘાયલ થયા હતા. (એજન્સી)

## પટણ મેટ્રો કન્સ્ટ્રક્શન સાઈટ અકસ્માતમાં બેનાં મોત, અનેક ઘાયલ



દુર્ઘટનાઃ પટણામાં મંગળવારે પટણા સાયન્સ કૉલેજ એનઆઈટી પાસે મેટ્રો ટનલના નિર્માણકાર્યના સ્થળે અનેક શ્રમિકો માટી નીચે દબાઈ ગયા હતા અને અનેક લોકો ઘાયલ થયા હતા. (એજન્સી)

પટણાઃ પટણા મેટ્રોના એક બાંધકામ સ્થળ પર થયેલા અકસ્માતમાં બે જણનાં મોત થયા હતા અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા હતા.

વરિષ્ઠ પોલીસ અધિક્ષક રાજીવ મિશ્રાએ મંગળવારે જણાવ્યું હતું કે આ ઘટના સોમવારે મોડી રાત્રે પટના યુનિવર્સિટી કેમ્પસની નજીક ખોદવામાં આવેલી ટનલની અંદર બની હતી.

મિશ્રાએ પત્રકારોને જણાવ્યું હતું કે, ''એક પિક અપ વાન ટનલમાંથી પસાર થઈ રહી હતી જ્યાં તેની બ્રેક ફેઈલ થઈ ગઈ હતી, જેના કારણે તે બાંધકામ કરતાં કામદારોના જૂથમાં ઘૂસી ગઈ હતી.''

મિશ્રાએ જણાવ્યું હતું કે, ''બે વ્યક્તિના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે છને ઈજાઓ થતાં સારવાર માટે હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. અમે આ બાબતની તપાસ કરી રહ્યા છીએ. પટના મેટ્રો સત્તાવાળાઓ તેમના તરફથી તેની તપાસ કરી રહ્યા છે''.

પટના મેટ્રોના પબ્લિક રિલેશન ઓફિસર મોનિસા દુબેએ જણાવ્યું હતું કે ''જેને ઈજાઓ પહોંચી છે તે તમામ લોકો સાજા છે અને તેઓને સારવાર બાદ હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. અમે યાંત્રિક નિષ્ફળતા માટે જવાબદારી નક્કી કરવા માટે તપાસ પણ કરી રહ્યા છીએ જેના કારણે આ ઘટના બની હતી.''

કેટલાક પ્રત્યક્ષદર્શીઓ દ્વારા કરવામાં આવેલા આરોપ કે જ્યારે કામ ચાલી રહ્યું હતું ત્યારે ''કોઈ ઈજનેર કે સુપરવાઈઝર'' ટનલની અંદર નહોતા, પણ સત્તાવાળાઓ મૌન સેવી રહ્યા હતા. ■

## જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓ સાથેનાં ઍન્કાઉન્ટરમાં સેનાના સ્નીફર ડૉગનું મોત

નવી દિલ્હીઃ જમ્મુ-કાશ્મીરના અખનુર સેક્ટરમાં આતંકવાદીઓ સાથેનાં ઍન્કાઉન્ટરમાં સેનાના સ્નીફર ડૉગ 'ફેન્ટમ'નું મોત થયું હોવાનું અધિકારીઓએ મંગળવારે કહ્યું હતું.

આતંકવાદીઓને અંકશમાં લેવાની કાર્યવાહીમાં 'ફેન્ટમ' મહત્ત્વની ભૂમિકા ભજવતો હતો.

સેનાની ટુકડીને આતંકવાદીઓના હુમલાથી બચાવવાના પ્રયાસ દરમિયાન ચાર વર્ષના ફેન્ટમને ગોળી વાગી હતી.

ફેન્ટમનો જન્મ મે ૨૦૨૦માં થયો હતો. બૅલ્જિયમ મૅલિનૉઈસના આ સ્નીફર ડૉગની ઑગસ્ટ ૨૦૨૨માં એ વિસ્તારમાં પૉસ્ટિંગ કરવામાં આવી હતી.

ફેન્ટમે અનેક જોખમી મિશનમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. રિમાઉન્ટ વેટરનરી કોર્પ્સ (આરવીસી) સેન્ટરમાંથી તેને લાવવામાં આવ્યો હતો.

ઉચ્ચ કક્ષાની તાલીમ પામેલો ફેન્ટમ પડકારજનક જંગલ વિસ્તારમાં આતંકવાદીઓનો પીછો કરી તેમને શોધી કાઢવામાં મહત્ત્વની ભૂમિકા ભજવતો હતો. ફેન્ટમ આતંકવાદીઓના સંતાવાના ગુપ્ત સ્થળો અને વિસ્ફોટકો પણ શોધી કાઢતો હતો. આ કારણે સુરક્ષા દળના જવાનોને સંપૂર્ણ વિસ્તાર



ઘેરી લેવામાં પણ સરળતા પડતી હતી. ફેન્ટમની બહાદુરીએ અનેકના જીવ બચાવ્યા હતા અને આતંકવાદ વિરુદ્ધની સફળ કાર્યવાહીમાં તેનું મહત્ત્વનું યોગદાન રહ્યું હતું. ભારતીય સેના તેની સેવાને કાયમ યાદ રાખશે.

સુરક્ષા દળના જવાનોએ મંગળવારે જંગલ વિસ્તારમાં સંતાયેલા બે આતંકવાદીને ઠાર માર્યા હતા. આ સાથે જ સુરક્ષા દળે છેલ્લાં ૨૭ કલાકમાં ઠાર મારેલા આતંકવાદીઓની સંખ્યાનો આંક ત્રણ પર પહોંચ્યો હતો. (એજન્સી) ■

## ઓડિશા પોલીસે આંતર-રાજ્ય સોનાના દાગીના ચોરતી ગેંગનો પર્દાફાશ કર્યો; નવ પકડાયા

રાઉરકેલા : ઓડિશાની પોલીસે એક આંતર-રાજ્ય ગેંગનો પર્દાફાશ કર્યો છે, જે કિંમતી વસ્તુઓને સાફ કરવાના નામે ભોળવી સોનાની ચોરી કરતી હતી અને નવ જણની ધરપકડ કરી હતી.

રાઉરકેલા શહેરના સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં ૧૯ સપ્ટેમ્બરે નોંધાયેલી ચોરીની ફરિયાદની તપાસ કરતી વખતે, પોલીસે ટોળકીનો પર્દાફાશ કર્યો હતો અને આરોપીઓ પાસેથી ૧૦૩ ગ્રામ ચોરેલું સોનું, ત્રણ મોટરસાઇકલ, સાત મોબાઇલ ફોન અને અન્ય સામગ્રીઓ કબજે કરી હતી, તેવું એક પોલીસ અધિકારીએ મંગળવારે જણાવ્યું હતું.

ધરપકડ કરાયેલા લોકો બિહાર, પશ્ચિમ બંગાળ, ઝારખંડ અને ઓડિશાના છે અને તેમની ઉંમર ૩૦ થી ૪૨ વર્ષની વચ્ચે છે, એમ તેમણે જણાવ્યું હતું. વેસ્ટર્ન રેન્જના ડીઆઈજી ઓફ પોલીસ બ્રિજેશ કુમાર રાયે જણાવ્યું હતું કે, ગેંગના સભ્યોએ પોતાને જાણીતી ખાનગી કંપનીના એજન્ટ તરીકે ઓળખાવ્યા હતા, જેઓ મફતમાં સોનાના દાગીના સાફ કરવાની ઓફર કરતા હતા. દાગીના સાફ કરવાના બહાને આરોપી ઘરના માલિકોનું ધ્યાન બીજે દોરતો હતો અને સોનાના દાગીના લઈને ગાયબ થઈ જતો હતો.

રાયે જણાવ્યુ હતું કે, સંગઠિત અપરાધ જૂથના સભ્યો બે વ્યક્તિનાં નાનાં જૂથોમાં કાર્યરત હતા અને પ્લાન્ટ સાઇટ પોલીસ સ્ટેશન હેઠળના ગોપાબંધુપાલી વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતા હતા. ૨૦૨૧થી, રાઉરકેલા પોલીસ જિલ્લામાં સમાન ઓપરેન્ડી સાથે આવા ૨૭ કેસ નોંધાયા છે, જેમાંથી ૨૧ કેસમાં ઉપરોક્ત ટોળકી સંડોવાયેલી હોવાનું જાણવા મળ્યું હતું. ■

## મણિપુરમાં આઠની શસ્ત્રો અને દારૂગોળા સાથે ધરપકડ

ઇમ્ફાલ : મણિપુર પોલીસે પ્રતિબંધિત સંગઠન યુનાઇટેડ લિબરેશન ફ્રન્ટ ઓફ મણિપુર (પામ્બેઇ) ના આઠ સભ્યની થૌબલ જિલ્લામાં શસ્ત્રો અને દારૂગોળા સાથે ધરપકડ કરી હતી. મંગળવારે એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું હતું કે યૂએનએલએફ (પી) ના સભ્યોની સોમવારે લોકોને ધમકાવવા અને થૌબલ જિલ્લામાં જમીન સીમાંકન પ્રક્રિયાને રોકવા બદલ ધરપકડ કરવામાં આવી હતી.

તેમની પાસેથી ત્રણ એકે ૪૭ રાઈફલ, બે એકે ૫૬ રાઈફલ, એક એમ-૧૬ રાઈફલ, એક નવ એમએમ પિસ્તોલ, ૧૪૭ એકે ૪૭ લાઈવ રાઉન્ડ એમ્યુનિશન, ૨૦ એમ-૧૬ લાઈવ રાઉન્ડ એમ્યુનિશન, નવ એમએમમાંથી ૨૫ લાઈવ રાઉન્ડ એમ્યુનિશન, સોળ મોબાઈલ હેન્ડસેટ અને એક એસયુવી જપ્ત કરવામાં આવી હતી.આ જૂથે ૨૦૨૩માં કેન્દ્ર સાથે યુદ્ધવિરામ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

પોલીસે સોમવારે ઇમ્ફાલ પશ્ચિમના ટોપ લેઇરાક મચીન વિસ્તારમાંથી પ્રતિબંધિત પીપલ્સ લિબરેશન આર્મીના એક કેડરની પણ ધરપકડ કરી હતી.

પોલીસે જણાવ્યું કે ધરપકડ કરાયેલ કેડર ઇમ્ફાલ વિસ્તારમાં ખંડણીની પ્રવૃત્તિઓમાં સામેલ હતો. ■




વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે કેન્દ્રીય પ્રધાન જે. પી. નડ્ડા અને મનસુખ માંડવિયાની ઉપસ્થિતિમાં દિલ્હીમાં ઑલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઑફ આયુર્વેદ (એઆઈઆઈએ) ખાતે અનેક યોજનાઓનું ઉદ્‌ઘાટન અને શિલારોપણ વિધિ કરી હતી. (એજન્સી)

## દિલ્હી અને પ. બંગાળની સરકાર આયુષ્યમાન ભારત યોજના રાજકીય કારણસર અમલમાં મૂકતી નથી : મોદી

નવી દિલ્હી : દિલ્હી ને પશ્ચિમ બંગાળની સરકારોએ 'રાજકીય હેતુસર' આયુષ્યમાન ભારત હેલ્થ ઈન્શ્યોરન્સ સ્કીમ અમલમાં ન મૂકી એ બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ સરકારોની ઝાટકણી કાઢી હતી. મોદીએ કહ્યું હતું કે આ બે રાજ્યોના વયોવૃદ્ધને વિસ્તરીત કાર્યક્રમ હેઠળ મળનારી મફત સારવારનો લાભ નહીં મળે.

વડા પ્રધાને મંગળવારે તેમની સરકારની આરોગ્ય વીમા યોજના આયુષ્યમાન ભારતનું વિસ્તરણ કરીને ૭૦ વર્ષથી વધારે વયના લોકોને એમાં સામેલ કર્યા હતા.

મોદીએ કહ્યું હતું કે હું દિલ્હી અને બંગાળના વયોવૃદ્ધોની માફી માગું છું, કારણ કે હું તેમની સેવા કરી શકતો નથી. મને તમારા દર્દ અને યાતનાની ખબર પડે છે, પરંતુ હું કંઈ કરી શકતો નથી. આનું કારણ એ છે કે રાજ્ય સરકારો રાજકીય કારણસર આ યોજના લાગુ કરતી નથી. મોદીએ કહ્યું હતું કે ૭૦ વર્ષથી વધારે વયના લોકોને હૉસ્પિટલમાં મફત સારવાર મળશે અને તેમને 'આયુષ્યમાન વયવંદના કાર્ડ' આપવામાં આવશે. જોકે તેમણે ખેદ વ્યક્ત કર્યો હતો કે દિલ્હી અને બંગાળના વૃદ્ધોને આનો લાભ નહીં મળે. ■

## પાકિસ્તાનમાં સંદિગ્ધ અલગાવવાદીઓના હુમલામાં પાંચ કામદારનાં મોત

કરાચીઃ પાકિસ્તાનના અશાંત બલુચિસ્તાનના પ્રાંત પાંજગુર જિલ્લામાં સંદિગ્ધ અલગતાવાદીઓએ મંગળવારે એક ડેમ પર હુમલો કર્યો હતો, જેમાં પાંચ કામદારનાં મોત થયા હતા. બલુચિસ્તાન સરકારના પ્રવક્તા શાહિદ રિંદે કહ્યું કે આતંકવાદીઓએ ડેમ પર કામ કરી રહેલા સુરક્ષા અધિકારીઓ અને મજૂરો પર હુમલો કર્યો હતો. તેમણે કહ્યું હતું કે પાંચ કામદાર માર્યા ગયા હતા, જ્યારે અન્ય બે ઇજાગ્રસ્ત થયા હતા.

તેમણે એ વાતની પૃષ્ટિ કરી નથી કે આ હુમલામાં કોઈ સુરક્ષા અધિકારીનું મોત થયું છે કે નહીં. રિંદે કહ્યું હતું કે હુમલો સવારના સમયમાં જિલ્લાના વિસ્તારમાં થયો હતો. નોંધનીય છે કે ગત ૨૮ સપ્ટેમ્બરે પાંજગુર જિલ્લાના ખુદા અબાદાન વિસ્તારમાં સશસ્ત્ર હુમલાખોરોએ સાત કામદારની હત્યા કરી નાખી હતી. ■

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભારતીયો માટે કૅનેડાના દરવાજા સાવ બંધ થઈ જશે

**ભારત** અને કૅનેડાના તંગ સંબંધોના કારણે ભારતીયો કૅનેડા જવું કે ન જવું તેની અવઢવમાં છે ત્યાં કૅનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએ ભારતીયોની મુશ્કેલી વધારી છે. ટ્રુડોએ ૨૦૨૫થી વિદેશી ટેમ્પરરી કર્મચારીઓની ભારત માટે નિયમ કડક કરી દીધા છે. ટ્રુડોએ 'કૅનેડા ફર્સ્ટ' નામે નવી પોલિસી જાહેર કરીને એલાન કર્યું છે કે, હવે કંપનીઓએ નોકરીમાં કેનેડિયન નાગરિકતાને પ્રાથમિકતા આપવી પડશે.

કૅનેડાની કંપનીઓએ હવે વિદેશી ટેમ્પરરી કર્મચારીઓને નોકરી પર રાખતા પહેલાં એ જણાવવું પડશે કે, તેમને આ હોદ્દા કે ખાલી જગા માટે કૅનેડાની નાગરિક હોય એવી વ્યક્તિ મળી નથી. ટ્રુડોના કહેવા પ્રમાણે, આ નિર્ણય 'અસ્થાયી' છે અને કૅનેડાની વસ્તીમાં થઈ રહેલા વધારાને રોકવા માટે લેવામાં આવ્યો છે. મતલબ કે, ભારતીય સહિતના વિદેશીઓ કૅનેડા આવતાં પહેલાં સો વાર વિચાર કરે એ કારણસર આ નિર્ણય લેવાયો છે.

આ નિર્ણયના કારણે સૌથી મોટો ફટકો ભારતીયોને જ પડવાનો છે કેમ કૅનેડામાં ટેમ્પરરી નોકરી કરનારાંમાં ભારતીયો જ સૌથી વધારે છે. ૨૦૨૩માં કૅનેડામાં કામચલાઉ નોકરીઓ કરનારા કુલ ૧.૮૩ લાખ અસ્થાયી કર્મચારીઓમાંથી ૨૭ હજાર ભારતીય હતા. મતલબ કે, અસ્થાયી નોકરીઓ કરનારામાંથી ૧૫ ટકાથી વધારે ભારતીયો હતા.

કૅનેડામાં અત્યારે નોકરીની મોંકાણ છે જ ત્યાં ટ્રુડો સરકારના આ નિર્ણયથી પ્રવાસીઓ અને યુવાઓમાં બેરોજગારી વધશે. અત્યારે કૅનેડામાં ભણવા જતા ભારતીય વિદ્યાર્થી શોપિંગ મોલ, ફૂડ સ્ટોર અને રેસ્ટોરાંમાં ટેમ્પરરી નોકરીઓ કરે છે અને પોતાનો ખર્ચ કાઢે છે પણ હવે તેમને નોકરી આપતાં પહેલાં નોકરીદાતાએ કૅનેડિયનને કેમ નોકરી ના આપી તેનો ખુલાસો કરવો પડશે. કોઈ વ્યક્તિ કે કંપની આવી પળોજણમાં ના પડે તેથી ભારતીયો માટે તો પડ્યા પર પાટુ જેવી હાલત થશે.

ટ્રુડો સરકારનો નિર્ણય પશ્ચિમની માનસિકતાને છતી કરનારો છે. પશ્ચિમના દેશોની માનસિકતા યુઝ એન્ડ થ્રોની છે. મતલબ કે, ગરજ હોય ત્યાં લગી વાપરો ને પછી ફેંકી દો. ટ્રુડો સરકાર એ જ કામ કરી રહી છે કેમ તે આ ટેમ્પરરી એટલે કે અસ્થાયી નોકરીનો નિયમ તેણે જ બનાવેલો. ટ્રુડો સરકારે ૨૦૨૨માં કોરોનાના વિશ્વવ્યાપી રોગચાળા પછી મજૂરોની અછતને નિવારવા નવા નિયમો બનાવ્યા હતા.

આ નિયમોમાં ટેમ્પરરી નોકરીઓની છૂટ અપાઈ હતી. કૅનેડાની સરકારે આ કાર્યક્રમને ટેમ્પરરી ફોરેન એમ્પ્લોયી પ્રોગ્રામ નામ આપ્યું હતું, આ પ્રોગ્રામ હેઠળ કૅનેડિયન સિવાયના લોકોને રોજગાર સંબંધિત પ્રતિબંધોમાંથી રાહત આપવામાં આવી હતી અને તેમનો પગાર પણ વધારવામાં આવ્યો હતો.

ટ્રુડો સરકારના આ પગલાથી ભારતીય વિદ્યાર્થીઓને ઘણો ફાયદો થયો એ સ્વીકારવું પડે કેમ કે આ પ્રોગ્રામના કારણે ભણવા માટે કેનેડા ગયેલા વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે પાર્ટટાઈમ જોબ કરવાની તક મળી. આ પાર્ટટાઈમ જોબમાંથી તેમનો ભણવાનો ખર્ચો નિકળી જતો તેથી ભારતીયો માટે આ ફાયદાનો સોદો હતો તેમાં શંકા નથી પણ તેના કારણે કૅનેડાને પણ જબરદસ્ત ફાયદો થયો. પહેલાં ભારતીયો ભણવા માટે અમેરિકા જતા પણ તેના બદલે કૅનેડા તરફ વળી ગયા.

ટ્રુડો સરકારના નિર્ણય પછી મોટા ભાગના ભારતીય વિદ્યાર્થીઓએ અમેરિકન યુનિવર્સિટીઓમાં એડમિશન લેવાને બદલે કૅનેડિયન યુનિવર્સિટીઓને પસંદ કરવા માંડી કેમ કે કૅનેડામાં ભણવાનો ખર્ચ ઓછો આવતો, ઝડપથી પરમેનન્ટ રેસિડેન્સી મળતી અને ઝડપથી સિટીઝન પણ બની શકાતું. . ભારતીયો કૅનેડા તરફ પાગલની જેમ ભાગવા માંડેલા ને હજુ ભાગી જ રહ્યા છે. ૨૦૨૪માં લગભગ ૧૩.૩૬ લાખ ભારતીય વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ કરી રહ્યા છે અને તેમાંથી ૩૦ ટકાથી વધારે કેનેડામાં ભણી રહ્યા છે. કૅનેડામાં સૌથી વધુ ૪.૨૭ લાખ વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે.

ટ્રુડોનો નિર્ણય રાજકીય ફાયદા માટે હોવાની ટીકા થઈ રહી છે. કૅનેડામાં આવતા વરસે ચૂંટણી છે પણ બેફામ મોંઘવારી અને વિશેષ તો ઘરોની અછતના કારણે લોકો ટ્રુડો સરકારથી નારાજ છે. ટ્રુડો આ નારાજગીને દૂર કરવા માટે ડોનાલ્ડ ટ્રમ્પના રવાડે ચડીને કૅનેડા ફર્સ્ટનું તૂત લઈ આવ્યા છે પણ કૅનેડાના ઉદ્યોગપતિઓ અને બિઝનેસમેન પોતે આ નિર્ણયથી ખુશ નથી.

કૅનેડિયન ચેમ્બર ઓફ કોમર્સનાં ચેરપર્સન ડાયના વેલાસ્કોએ તો ખુલ્લેઆમ ટ્રુડો સરકારના નિર્ણયની ઝાટકણી કાઢતાં કહ્યું છે કે વિદેશી કામદારોને કામચલાઉ નોકરી આપવાથી દેશને ફાયદો થયો અને કૅનેડા કોરોના પછી આવેલી મંદીનો સામનો કરવામાં સફળ રહ્યું. બહારથી આવેલાં લોકોએ કૅનેડાના અર્થતંત્રને બચાવી લીધું પણ હવે જે નિર્ણયો લેવાઈ રહ્યા છીએ તેનાથી બિઝનેસ કોમ્યુનિટીમાં ખોટો મેસેજ જઈ રહ્યો છે.

ડાયનાએ તો ટ્રુડોના નિવેદનને જ ટાંક્યું છે. ટ્રુડોએ કહેલું કે, બહારથી આવેલાં લોકોએ એટલે કે ઇમિગ્રન્ટ્સે કોરોના દરમિયાન લાદવામાં આવેલા નિયંત્રણોને કારણે થયેલા નુકસાનમાંથી કૅનેડાના અર્થતંત્રને બહાર કાઢવામાં અને અર્થતંત્રને સ્થિર કરવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે પણ હવે તેમાં ફેરફાર કરવો જરૂરી છે કેમ કે કૅનેડાએ પોતાની વસ્તીને સ્થિર કરવી જરૂરી છે.

ડાયનાનું કહેવું છે કે, વિદેશીઓને કારણે ફાયદો થયો એવું ટ્રુડો સ્વીકારે છે પણ હવે તેમને એ લોકો જ નથી જોઈતા. ડાયનાએ કટાક્ષ પણ કર્યો કે, આપણે વધુ વિદેશી રોકાણ ઈચ્છીએ છીએ પણ આપણને વિદેશી કામદારો નથી જોઈતા.

ટ્રુડો કેનેડાની વસતીની સ્થિરતાની વાતો કરી રહ્યા છે એ પણ બકવાસ છે કેમ કે કેનેડામાં એટલી બધી વસતી જ નથી. કેનેડામાં માંડ ૪ કરોડની વસતી છે પણ ઠંડો પ્રદેશ હોવાથી સ્ત્રીઓમાં ફળદ્રુપતા ઓછી છે તેથી મૂળ કૅનેડિયનોના ભરોસે વસતીનું પ્રમાણ જળવાય તેમ જ નથી. નેશનલ સ્ટેટિસ્ટિક્સ એજન્સી અનુસાર,કૅનેડાની વસ્તી ૨૦૨૩ થી ૨૦૨૪ સુધીમાં ૩.૨ ટકા અથવા ૧૩ લાખ વધશે. ૧૯૫૭ પછી આ સૌથી મોટો વાર્ષિક વધારો છે પણ તેની સામે ૧૯૫૭માં કુદરતી રીતે વસતી વધારાનો દર હતો તે અડધો થઈ ગયો છે એ પણ મહત્વનું છે.

ટ્રુડો પોતાના રાજકીય ફાયદા માટે હવે પછી વિદેશી નાગરિકોને કાયમી નાગરિકતા આપવામાં પણ ઘટાડો કરવાના છે. એક વર્ષ પહેલાં કૅનેડામાં ૨૦૨૫ અને ૨૦૨૬માં ૫-૫ લાખ લોકોને નાગરિકતા આપવાનો નિર્ણય લીધો હતો પણ હવે તેમાં પણ ફેરફાર થશે તેથી કૅનેડામાં નાગરિકતા મેળવવી પણ મુશ્કેલ બનશે એ જોતાં ભારતીયો માટે કૅનેડાના દરવાજા સાવ બંધ થઈ જાય એ દિવસો દૂર નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌરહેમંતઋતુ પ્રારંભ), બુધવાર, તા. ૩૦-૧૦-૨૦૨૪ કાળી ચૌદસ, શિવરાત્રિ

- ભારતીય દિનાંક ૮, માહે કાર્તિક, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, આશ્વિન વદ -૧૩
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે આશ્વિન, તિથિ વદ-૧૩
- પારસી શહેનશાહી રોજ ૧૭મો સરોશ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૭મો સરોશ, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૩મો તીર, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૬મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૭મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર હસ્ત રાત્રે ક. ૨૧-૪૨ સુધી, પછી ચિત્રા.
- ચંદ્રઃ કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૩૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૪ સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૨ સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સવારે ક. ૧૦-૩૭, રાત્રે ક. ૨૩-૧૪
- ઓટઃ સાંજે ક. ૧૬-૪૨, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૫૯ (તા. ૩૧)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, આશ્વિન કૃષ્ણ - ત્રયોદશી. કાળી ચૌદસ, શિવરાત્રિ, ઉલ્કા દર્શન, વિષ્ટિ ક. ૧૩-૧૬થી ૨૬-૩૬.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શિવરાત્રિ, દિપદાન, ઈષ્ટ દેવતાનું પૂજન, મંત્રજાપ, અનુષ્ઠાન, મહાકાલી માતાની - હનુમાનજીની પૂજા, પીપળાનું પૂજન. ચંદ્ર-બુધ ગ્રહ દેવતાનું પૂજન, નવા વસ્રો, આભૂષણ, મહેંદી, વિદ્યારંભ, હજામત, શાંતિ પૌષ્ઠિક, સર્વશાંતિ પૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- કાળી ચૌદસ મહિમાઃ નવરાત્રી, દીપાવલી જેવા પર્વોની ઉજવણીમાં ધર્મના પાલનનો મર્મ રહેલો છે. ધર્મમાં અગમ્યને ગમ્ય અને અમંગળને મંગળ બનાવવાની શક્તિ છે. આમ અમંગળને મંગળ બનાવે ધર્મ .દિવાળનો પ્રકાશ લાવે તે કાળી ચૌદશ. કાળી ચૌદશમાં ચૌમુખ દીવો પ્રગટાવવાનો મહિમા છે.એ દિવસે પ્રગટાવેલા ચૌમુખ દીવાનાં તેજકિરણો દૂર દૂર સુધી પ્રસરતાં રહે છે. સાજે ઘરમાંથી કકળાટ કાઢવાની પર્વની પવિત્ર પરંપરા છે. શક્તિ ઉપાસકો આજરોજ પોતાના કુલદેવી, માં અંબાની આરાધના કરે છે. શિવ ઉપસકો શિવ રુદ્રાભિષેક, જપ અનુષ્ઠાન, મંત્ર યંત્ર સાધના કરે છે.
- આચમનઃ ચંદ્ર-શુક્ર અર્ધત્રિકોણ લોકપ્રિય, બુધ-હર્ષલ પ્રતિયુતિ કટાક્ષપ્રિય, ચંદ્ર-ગુરુ ત્રિકોણ આવકારદાયક સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર અર્ધત્રિકોણ, બુધ-હર્ષલ પ્રતિયુતિ (તા. ૩૧), ચંદ્ર-ગુરુ ત્રિકોણ (તા. ૩૧),
- ગ્રહગોચરઃ સૂર્ય-તુલા, મંગળ-કર્ક, બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર-વૃશ્ચિક, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# યુવાનોને તક મળે તેવી સિસ્ટમ સરકાર તૈયાર કરી રહી છેઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે ભારપૂર્વક કહ્યું હતું કે દેશના યુવાનો તેમની મહત્ત્વાકાંક્ષા પૂરી કરી શકે તે માટેની તક પૂરી પાડતી સિસ્ટમ સરકાર તૈયાર કરી રહી છે.

સરકારી નોકરી માટે ૫૧,૦૦૦ નિમણૂક પત્રોનું વિતરણ કર્યા બાદ રોજગાર મેળાને સંબોધન કરતા મોદીએ કહ્યું હતું કે સરકાર નવી ટૅક્નોલૉજી અને સ્પેસ તેમ જ સેમીકન્ડક્ટર જેવા આધુનિક ક્ષેત્રોને વેગ આપવાના પ્રયાસ કરી રહી છે જેને કારણે રોજગારની નવી તકો ઊભી થશે.

વીડિયો કૉન્ફરન્સ મારફતે સંબોધન કરતા મોદીએ કહ્યું હતું કે અગાઉની સરકારમાં ઈરાદાઓ અને નીતિનો અભાવ હોવાને કારણે દેશ અત્યાધુનિક ટૅક્નોલૉજી સહિતના ક્ષેત્રમાં પાછળ રહી ગયો હતો.

અગાઉની સરકાર જૂની અને આઉટડેટેડ ટૅક્નોલૉજી દેશમાં લાવતી હતી જેને કારણે દેશ પાછળ રહી ગયો હતો, એમ મોદીએ કહ્યું હતું.

અગાઉની સરકારે એ પ્રકારની માનસિકતા વિકસાવી હતી કે અત્યાધુનિક ટૅક્નોલૉજી આપણા દેશમાં નહીં વિકસી શકે. અગાઉની સરકારની આ માનસિકતાએ દેશને ઘણુ નુકસાન કરાવ્યું હતું એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે વર્તમાન સમયમાં જો દેશમાં આધુનિક ઉદ્યોગો રોજગારનું નિર્માણ કરતા ન હોત તો રોજગારની નવી તકો ઊભી કરવાનું મુશ્કેલ બન્યું હોત.

અગાઉની સરકારની માનસિકતામાંથી દેશને બહાર લાવવાના અમારી સરકારે પ્રયાસો શરૂ કર્યા છે.

વધુમાં વધુ લોકોને રોજગાર પૂરો પાડવા અમારી સરકાર પ્રતિબદ્ધ છે અને એ માટે અમે એક્સપ્રેસ વે, હાઈવે, બંદરો, રેલવે નેટવર્ક અને ઍરપોર્ટના નિર્માણ સહિતનાં કાર્યો શરૂ કર્યા છે, એમ તેમણે કહ્યું હતું.

પાણી અને ગૅસની પાઈપલાઈન બેસાડવામાં આવી રહી છે, નની સ્કૂલો અને કૉલેજો શરૂ કરવામાં આવી રહી છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે વિકાસના કાર્યો માત્ર દેશના લોકોને સુવિધાઓ જ પૂરી નથી પાડતા, પરંતુ રોજગારની નવી તકો પણ ઊભી કરે છે. ધનતેરસ નિમિત્તે લોકોને શુભેચ્છા આપતા તેમણે કહ્યું હતું કે અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ અને રામલલ્લાની મૂર્તિની સ્થાપના કરવામાં આવ્યા બાદની આ પ્રથમ જ દિવાળી હોવાને કારણે આ વરસની દિવાળી વિશેષ મહત્ત્વ ધરાવે છે.

આ ક્ષણ માટે લોકોએ પેઢીઓ સુધી રાહ જોઈ છે, એમ તેમણે કહ્યું હતું.

સ્થાનિક ઉત્પાદકોને પ્રોત્સાહન આપવા સરકારે પ્રોડક્શન લિંન્કડ ઈન્સેન્ટિવ (પીએલઆઈ) સ્કીમ શરૂ કરી હોવાનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે અમારી સરકાર રોજગારની નવી તકો ઊભી કરવાના તમામ પ્રયાસ કરી રહી છે.

મોટા પ્રમાણમાં નવા રોકાણકારો આવી રહ્યા હોવાને કારણે દેશમાં રોજગારની વિક્રમજનક તકો ઊભી થઈ રહી છે, એમ તેમણે કહ્યું હતું.

અમારી સરકારની દેખરેખ હેઠળ ૧.૫ લાખ કરતા પણ વધુ સ્ટાર્ટ અપ્સ શરૂ થયાં છે એમ જણાવતા તેમણે કહ્યું હતું કે સરકારના પૅઈડ ઈન્ટર્નશિપ પ્રોગ્રામ અંતર્ગત આવનારાં પાંચ વર્ષમાં એક કરોડ કરતાં પણ વધુ યુવાનોને રોજગારની નવી તક મળશે.

ભારતીય યુવાનો માટે ઈમિગ્રેશન અને ઍમ્પ્લોયમેન્ટની સુવિધા માટે ૨૧ દેશ સાથે કરાર કરવામાં આવ્યા હોવાનું તેમણે કહ્યું હતું. સરકારી કર્મચારીઓ સેવક છે શાસક નહીં, એમ જણાવી તેમણે કર્મચારીઓને વિશ્વ માટે દૃષ્ટાંતરૂપ પુરવાર થાય તે રીતે કામ કરવાની સલાહ આપી હતી. (એજન્સી) ■

# રાજસ્થાનના સિકરમાં બસ અકસ્માતમાં ૧૨નાં મોત

જયપુર : રાજસ્થાનના સિકર જિલ્લામાં મંગળવારે બપોરે બસ ફ્લાયઓવરની દીવાલ સાથે અથડાતા ૧૨ જણનાં મોત થયાં હતાં અને ૩૬થી વધારે લોકોને ઘાયલ થયા હતા, એવી માહિતી પોલીસે આપી હતી.

પોલીસના જિલ્લા સુપરિટેન્ડન્ટ ભુવન ભુષણ યાદવે કહ્યું હતું કે ખાનગી બસ સાલાસરથી લક્ષ્મણગઢ જઈ રહી હતી. લક્ષ્મણગઢમાં બસ ટર્ન લેતી વખતે ફ્લાયઓવરની દીવાલ સાથે અથડાઈ હતી. અકસ્માતમાં ૧૨ જણ મરણ પામ્યા હતા અને ૩૬થી વધારે લોકો ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્તોને સિકર અને લક્ષ્મણગઢની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. (એજન્સી) ■

# બાઈડન, ટ્રમ્પની ગુપ્ત હરફર ફિટનેસ એપથી જાણી શકાતી હોવાનો દાવો

પેરિસઃ ફ્રાંસના એક અખબાર 'લે મોન્ડે' દાવો કર્યો હતો કે અમેરિકાના પ્રમુખ જૉ બાઇડન, અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ અને હાલમાં પ્રમુખપદની ચૂંટણીના ઉમેદવાર ડોનલ્ડ ટ્રમ્પ અને અમેરિકાનાં ઉપપ્રમુખ તેમ જ પ્રમુખપદની ચૂંટણીનાં ઉમેદવાર કમલા હેરિસ સહિત વિશ્વના અનેક નેતાની ગુપ્ત હરફર (હિલચાલ)ને તેઓના અંગરક્ષકો દ્વારા વપરાતા ફિટનેસ એપની મદદથી સરળતાથી ઓનલાઇન ટ્રેક કરી શકાય છે.

ફ્રાંસના આ અખબારે જણાવ્યું હતું કે અમેરિકાના અમુક સિક્રેટ સર્વિસ એજન્ટ્સ દ્વારા 'સ્ટ્રાવા ફિટનેસ એપ' વપરાય છે.

આ એપ સામાન્ય રીતે દોડવીરો અને સાઇકલિસ્ટ્સ દ્વારા પોતાની કામગીરીને પોતાની કમ્યુનિટી સાથે શેર કરવા ઉપયોગમાં લેવાય છે.

લે મોન્ડે જણાવ્યું હતું કે સ્ટ્રાવાનો ઉપયોગ ફ્રાંસના પ્રમુખ એમ્યુનેલ મેક્રોન અને રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનના સિક્યોરિટી સ્ટાફ દ્વારા પણ કરાય છે.

દાખલા તરીકે 'સ્ટ્રાવા ફિટનેસ એપ'ની મદદથી ફ્રાંસના પ્રમુખ એમ્યુનેલ મેક્રોનના અંગરક્ષકો પ્રમુખની ૨૦૨૧માંની દરિયાકિનારાની રિસોર્ટ ખાતેની હરફરની નોંધ લેતા હતા.

આમ છતાં, અમેરિકાની સિક્રેટ સર્વિસે દાવો કર્યો હતો કે અમારા કર્મચારીઓને અંગત ઇલેક્ટ્રોનિક ડિવાઇઝ વાપરવા નથી દેતા, પરંતુ તેઓ ફરજ પર ન હોય ત્યારે અંગત સોશિયલ મીડિયા અકાઉન્ટનો ઉપયોગ કરી શકે છે. (એજન્સી) ■

# જમ્મુ-કાશ્મીરમાં વધતા આતંકી હુમલાથી ઍલર્ટ સૈન્ય, સરહદી જિલ્લાઓમાં વધાર્યું પેટ્રોલિંગ

રાજૌરી/જમ્મુ : આતંકવાદી હુમલાઓને ધ્યાનમાં રાખીને ભારતીય સૈન્યએ આધુનિક સર્વેલન્સ સાધનો અને શસ્ત્રોથી સજ્જ થઇને જમ્મુ અને કાશ્મીરના રાજૌરી અને પૂંછ સરહદી જિલ્લાઓના ગાઢ જંગલોમાં પેટ્રોલિંગ વધારી દીધું છે. અધિકારીઓએ આ માહિતી આપી હતી. નોંધનીય છે કે આ વિસ્તારોમાં છેલ્લા બે સપ્તાહમાં સાત હુમલા થયા છે, જેમાં બે સૈનિક સહિત ૧૩ લોકો માર્યા ગયા છે. આ ઘટનાક્રમ વચ્ચે ભારતીય સેના આ ક્ષેત્રમાં ફરીથી વર્ચસ્વ મેળવવા માટે આક્રમક યોજના અમલમાં મુકવા જઇ રહી છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે આ રણનીતિ હેઠળ નિયંત્રણ રેખા અને અંતરિયાળ વિસ્તારોમાં આતંકવાદી ગતિવિધિઓ પર નજર રાખવા માટે નિયમિત પેટ્રોલિંગ, શંકાના આધારે ઘેરાબંધી અને સર્ચ ઓપરેશન્સ અને ગુપ્ત માહિતીના આધારે ઓપરેશન ચલાવવામાં આવી રહ્યા છે. રાજૌરી અને પૂંછ જિલ્લામાં આર્મીની રાષ્ટ્રીય રાઇફલ્સના જવાનો પડકારરૂપ પરિસ્થિતિ છતાં વિશેષ રીતે ગાઢ જંગલ વિસ્તારોમાં નિયમિત અને આક્રમક સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે.

એલઓસી પાસેના વિસ્તારોમાં તપાસ કરવા અને સરહદ પારથી થતી ઘૂસણખોરીને અટકાવવા માટે કોઇ પણ સંદિગ્ધ ગતિવિધિ પર નજર રાખવા માટે તેમને ડ્રોન, ક્વોડકોપ્ટર, આધુનિક શસ્ત્રો અને સર્વેલન્સ સાધનો આપવામાં આવ્યા છે. તેમણે કહ્યું હતું કે સેનાના જવાનો ટેક્નિકલ અને માનવીય બન્ને માધ્યમથી ગાઢ જંગલ વિસ્તારો પર નજીકથી નજર રાખી રહ્યા છે. તેઓ ખાસ કરીને તાજેતરની આતંકવાદી ઘટનાઓ જ્યાં બની છે તેવા સંવેદનશીલ વિસ્તારોમાં તકેદારી રાખી રહ્યા છે, જ્યારે જંગલોમાં પેટ્રોલિંગ પણ સઘન કરવામાં આવ્યું છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, ભારતીય સેના રાજૌરી અને પૂંછના અંતરિયાળ વિસ્તારોમાં તૈનાત તેના જવાનોને તૈયાર રાખવા માટે વિશેષ તાલીમ સત્રો અને ફાયરિંગ પ્રેક્ટિસ કેમ્પનું આયોજન કરી રહી છે.

છેલ્લા કેટલાક મહિનામાં વારંવાર થયેલા આતંકવાદી હુમલા બાદ જમ્મુ-કાશ્મીરના આંતરિક વિસ્તારોમાં સુરક્ષા સઘન કરવામાં આવી છે. હાલમાં જમ્મુના અખનૂર વિસ્તારમાં ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે, જ્યાં ત્રણ આતંકીને ઠાર કરવામાં આવ્યા છે.

તેમણે કહ્યું કે અંતરિયાળ વિસ્તારોમાં ફરજ પર તૈનાત જવાનોના ફાયરિંગ અને ઓપરેશનલ કૌશલ્યને વધારવા માટે ભારતીય સેના નિયમિતપણે વિશેષ તાલીમ કેપ્સ્યુલ્સનું આયોજન કરે છે. તેમણે કહ્યું કે આ વિશેષ ફાયરિંગ પ્રેક્ટિસ સત્રો ગાઢ જંગલ વિસ્તારોમાં આયોજિત કરવામાં આવે છે, જ્યાં સૈન્યની ટીમો એક સાથે આતંકવાદ વિરોધી કામગીરી અને તાલીમનું આયોજન કરે છે. આ સત્રોમાં આર્મીના જવાનોને પિસ્તોલ જેવા નાના હથિયારો અને એકે રાઇફલ્સ જેવા શસ્ત્રો અને સ્થિર અને હલનચલન કરતા બંને લક્ષ્યો પર ફાયર કરવા માટેની તાલીમ આપવામાં આવે છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, સૈનિકોને કોઈપણ આતંકવાદી ઘટના પછી ઝડપી કાર્યવાહીની રણનીતિની સતત તાલીમ પણ આપવામાં આવે છે, જેમાં ઝડપી પ્રતિક્રિયા માટે વિશેષ બુલેટપ્રૂફ વાહનોનો ઉપયોગ સામેલ છે. ■

# લિબિયામાં બૉટ ડૂબીઃ ૧૨નાં મોત

કૈરોઃ ઈજિપ્ત અને સિરિયાથી સ્થળાંતર કરીને યુરોપ જઈ રહેલા ૧૩ જણ સહિતની બૉટ લિબિયાના સમુદ્રમાં ડૂબી જતાં ૧૨ જણનાં મોત થયાં હોવાનું સ્થાનિક વહીવટીતંત્રએ જણાવ્યું હતું. આ

લિબિયામાં સ્થળાંતર કરીને આવેલા લોકોને માનવીય સહાય પૂરી પાડતા અલ-અબ્રિન ગ્રૂપે જણાવ્યું હતું કે સોમવારે સાંજે ટોબ્રુક શહેરથી ૬૦ કિ.મી.ના અંતરે આ દુર્ઘટના બની હતી. દુર્ઘટનામાં માત્ર એક જ વ્યક્તિ બચી જવા પામી હતી અને અન્યોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હોવાનું તેમણે કહ્યું હતું.

ગેરકાયદે સ્થળાંતર કરીને આવતા લોકો પર અંકુશ આણવા કામ કરી રહેલા અધિકારીએ પણ આ ઘટના બની હોવાના અહેવાલને સમર્થન આપ્યું હતું.

ગયા મહિને ૩૨ જણને લઈ જતી બૉટ ડૂબી જતાં એક વ્યક્તિનું મોત થયું હતું ને અન્ય બાવીસ ગુમ થયા હોવાનું તેમણે કહ્યું હતું. લિબિયામાં પ્રવર્તી રહેલી અસ્થિર પરિસ્થિતિનો માનવ તસ્કરી કરતાં લોકો લાભ ઉઠાવી રહ્યા છે અને આ પ્રકારની પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત થયા છે. ગયા વરસે ગેરકાયદે સ્થળાંતર કરનારા ૯૬૨ લોકોનાં મોત થયાં હોવા ઉપરાંત ૧,૫૬૩ ગુમ થયા હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

પહેલા પાનાનું ચાલુ

## ઉત્તર ગાઝામાં

ન હતી. આ હુમલો ઈઝરાયલની સરહદ નજીક ઉત્તરીય શહેર બીત લહિયામાં થયો હતો, જ્યાં ઈઝરાયલ છેલ્લા ત્રણ અઠવાડિયાથી મોટું ઓપરેશન ચલાવી રહ્યું છે. ગાઝામાં પેલેસ્ટિનિયન હેલ્થ મિનિસ્ટ્રીએ કહ્યું હતું કે હમાસ અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં ૪૩,૦૦૦ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે.

નોંધનીય છે કે હમાસ વિરુદ્ધ યુદ્ધ લડી રહેલી ઈઝરાયલની સેનાને મોટી સફળતા મળી છે. ઈઝરાયલી દળોએ ઉત્તરી ગાઝામાં કમાલ અદવાન હોસ્પિટલ પર દરોડા દરમિયાન લગભગ ૧૦૦ શંકાસ્પદ હમાસ આતંકવાદીઓને પકડી લીધા હતા. આમાં તે આતંકવાદીઓનો પણ સમાવેશ થાય છે જેમણે નાગરિકોને બહાર કાઢતા સમયે ભાગવાનો પ્રયાસ કર્યો હતો. સેનાને હોસ્પિટલની અંદરથી હથિયારો, આતંકી ફંડ અને ગુપ્તચર દસ્તાવેજો મળી આવ્યા હતા.

કમાલ અદવાન હોસ્પિટલના ડાયરેક્ટર ડોક્ટર હોસમ અબુ સફિયાએ જણાવ્યું હતું કે હુમલામાં ઘાયલ થયેલા લોકોની સંખ્યા જોઇને તેઓ સ્તબ્ધ થઇ ગયા હતા. ઇઝરાયલી દળોએ સપ્તાહના અંતે તબીબી સુવિધા પર દરોડા પાડ્યા હતા, ડઝનબંધ ડોક્ટરોની અટકાયત કરી હતી. આ મહિને ઇઝરાયલે ઉત્તર ગાઝાને આપનારી સહાયતા પર પ્રતિબંધ લગાવી દીધો હતો.

પેલેસ્ટિનિયનોને ડર છે કે ઇઝરાયલ એક યોજના ઘડી રહ્યું છે જે હેઠળ ઉત્તરમાંથી લોકોને સ્થળાંતર કરવાનો આદેશ આપી શકે છે. અને ત્યાં રહેલા કોઇ પણને આતંકવાદી માનવા જોઈએ. જોકે સૈન્યએ નકારી કાઢ્યું છે કે તે આવી કોઈ યોજના લાગુ કરવા જઇ રહ્યું છે. સ્થાનિક આરોગ્ય સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, ઇઝરાયલના હુમલામાં ૪૩,૦૦૦ થી વધુ પેલેસ્ટિનિયનો માર્યા ગયા છે. ૨.૩ મિલિયનની વસ્તીમાંથી લગભગ ૯૦ ટકા લોકો તેમના ઘરોમાંથી વિસ્થાપિત થયા છે. ■

## અયોધ્યામાં આજે

તબક્કામાં પહોંચી છે. આ કાર્યક્રમમાં લેસર, સાઉન્ડ અને ડ્રોન શો પણ યોજાશે.

અયોધ્યામાં રામલલાના મંદિરમાં મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરાઇ ત્યારથી આ શહેરમાં વહીવટીતંત્ર દ્વારા મોટા પાયે દીપોત્સવ ઊજવવામાં આવે છે.

અયોધ્યાના દીપોત્સવમાં મ્યાનમાર, નેપાળ, થાઇલેન્ડ, મલયેશિયા, કમ્બોડિયા અને ભારતના ઉત્તરાખંડના કલાકારો રામલીલા રજૂ કરશે.

આ ઉપરાંત, દેશના વિવિધ રાજ્યના કલાકારો પણ પોતાના કાર્યક્રમ રજૂ કરશે.

પશુ સંવર્ધન વિભાગે આ કાર્યક્રમમાં ૧,૫૦,૦૦૦ 'ગૌ-દીપ' પ્રગટાવવાનું નક્કી કર્યું છે.

રામજન્મભૂમિ મંદિર ખાતે સ્વચ્છતા જળવાઇ રહે અને હવાનું પ્રદૂષણ ન થાય, તેનું પણ ખાસ ધ્યાન રાખવામાં આવશે.

અયોધ્યાના વિવિધ ઘાટ ખાતે ૩૦ ઑક્ટોબરે ૩૦,૦૦૦થી વધુ સ્વયંસેવક દીવડા પ્રગટાવશે અને વિવિધ કાર્યક્રમના આયોજનમાં સાથસહકાર આપશે.

સલામતીના કારણસર સરયૂ નદીના કિનારા પરની 'રામ કી પૈડી' જતાં ૧૭ રસ્તા બંધ કરી દેવાયા છે. દૂરદર્શન અને સોશિયલ મીડિયા પર આ કાર્યક્રમનું સીધું પ્રસારણ કરાશે.

રામમંદિર અને આખા અયોધ્યામાં ત્રાસવાદ-વિરોધી દળ, કેન્દ્રીય અનામત પોલીસ દળ, એસટીએફના કમાંડો ગોઠવી દેવાયા છે. વરિષ્ઠ પોલીસ સુપરિન્ટેન્ડટ રાજકરણ નાયર પણ સમગ્ર સલામતી વ્યવસ્થા પર નજર રાખી રહ્યા છે.

દીવડા પ્રગટાવવાથી કે અન્ય રીતે મંદિરને સુશોભિત કરવાથી કોઇ ડાઘ ન લાગે કે અન્ય કોઇ પ્રકારનું નુકસાન ન થાય, તેનું ધ્યાન નિવૃત્ત પોલીસ ઇન્સ્પેક્ટર જનરલ આશુ શુકલ રાખી રહ્યા છે.

જિલ્લાના માહિતી અધિકારી સંતોષ દ્વિવેદીએ જણાવ્યું હતું કે અયોધ્યામાં આ કાર્યક્રમ વિવિધ સ્થળેથી જોઇ શકાય, તે માટે ઘણી જગ્યાએ એલઇડી વૉલ્સ અને વૅન્સની વ્યવસ્થા કરાઇ છે. (એજન્સી) ■

## બાઈડને વાઈટ હાઉસમાં

કમલા હેરિસ અને ફર્સ્ટલેડી ડૉક્ટર જિલ બાઈડેને હાજરી આપી નહોતી, કારણ કે તેઓ ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છે. બાઈડેનના પ્રવચન પહેલાં વાઈસ એડમિરલ અને અમેરિકાના સર્જયન જનરલ વિવેક એચ. મૂર્તિએ ભાષણ કર્યું હતું અને નૌકાદળના ભૂતપૂર્વ ઓફિસર અને નાસાના અવકાશવીર સુનીતા વિલિયમ્સે અવકાશમાંથી વીડિયો મોકલાવ્યો હતો. ભારતીય-અમેરિકન યુવા એક્ટિવિસ્ટ સૃષ્ટિ અમુલાએ પ્રમુખનો પરિચય આપ્યો હતો.

બાઈડને કહ્યું હતું કે ૨૦૧૬ના નવેમ્બરમાં દક્ષિણએશિયા સહિતના વસાહતીઓ સામે નફરત અને દુશ્મનાવટનું વાતાવરણ ઊભું કરાયું હતું. હવે ૨૦૨૪માં આવી વાતો ફરી સંભળાય છે. ત્યારે જિલ અને મેં દિવાળીનો પહેલો સમારોહ રાખ્યો હતો. તે ઉપપ્રમુખના નિવાસસ્થાને હતો. એ સમયે ઈરિશ કેથલિક પ્રેસિડન્ટ અને તત્કાલીન ઉપપ્રમુખ તરીકે મેં અમારું ઘર બૌદ્ધો, જૈનો, શીખો અને બીજાઓની ઉજવણી માટે ખુલ્લું મૂક્યું હતું. અમેરિકા આપણને બધાને પ્રકાશ બનવાની શક્તિની યાદ અપાવે છે.

બાઈડેને વાઈઠ હાઉસના બ્લુ રૂમમાં દીવો પ્રગટાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે સાઉથ એશિયન કમ્યુનિટીએ અમેરિકાનું જીવન સમૃદ્ધ બનાવ્યું છે. આ સત્ય છે. આ કોમનો અમેરિકામાં સૌથી ઝડપથી વિકાસ થઈ રહ્યો છે. (એજન્સી) ■

## કેરળના મંદિરમાં

રાખવામાં આવી ન હતી. બંને વચ્ચે ઓછામાં ઓછું ૧૦૦ મીટરનું અંતર જાળવવાની જરૂરિયાતનું પાલન કરવામાં આવ્યું ન હતું. ફટાકડાના સંગ્રહ માટે પણ કોઈ પરવાનગી લેવામાં આવી ન હતી,'' એમ તેમણે ઉમેર્યું હતું.પોલીસના જણાવ્યા અનુસાર, એવી આશંકા છે કે આ દુર્ઘટના ત્યારે થઈ જ્યારે વીરકાવુ મંદિર પાસે ફટાકડાના સ્ટોરેજ ફેસિલિટીમાં આગ લાગી. આ અકસ્માત મધ્યરાત્રિની આસપાસ થયો હતો. ■

# વડા પ્રધાન મોદી ૩૧ ઓક્ટો.એ એકતાનગર ખાતે ૨૮૪ કરોડના પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૩૧ ઓક્ટોબરના રોજ સરદાર પટેલ જન્મજયંતિ નિમિત્તે એકતા નગર સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાતે આવી રહ્યાં છે. વડા પ્રધાન મોદી રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે નર્મદા જિલ્લાના એકતાનગરની મુલાકાત લેશે અને આ સમગ્ર વિસ્તારને વિવિધ વિકાસ કાર્યો અને પ્રવાસન આકર્ષણોની ભેટ આપીને આ અવસરને યાદગાર બનાવશે. વડા પ્રધાન એકતાનગરમાં ૨૮૪ કરોડથી વધુના પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કેવડિયા ખાતે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યૂ ઑફ યુનિટી' વિશ્વભરના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. હવે વડા પ્રધાન દ્વારા બોન્સાઈ ગાર્ડન, સુએજ ટ્રિટમેન્ટ પ્લાન્ટ, સરદાર સરોવર ડેમ એક્સપિરિયન્સ સેન્ટર જેવા પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત અને સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, ટ્રાફિક સર્કલ્સ, સ્માર્ટ બસ સ્ટોપનું ઉદઘાટન થવાનું છે, જે એકતાનગરના વિકાસને વેગ આપશે.

નરેન્દ્ર મોદી ૩૧ ઓક્ટોબરે એકતાનગર ખાતે સબ-ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ, ટ્રાફિક સર્કલ્સ, સ્માર્ટ બસ સ્ટોપ, સીઈએસએલ-કાર ચાર્જિંગ પોર્ટ, ૪ મેગાવોટ સોલર પ્રોજેક્ટ, આઈસીયુ ઓન-વ્હિલ્સનું લોકાર્પણ કરશે. નાગરિકોને મૂળભૂત તબીબી સુવિધાઓ ઉપલબ્ધ થાય એ માટે ૨૨ કરોડના ખર્ચે ૫૦ બેડની ક્ષમતા ધરાવતી સબ-ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં ટ્રોમા સેન્ટર, ગાયનેક ઓટી, માઈનોર ઓટી, ઓટી રૂમ, સિટી સ્કેન, આઈસીયુ, લેબર રૂમ, સ્પેશિયલ વોર્ડ, ફિઝિયોથેરાપી વોર્ડ, સર્જન કેબિન, મેડિકલ સ્ટોર, ૧ એમ્બ્યુલન્સ વગેરે સુવિધા મળશે. આ ઉપરાંત, ૨ આઈસીયુ ઓન-વ્હિલ્સનું પણ લોકાર્પણ થશે.

આ ઉપરાંત, ટ્રાફિકનું સુવ્યવસ્થિત મેનેજમેન્ટ અને શહેરની સુંદરતા વધારવાના હેતુથી ૨.૫૮ કરોડના ખર્ચે એકતાનગર ૩ રસ્તા, ગરુડેશ્વર ચોક, ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્કની સામે અને સહકાર ભવન પાસે ટ્રાફિક સર્કલ બનાવવામાં આવ્યા છે. પદયાત્રીઓની સલામતી માટે એકતા નગરમાં ૧૦ સ્થળે પુશ બટન પેડેસ્ટ્રિયન ક્રોસિંગ, રેવા ભવન પાસે કાર ચાર્જિંગ પોઈન્ટ, એસઆરપી ફોર્સ માટે રનિંગ ટ્રેકનું પણ લોકાર્પણ કરશે. બસ ખાડીથી વ્યુપોઈન્ટ-૧ સુધીનો વોકવે, એકતા દ્વારથી શ્રેષ્ઠ ભારત ભવન સુધીનો વોકવે (ફેઝ-૧)નું પણ વડા પ્રધાનશ્રી લોકાર્પણ કરશે. આ ઉપરાંત, પ્રવાસીઓ મિયાવાકી ફોરેસ્ટના વિસ્તરણ અને હેલીપેડ રોડના બ્યુટીફિકેશનના પણ સાક્ષી બનશે. વડા પ્રધાન મોદીના હસ્તે ૨૩.૨૬ કરોડના ખર્ચે ૪ મેગાવોટ સોલાર પ્રોજેક્ટનું પણ લોકાર્પણ થશે.

વધુમાં વડા પ્રધાન એકતા નગર ખાતે ૩૧ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ ૭૫ કરોડના ખર્ચે બનવા જઈ રહેલા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું ખાતમુહૂર્ત કરશે. આ ઉપરાંત, ફાયર સ્ટાફ રેસિડેન્શિયલ ક્વાર્ટર્સ, સરદાર સરોવર ડેમ એક્સપિરિયન્સ સેન્ટરનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવશે. વડા પ્રધાન ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપતા બોન્સાઈ ગાર્ડનનું પણ ખાતમુહૂર્ત કરશે જે જૈવ વિવિધતા સંરક્ષણને પ્રોત્સાહન આપશે. આ વિશ્વ કક્ષાનું બોન્સાઈ ગાર્ડન જટિલ બોન્સાઈ કળાને પ્રોત્સાહન આપશે અને બાગાયત, સૌંદર્યશાસ્ત્ર અને સાંસ્કૃતિક વારસાને જોડશે. ■

# ગુજરાતની ચાર મનપા અને ચાર પાલિકાને ૧૬૬૪ કરોડની દિવાળી ભેટ

(અમારા પ્રતિનિધી તરફથી)

અમદાવાદઃ ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત અમદાવાદ, વડોદરા, સુરત અને ગાંધીનગર મહાનગરોને વિવિધ ૫૦૨ જેટલાં વિકાસકામો માટે કુલ ૧૬૬૪ કરોડ રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી. આ ઉપરાંત રાજ્યની ચાર નગરપાલિકાઓ ભચાઉ, ધાનેરા, ડાકોર અને ખેડબ્રહ્માને ભૂગર્ભ ગટર યોજના ભાગ-૨ના કામો માટે કુલ રૂ. ૬૭.૭૦ કરોડની ફાળવણી કરવાની પણ સૈદ્ધાંતિક અનુમતિ આપી હતી. રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે આ સંદર્ભમાં મુખ્ય પ્રધાન સમક્ષ રજૂ કરેલી દરખાસ્તોને તેમણે અનુમતિ આપી હતી.

આ બહુહેતુક યોજનામાંથી નગરો-મહાનગરોમાં ટ્રાફિક ભારણ સરળ કરવા, ફ્લાયઓવરબ્રિજ નિર્માણ માટે, અર્બન મોબિલિટી માટે, તેમજ નગરની આગવી ઓળખ ઊભી કરતાં કામો સાથે રોડરસ્તા, ડ્રેનેજ, પાણી પુરવઠા, સ્ટ્રીટલાઈટ, જેવા સામાજિક અને ભૌતિક આંતર-માળખાકીય વિકાસનાં કામો માટે નાણાં ફાળવણી કરવામાં આવે છે.

ભૂપેન્દ્ર પટેલે સુરત મનપાને ૩૮૦ કરોડ રૂપિયા છ ફ્લાય ઓવરબ્રિજના કામો માટે ફાળવવા સૈદ્ધાંતિક અનુમતિ આપી હતી. સુરતમાં જે છ ફ્લાય ઓવરબ્રિજના કામો માટે રૂ. ૩૮૦ કરોડ મંજૂર કર્યા હતા. અમદાવાદના આઉટગ્રોથ વિસ્તારના ૪૬ જેટલા વિકાસકામો માટે ૩૧૬ કરોડ રૂપિયા પણ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી ફાળવ્યા હતા. આ ૪૬ કામમાં ડ્રેનેજ, સ્યુએઝ પ્લાન્ટ, રોડરસ્તાના કામો તેમ જ પશ્ચિમ ઝોન, ઉત્તર ઝોન અને ઉત્તર પશ્ચિમ ઝોન તેમ જ દક્ષિણ પશ્ચિમ ઝોનના કામો સમાવિષ્ટ છે.

મુખ્ય પ્રધાને વડોદરા મહાનગરપાલિકાને પણ આઉટગ્રોથ વિસ્તારના ૫૦ કામ માટે ૬૮.૦૪ કરોડ રૂપિયા ફાળવવા અનુમતિ આપી હતી. એટલું જ નહીં, વડોદરા મનપાને ભૌતિક આંતર-માળખાકીય સુવિધાના ૩૭૦ કામો માટે ૭૫૫.૯૬ કરોડ રૂપિયાની ફાળવણીની સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી. તે જ પ્રકારે ગાંધીનગરમાં ૧૪૪.૪૩ કરોડ રૂપિયા આંતર-માળખાકીય વિકાસ માટે મંજૂર કર્યા હતા. આ રકમમાંથી ૩૬ કરોડ રૂપિયા શહેરની આગવી ઓળખના પાંચ કામો માટે ખર્ચ થશે.

ભૌતિક આંતરમાળખાકીય સુવિધાના આવા કુલ ૧૩ કામો માટે ૯૭.૪૩ કરોડ રૂપિયાને મુખ્ય પ્રધાને મંજૂરી આપી હતી. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલી આંગણવાડીઓ અને પી.એચ.સી. કેન્દ્રોના રિનોવેશન અને બાંધકામની કામગીરી સહિતના કામો માટે ૧૧ કરોડ રૂપિયા મંજૂર કર્યા હતા. સમગ્રતયા ગાંધીનગરને ૨૨ કામ માટે ૧૪૪.૪૩ કરોડ રૂપિયા ફાળવવામાં આવશે.

આ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે ૨૦૨૧-૨૨થી ૨૪-૨૫ના વર્ષમાં રાજ્ય સરકારે ૮ મહાનગરમાં આંતર-માળખાકીય વિકાસના કામો માટે કુલ ૯૫૯૧.૪૯ કરોડ, આઉટગ્રોથ એરિયાના કામો માટે ૧૩૮૮.૮૫ કરોડ અને ફ્લાય ઓવર બ્રિજ માટે ૧૧૪૧.૮૮ કરોડ મળીને કુલ ૧૨,૧૨૨ કરોડ રૂપિયા ફાળવ્યા હતા. ■

# બનાસકાંઠાના વાવમાં પાઘડી પોલિટિક્સ શરૂઃ સાંસદ ગેનીબેને કહ્યું, પાઘડીની આબરૂ રાખજો

(અમારા પ્રતિનિધી તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠા જિલ્લાના વાવ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી માટે પ્રચાર અભિયાન ચરમસીમા પર પહોંચ્યું છે, ભાજપ અને કોંગ્રેસના નેતાઓ વચ્ચે પાઘડી પોલિટિક્સ તેજ જોવા મળી રહ્યું છે. ભાજપ બાદ હવે કોંગ્રેસે પણ પાઘડી પોલિટિક્સ શરૂ કર્યું છે. કોંગ્રેસ સાંસદ ગેનીબેન ઠાકોરે અપીલ કરી હતી કે, ''હું કોલર ઊંચો કરી ભાભરની બજારમાં નીકળું એવી પાઘડીની આબરુ રાખજો.'' ભાજપ ઉમેદવાર સ્વરૂપજી ઠાકોરે પણ પાઘડીની લાજ રાખવા માટે અપીલ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ ભાજપના ઉમેદવાર સ્વરૂપજી ઠાકોરે સમાજ સમક્ષ પાઘડી રાખીને અપીલ કરી હતી. સ્વરૂપજી ઠાકોરે કહ્યું હતું કે, ''વિનંતી કરું છું કે સમાજે જે મને પાઘડી પહેરાવી છે એ પાઘડી પહેરાવી એની લાજ આજે સમાજને રાખવાની છે.''

ભારતીય જનતા પાર્ટી ૧૮ આલમને સહકારમાં રાખતી હોય અને દરેક સમાજનો વિકાસ કરતી હોય તો આપણા સમાજનો પણ વિકાસ કરવો છે. આપણા સમાજનો વિકાસ કરવા માટે તમે જે મને પાઘડી પહેરાવી છે એ પાઘડીની લાજ તમે રાખશો તો આવનારા સમયમાં ૧૩ તારીખે વોટિંગ છે અને ૨૩ તારીખે એનું રિઝલ્ટ છે. તો આજ હું તમને કહું છું કે આ ચૂંટણી હું નથી લડતો, આ ચૂંટણી સમાજ લડે છે. ■

# જીએસટી કૌભાંડ કેસમાં મહેશ લાંગા સામે વધુ એક ફરિયાદઃ અમદાવાદ પોલીસ કમિશનર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જીએસટી કૌભાંડ મામલે ધ હિન્દુના પત્રકાર મહેશ લાંગા સામે કાયદાનો ગાળિયો કસવામાં આવી રહ્યો છે. રૂપિયા ૨૮ લાખના જીએસટી ચિટિંગ કેસમાં તેમની સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવશે. અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ.મલિકે પત્રકાર પરિષદ યોજી હતી, જેમાં તેમણે આ જાણકારી આપી હતી. અમદાવાદ શહેર પોલીસ કમિશનર જી.એસ.મલિકે કહ્યું હતું. કે અગાઉની એફઆઈઆરનું ટેક્નિકલ એનાલિસિસ કર્યું છે, જેમાં ધ્રુવી એન્ટરપ્રાઈઝમાં ૧૨ કંપનીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને મહેશ લાંગાએ કોર્ટમાં પણ કબૂલ્યું છે કે તેની જ કંપની હતી. આ કેસમાં અત્યાર સુધી ૧૭ લોકોને અરેસ્ટ કરવામાં આવ્યા છે. મહેશ લાંગાએ ઈન્કમ ટેક્સ રિટર્નમાં પણ ઓછી આવક બતાવી છે, પણ મહેશ લાંગાની લાઈફસ્ટાઈલ કરોડપતિ જેવી હતી. ત્યારે તપાસ દરમિયાન પણ પોલીસને લાંગાના ઘરેથી ૨૦ લાખ રૂપિયા મળ્યા હતા.

વધુમાં શહેર પોલીસ કમિશનર જી.એસ.મલિકે જણાવ્યું હતું કે મહેશ લાંગાના ઘરેથી કેટલાક ડોક્યુમેન્ટ પણ મળ્યા છે, જેમાં કેટલાક દસ્તાવેજો સચિવાલયને લગતા પણ હતા. અમે ગાંધીનગર પોલીસને પણ જાણ કરીને ફરિયાદ દાખલ કરવા માટે કહ્યું છે. મહેશ લાંગાએ ૨૮ લાખ રૂપિયા જાહેરાત આપવા માટે લીધા છે. ત્યારે હવે મહેશ લાંગાની લાઈફ સ્ટાઈલ અને તેના સંપર્કોની પણ તપાસ કરવામાં આવશે અને આ આખા કૌભાંડનો આંકડો કરોડો રૂપિયામાં સામે આવે તેવી શક્યતા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બોગસ દસ્તાવેજો બનાવીને બિલીંગો લઈને કરોડો રૂપિયાની જીએસટી ચોરી આચરવા કેસ મામલે ક્રાઈમ બ્રાન્ચે પકડેલા પત્રકાર મહેશદાન પ્રભુદાન લાંગા, અબ્દુલકાદર ઉર્ફે બાપુ સમદભાઈ જૈનમીયા કાદરી, એજાઝ ઉર્ફે માલદાર ઈકબાલ હબીબભાઈ માલદાર અને જયોતીશ મગનભાઈ ગોંડલીયાના રિમાન્ડ ૧૯ ઓક્ટોબરે પૂર્ણ થતા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ મનીષ ચૌહાણે સાબમરતી જેલમાં મોકલી આપ્યા હતા. ■

# અમદાવાદના ગૅસ ગળતર દુર્ઘટનામાં વધુ એક કામદારનું થયું મોત, છ લોકો હજુ સારવાર હેઠળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના નારોલની દેવી સિન્થેટિક પ્રાઇવેટ લિમિટેડ નામની કંપનીમાં તાજેતરમાં ગૅસ ગળતરની ઘટના બની હતી, જેમાં ૯ લોકોને ઝેરી ગૅસની અસર થઈ હતી અને તેમાંથી બે કર્મચારીનું મોત થયું હતું. આ દરમિયાન મંગળવારે વધુ એક કામદારનું સારવાર દરમિયાન મોત થયું હતું. યુવકના મોતથી પરિવારજનોમાં ભારે શોકનો માહોલ છવાયો હતો. આ સાથે જ નારોલ ગેસ ગળતરની ઘટનામાં મૃત્યુઆંક ૩ પર પહોંચ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, હજુ પણ છ શ્રમિક એલ.જી. હૉસ્પિટલમાં સારવાર લઇ રહ્યા છે, જેમની હાલત પણ નાજૂક હોવાનું જણાયું છે. કંપનીમાં કામ કરતા કર્મચારીઓની સુરક્ષા બાબતે બેદરકારી બદલ ફરિયાદ નોંધવામાં આવી હતી. આ મામલે પોલીસે કંપનીના માલિક વિનોદ અગ્રવાલ અને સુપરવાઇઝર મંગલસિંહ રાજપુરોહિત સામે કાર્યવાહી શરૂ કરી દીધી છે. ■

# બનાસકાંઠા અને પાટણમાં પ્રદૂષણ ફેલાવતા ૬૫ એકમોને જીપીસીબીની નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠા અને પાટણમાં પ્રદૂષણ ફેલાવતા ૬૫ એકમને ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડે (જીપીસીબી) નોટિસ ફટકારી હતી, જીપીસીબીએ પાલનપુરના બાદરપુરાની મહેશ્વરી મિલ અને રાધનપુર સીધાડાની અર્થ એન્ટરપ્રાઈઝને ૨૫-૨૫ લાખનો દંડ પણ ફટકાર્યો હતો. મહેશ્વરી પેપર મિલમાં ૭ મહિના અગાઉ ગૂંગળામણથી ત્રણ લોકોના મોત થતાં આ કાર્યવાહી કરવામાં આવી હતી.

તે જ પ્રકારે જીપીસીબીએ નિયમોના ઉલ્લંઘન મામલે રાધનપુર સીધાડાની અર્થ એન્ટરપ્રાઈઝને ૨૫ લાખનો દંડ ફટકાર્યો હતો, જ્યારે અન્ય પાંચ ઇન્ડસ્ટ્રીઝને પાવર સપ્લાય કાપવાની ક્લોઝર નોટિસ ફટકારાઈ હતી.

આ કંપનીઓ નિયમોનું ઉલ્લંઘન કરી એટલા મોટા પ્રમાણમાં પ્રદૂષણ ફેલાવી રહી હતી કે, તેમની સામે કાર્યવાહી કરવી અનિવાર્ય બની હતી. કારણ કે, આ કંપનીઓ દ્વારા બારેય માસ હવાનું પ્રદૂષણ કરવામાં આવ્યું છે. ■

# પોરબંદર, વેરાવળ, જૂનાગઢ, બોટાદ અને ભાવનગર સ્ટેશન પર પાંચ નવે. સુધી પ્લેટફોર્મ ટિકિટનું વિતરણ બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિવાળી તહેવાર દરમિયાન માદરે વતન તરફ પ્રયાણ કરનારા મુસાફરોની ભીડ રાજ્યના તમામ મોટા શહેરોના રેલવે સ્ટેશન પર જોવા મળી રહી છે. સ્થાનિક અને પરપ્રાંતિયો મુસાફરોના કારણે રેલવે સ્ટેશન પર અવ્યવસ્થા સર્જાય છે. ભીડના કારણે અવ્યવસ્થા ન સર્જાય એ માટે જો કે પશ્ચિમ રેલવે તંત્રએ પોરબંદર, વેરાવળ, જૂનાગઢ, બોટાદ અને ભાવનગર રેલવે સ્ટેશન પર ૫ નવેમ્બર સુધી પ્લેટફોર્મ ટિકિટ પર પ્રતિબંધ લગાવ્યો હતો. તેમ જ મુસાફરો અને તેમના સ્નેહીજનોને નિયમોનું પાલન કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

રેલવે તંત્રએ ક્રાઉડ મેનેજમેંટના ભાગરૂપે, ભાવનગર મંડળના પોરબંદર, વેરાવળ, જૂનાગઢ, બોટાદ અને ભાવનગર ટર્મિનસ સ્ટેશનો પર પ્લેટફોર્મ ટિકિટના વેચાણ પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો. તેનો ઉદ્દેશ્ય પ્લેટફોર્મ પર ભીડને નિયંત્રિત કરવાનો અને સ્ટેશન પરિસરમાં મુસાફરોની સરળ અવરજવર સુનિશ્ચિત કરવાનો છે.

દિવાળીના તહેવાર અને છઠ પૂજા દરમિયાન પ્લેટફોર્મ ટિકિટના વેચાણ પરનો પ્રતિબંધ તા. ૨૯.૧૦.૨૦૨૪ (મંગળવાર) થી ૦૫.૧૧.૨૦૨૪ સુધી અમલમાં રહેશે. અત્રે ઉલ્લેખનીય કે, મુસાફરીને સરળ બનાવવા માટે, સિનિયર નાગરિકો અને તબીબી જરૂરિયાતો ધરાવતા લોકોને આ પ્રતિબંધોમાંથી મુક્તિ આપવામાં આવી છે. મુસાફરોને તહેવાર દરમિયાન સરળ અને સલામત મુસાફરીના અનુભવ માટે નવા નિયમોનું પાલન કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. ■

# વડોદરાની મંજુસર જીઆઇડીસીમાં ડમ્પર વીજ તારને અડી જતાં બેનાં મોત, બે ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાની મંજુસર જીઆઇડીસીમાં એક દુર્ઘટનામાં બે લોકોના મોત અને બે ગંભીર રીતે ઘાયલ થયા હતા. એક ડમ્પર કચરો ખાલી કરી રહ્યું હતું એ સમયે ટ્રોલી ૧૧ કેવીની વીજ લાઇનને અડી ગઇ હતી. જેના પગલે ડમ્પરમાં આગ લાગી ગઇ હતી. આ બનાવમાં બે લોકોનાં મોત નીપજ્યાં હતાં જ્યારે બેની હાલત ગંભીર જણાતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા. બનાવની જાણ થતાં પોલીસ અને ફાયર વિભાગની ટીમ પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો, આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

દુર્ઘટના અંગે મળતી માહિતી મુજબ, વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં આવેલી મંજુસર જીઆઇડીસીની એચપીસીએલ ચોકડી નજીક ઔદ્યોગિક કચરાનો નિકાલ કરવા માટે એક ડમ્પર કચરો ભરીને ખાલી કરવા માટે આવ્યું હતું. કચરો ખાલી કરવા માટે ડમ્પરની ટ્રોલીને ઊંચી કરતા જ ટ્રોલી ૧૧ કેવીની વીજ લાઇનને અડી ગઇ હતી. વીજ લાઇનને અડી જતાં ડમ્પરમાં આગ લાગી ગઇ હતી. આ બનાવમાં બે લોકોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં.

ડમ્પરમાં આગ લાગી ગઇ હોવાની જાણ થતાં આસપાસના લોકો આવી પહોંચ્યા હતા. બનાવની જાણ થતાં જીઆઇડીસીના ફાયર ફાઇટરો ઘટના સ્થળે પહોંચ્યા હતા અને પાણીનો મારો ચલાવી આગ કાબૂમાં લીધી હતી. દુર્ઘટનાની જાણ થતાં મંજુસર પોલીસ અને મામલતદાર સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. મૃતદેહોને પીએમ અર્થે ખસેડવામાં આવ્યા હતા અને વધુ કાર્યવાહી હાથ ધરી હતી. ■

# કચ્છના સામખિયાળીમાં ૨૩.૯૧ લાખના હેરોઇન સાથે પંજાબી શખસને એસઓજીએ ઝડપી પાડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના આંતરરાષ્ટ્રીય ડ્રગ માફિયાઓ માટે ભારતમાં કેફી પદાર્થો ઘુસાડવા માટેના પેસેજ બની ચૂકેલા ભાતીગળ પ્રદેશ કચ્છના ગ્રામીણ અને ખાસ કરીને શહેરી વિસ્તારોમાં માદક દ્રવ્યોની હેરાફેરી છેલ્લા કેટલાંક વર્ષોથી ચિંતાજનક રીતે વધી છે તેવામાં ભચાઉ તાલુકાના સામખિયાળી પોલીસ મથક નજીક બસના પીકઅપ સ્ટેન્ડમાં નિંદ્રાધીન થયેલા પંજાબી પેડલર પાસેથી પૂર્વ કચ્છના સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપે રૂ.૨૩,૯૧,૫૦૦ની કિંમતનું હેરોઇન જપ્ત કર્યું હતું.

આ અંગે એસઓજીના પી.આઈ વી.વી ભોલાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, તેમને મળેલી પૂર્વબાતમીના આધારે અજાણ્યા ડ્રગ પેડલરને ખોળી કાઢવા માટે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમ્યાન પોલીસ મથકની નજીક આવેલા બસના પીકઅપ સ્ટેન્ડમાં કેસરી રંગની પાઘડી તથા સફેદ ઝબ્બો, લેંઘો ધારણ કરેલો એક શખ્સ નિંદ્રાધીન અવસ્થામાં જોવા મળ્યો હતો. પંજાબના તરન તારનના પરગટસિંઘ સુલેખાનસિંઘ નામના આ શખ્સને જગાડી પોલીસે તેની અંગઝડતી લીધી હતી જેમાં તેણે પહેરેલા ઝબ્બાના બંને ખિસ્સામાંથી બે પ્લાસ્ટિકની કોથળીઓ મળી આવી હતી. ગાંઠ વાળેલી કોથળી ખોલી તેમાં તપાસ કરાતા તેમાં સફેદ રંગના જુદા જુદા આકારના ગાંગડા તેમજ બીજી કોથળીમાં આછા બદામી રંગનો ગઠો મળી આવ્યો હતો.

ત્યારબાદ બનાવ સ્થળે આવી પહોંચેલા એફ.એસ. એલ.અધિકારીઓ દ્વારા આ પદાર્થનું પ્રાથમિક પૃથ્થકરણ કરતા તે હેરોઇન હોવાનું બહાર આવ્યું હતું. આ શખ્સ પાસેથી પોલીસે ૪૭.૮૩૦ ગ્રામનો રૂ. ૨૩,૯૧,૫૦૦ની આંતરરાષ્ટ્રીય બજાર કિંમતનો હેરોઇનનો જથ્થો જપ્ત કર્યો હતો.

આ શખ્સ અગાઉ ગાંધીધામ વગેરે જગ્યાએ ડ્રાઇવર તરીકે કામ કરી ગયો છે. તેને અહીં આ માદક પદાર્થના ગ્રાહક મળી રહેવાની આશા સાથે તે અહીં આવ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હોવાનું વી.વી ભોલાએ ઉમેર્યું હતું.

નોંધનીય છે કે, તહેવારોના ચાલી રહેલા સપરમા દિવસોમાં દેશમાં ભાંગફોડિયાં તત્ત્વો આતંકી હુમલા કરવાની ફિરાકમાં હોવા અંગે ગુપ્તચર તંત્રને તાજેતરમાં મળેલા ઇનપુટના આધારે તમામ સુરક્ષા એજન્સીઓ સતર્ક બની છે ત્યારે નશીલા પદાર્થોની ચિંતાજનક સ્તરે વધી રહેલી બદીને નાથવા માટેની રાજ્યવ્યાપી ઝુંબેશ વધુ વેગવાન બનાવવામાં આવશે તેવું એસ.ઓ.જીના પી.આઇ વી. વી. ભોલાએ જણાવ્યું હતું. ■

# કચ્છના યુવાનને હનીટ્રેપમાં ફસાવીને આત્મહત્યા કરવાના કેસમાં આરોપી મનીષા ગોસ્વામીને જામીન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ વર્ષ ૨૦૧૯માં કચ્છના અબડાસાના પૂર્વ ધારાસભ્ય અને ભાજપના પીઢ અગ્રણી જયંતી ભાનુશાલીની ચાલતી ટ્રેને ભાડે રાખેલા શાર્પ શૂટરો દ્વારા પોઇન્ટ બ્લેન્ક રેન્જથી ગોળી મારીને હત્યા કરવાનાં ચકચારી પ્રકરણમાં જામીન મળ્યા બાદ મહિલા આરોપી મનીષા ગુજજુગિરિ ગોસ્વામીને આહીર યુવાનના અપમૃત્યુવાળા ચર્ચાસ્પદ હનીટ્રેપ કેસમાં પણ રાજ્યની વડી અદાલત દ્વારા જામીન આપવામાં આવ્યા હતા.

ભુજની ભાગોળે આવેલી પાલારા જેલમાંથી જ હનીટ્રેપનો દોરીસંચાર કરી આહીર યુવાન એવા દિલીપને ફસાવી તેને મરવા મજબૂર કરવાના કેસમાં જામીન મેળવવા હાઈ કોર્ટમાં કરાયેલી અરજી અંગે હાથ ધરાયેલી સુનાવણીમાં કોર્ટે બંને પક્ષને સાંભળ્યા બાદ મનીષા ગોસ્વામીને જામીન પર મુક્ત કરતો આદેશ કરતાં અંદાજિત ચાર વર્ષના સમયગાળા બાદ મનીષાનો જેલમાંથી છુટકારો થતાં તેણીની દિવાળી સુધરી છે. નોંધનીય છે કે, આ કેસની માસ્ટરમાઈન્ડ મનીષા ગોસ્વામીએ દિલીપ સાથે ચેટિંગની શરૂઆત કર્યા બાદ દિવ્યા નામની યુવતીને દોરીસંચાર આપ્યો હતો અને દુષ્કર્મ કેસમાં ફસાવી ખંડણી માગીને અપાયેલા ત્રાસથી વાજ આવી ગયેલા દિલીપ આહીરે આપઘાત કર્યો હતો.

આ કેસમાં મનીષાનો પતિ, દિવ્યા ચૌહાણ અને તેનો મિત્ર અજય પ્રજાપતિ સહિત આઠ આરોપી સંડોવાયેલા હતા. ■

# સુરત જિલ્લાના ઉશ્કેર ગામે સાત વર્ષના બાળકને દીપડાએ ફાડી ખાધોઃ દીપડો પાંજરે પુરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત જિલ્લાના માંડવી તાલુકાના ઉશ્કેર ગામે એક દીપડાએ ૭ વર્ષના બાળકને ફાડી ખાધો હતો. મૂળ મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના અને સુરત જિલ્લામાં શેરડી કાપણી કરવા આવેલા શ્રમજીવી પરિવાર માંડવી તાલુકાના ઉશ્કેર ગામની સીમમાં પડાવ નાખી રહેતો હતો.

સાંજના સમયે શ્રમજીવી પરિવારનો સાત વર્ષનો અજય લાલસિંહ વસાવે જે ઘરની બહાર રમી રહ્યો હતો. એ દરમિયાન દબાતા પગે દીપડો આવ્યો અને બાળકને ખેંચીને નજીકના ખેતરમાં લઈ જઇ ફાડી ખાધો હતો. બાળક નજરે ન ચડતા પરિવારે શોધખોળ હાથ ધરી હતી.

દીપડાના પંજાના નિશાન દેખાતા માંડવી વન વિભાગની ટીમને જાણ કરી હતી. આ દરમિયાન પડાવ નજીક ૩૦૦ મીટર દૂર શેરડીના ખેતરમાં મૃત બાળકના અવશેષ મળી આવ્યો હતો.

ઘટનાને પગલે માંડવી પોલીસ મથકનો સ્ટાફ અને માંડવી ફોરેસ્ટની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને તપાસ હાથ ધરી હતી. બાળકના મૃતદેહનો કબજો લઇને નજીકમાં આરોગ્ય કેન્દ્રમાં પીએમ અર્થે લઈ ગયા હતા. વન વિભાગની ૭ ટીમ કામે લાગી હતી. વન વિભાગની ટીમે દીપડાના હુમલાના ઘટનાસ્થળની આસપાસના વિસ્તારોમાં ૧૦ પાંજરાઓ મારણ સાથે ગોઠવી દીધાં હતાં. આ દરમિયાન બાળકને ફાડી ખાધા બાદ થોડી કલાકોનો અંતરે ફરી માનવભક્ષી દીપડો બાકી રહેલ શિકાર ખાવા આવતા પાંજરે પુરાઇ ગયો હતો. ■

# રાજકોટમાં રોજગાર મેળા અંતર્ગત યુવાનોને નિમણૂકપત્ર એનાયત કરવામાં આવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં શ્રી સરદાર પટેલ કલ્ચર ફાઉન્ડેશન એડિટોરિયમ ખાતે રોજગાર મેળા પ્રમાણપત્ર એનાયત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય મંત્રી અને ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે કાર્યક્રમમાં હાજરી આપી હતી અને નોકરી મેળવનારને પ્રમાણ પત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે પ્રદેશ પ્રમુખ સી આર પાટીલે વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માનતા જણાવ્યું કે વિકસિત ભારતનું સ્વપ્ન ધીમે ધીમે સાકાર થઈ રહ્યું છે અને યુવાનોને દેશમાં જ રોજગાર મળતો થયો છે. પહેલાના સમયમાં નોકરી મેળવવામાં ખૂબ મુશ્કેલી થતી હતી.

આજે રોજગાર મેળાના આયોજનથી અંતરિયાળ ગામડાંઓના યુવાનોને પણ રોજગારી મળી રહી છે.

આવનારા સમયમાં પણ વધુ નોકરીની તકો ઊભી થશે. નવી નવી યોજનાઓ અંતર્ગત રોજગાર મેળવી શકશે.

સમગ્ર દેશમાં ટેકનોલોજીનો ઉપયોગ કરી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ૫૧ હજાર યુવાનોને કાયમી નોકરીના ઓર્ડર આપી દિવાળીની ભેટ આપી હતી. ■

# દિવાળીમાં આગ લાગી તો ૧૦૧ કે ૧૯૧૬ નંબર પર કોલ કરજો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દિવાળીના તહેવાર દરમિયાન ફટાકડા ફોડવા તથા ઘરમાં લગાડવામાં આવેલા દીવાઓને કારણે આગ લાગવા જેવી દુર્ઘટનાઓનું પ્રમાણ વધી જતું હોય છે. તેથી મુંબઈ ફાયરબ્રિગેડ દ્વારા નાગરિકો માટે ઈમર્જન્સી નંબર જાહેર કરવામાં આવ્યા છે, જેના પર ફોન કરીને મદદ મેળવી શકાશે.

મુંબઈમાં વધતા વાયુ પ્રદૂષણ અને ધ્વનિ પ્રદૂષણને પગલે મુંબઈ મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને રાતના ૧૦ વાગ્યા પહેલા ફટાકડા ફોડી લેવાની અપીલ કરવામાં આવી છે. તેમ ફટાકડા ફોડતા સમયે નાનાં બાળકો સહિત તમામ લોકોને ખાસ ધ્યાન રાખવાની અપીલ પણ કરી છે. દિવાળીના તહેવાર દરમિયાન આગ લાગવાના સરેરાશ બનાવ વધી જતા હોય છે.

સામાન્ય રીતે ફટાકડાને કારણે તથા ઘરમાં રહેલા દીવાને કારણે તથા કંદીલ અને ઈલેક્ટ્રિક લાઈટિંગ દરમિયાન અમુક વખતે શોર્ટ સર્કિટ થવાને કારણે આગ લાગવાનું પ્રમાણ વધતું હોય છે. તેથી આગ લાગવા જેવી કોઈ ઈમર્જન્સી નિર્માણ થાય તો તે માટે નાગરિકોને મુંબઈ ફાયરબ્રિગેડના ૧૦૧ અથવા સુધરાઈના ડિઝાસ્ટર કંટ્રોલ નંબર ૧૯૧૬ નંબર પર સંપર્ક કરવાની અપીલ કરવામાં આવી છે.

# મોદીના ઈશારે ટાટાની વિમાન ફેક્ટરી ગુજરાતમાંઃ શરદ પવાર

બારામતીઃ ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ અને એરબસની ફાઇનલ એસેમ્બલી લાઇન (એફએએલ) મહારાષ્ટ્રમાં સ્થાપવાની હતી, પરંતુ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ઇશારે આ પ્રોજેક્ટ ગુજરાતમાં ખસેડવામાં આવ્યો હોવાનો દાવો ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન શરદ પવારે મંગળવારે કર્યો હતો. બારામતી વિધાનસભા મતવિસ્તારમાં એક ચૂંટણી સભાને સંબોધતા પવારે જણાવ્યું હતું કે 'આ પ્રોજેક્ટ મહારાષ્ટ્રમાં આકાર લે એવી રતન ટાટાની ઈચ્છા હતી. તેમની સાથે ચર્ચા વિચારણા કરી નાગપુર એમઆઈડીસી વિસ્તારમાં ૫૦૦ એકરનો પ્લોટને તેમને ફાળવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. મનમોહન સિંહના નેતૃત્વવાળી સરકાર વખતની આ વાત છે જેમાં હું સહભાગી હતો. જોકે, પછી અમારી સરકાર બદલાઈ ગઈ અને મોદી પીએમ બન્યા ત્યારે તેમણે ટાટાને ફોન કરી ગુજરાતમાં ફેક્ટરી શરૂ કરવા જણાવ્યું હતું.'

પવારે વધુમાં જણાવ્યું હતું કે 'એ પ્રોજેક્ટથી મહારાષ્ટ્રમાં હજારોની સંખ્યામાં લોકોને રોજગારી મળવાની હતી. આ ઉપરાંત ફોક્સકોન કંપની મહારાષ્ટ્રમાં સેમિકન્ડક્ટર ફેક્ટરી શરૂ કરવા માગતી હતી, પણ મોદીએ એ ફેક્ટરી પણ ગુજરાતમાં સ્થાપવા કંપનીને કહ્યું હતું. આ નિર્ણયને કારણે હજારો લોકો સંભવિત રોજગારીથી વંચિત રહી ગયા. વડા પ્રધાન કોઈ એક રાજ્યની તરફેણ ન કરી શકે. તેમણે આખા દેશનો વિચાર કરવો જોઈએ.' સરકાર કે ભાજપ તરફથી પવારના દાવાઓનું હજી સુધી કોઈ ખંડન નથી કરવામાં આવ્યું.

સોમવારે નરેન્દ્ર મોદીએ ભારતમાં સૌપ્રથમ પ્રાઇવેટ સેક્ટરમાં એફએએલ એરક્રાફ્ટ સુવિધાનું ઉદ્ઘાટન કર્યું હતું જેનાથી સરકારના 'આત્મનિર્ભર ભારત' કાર્યક્રમને વેગ મળશે. મોદી અને સ્પેનના રાષ્ટ્રપતિ પેડ્રો સાંચેઝ દ્વારા સોમવારે વડોદરા ખાતે એફએએલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. (પીટીઆઈ)

## નવમા પાનાનું ચાલુ

### શું તમે સત્તાની

સાથીદારો પરોઢિયે અચાનક જાગી ગયા અને શપથ લીધા. તે સરકાર ચાર દિવસ પણ ટકી ન હતી,' એમ પવારે કહ્યું હતું.

'તે (અજિત) ચાર વખત ડેપ્યુટી સીએમ તરીકે સેવા આપી હોવા છતાં ડેપ્યુટી સીએમ પદ મેળવવા માટે બીજી બાજુ ગયા હતા.

તમને મોટાભાગે હોદ્દો મળ્યો છે. જો તમે માત્ર એક જ વાર પદ મેળવવામાં નિષ્ફળ થશો, તો શું તમે ઘર (કુટુંબ) તોડી નાખશો?' એમ શરદ પવારે પૂછ્યું હતું.

'લોકસભાની ચૂંટણી દરમિયાન, લોકોને (અજિત દ્વારા) કહેવામાં આવ્યું હતું કે તેઓ લાગણીનો શિકાર ન બને. લોકોને કહેવામાં આવ્યું હતું કે પવાર સાહેબ (શરદ પવાર) આંસુ વહાવશે અને (તેમની પુત્રી સુપ્રિયા સુળે માટે) મત માંગશે,' એમ શરદ પવારે કહ્યું હતું.

'તમે ગઈકાલના ભાષણમાં જોયું હશે...', એમ કહીને તેમણે અજિતની નકલ કરતાં આંસુ લૂછવાનો ડોળ કરતાં રૂમાલ કાઢતાં કહ્યું હતું.

### માથાનો દુખાવા

નેતા અતુલ શાહ અને ગોપાલ શેટ્ટી અને થાણેથી હસમુખ ગેહલોતનો સમાવેશ થાય છે.

બોરીવલી મતવિસ્તારમાં એક મજબૂત નેતા અને ભાજપના ભૂતપૂર્વ સાંસદ ગોપાલ શેટ્ટીએ સંજય ઉપાધ્યાયને મેદાનમાં ઉતાર્યા પછી તેમની સ્વતંત્ર ઉમેદવારી નોંધાવી છે. ઉપાધ્યાય મુંબઈ ભાજપના મહાસચિવ છે, જો કે બોરીવલીથી ગોપાલ શેટ્ટી પ્રબળ દાવેદાર હતા જ્યારે પીયૂષ ગોયલને શેટ્ટીની ટિકિટ કાપીને મુંબઈ ઉત્તરમાંથી ૨૦૨૪ લોકસભા માટે મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા.

ભાજપ દ્વારા નરેન્દ્ર મહેતાને મીરા-ભાયંદરની ઉમેદવારી આપવામાં આવતા તેમના કટ્ટર હરીફ અને વર્તમાન વિધાનસભ્ય ગીતા જૈને યુતિ ધર્મનું પાલન ન કરતાં અપક્ષ ઉમેદવાર તરીકે ફોર્મ ભર્યું હતું. અહીં ઉલ્લેખનીય છે કે ૨૦૧૯માં પણ નરેન્દ્ર મહેતાને ટિકિટ આપવામાં આવ્યા બાદ ત્યારે ભાજપમાં રહેલા ગીતા જૈને બળવો કરીને અપક્ષ ઉમેદવારી કરી હતી અને તેઓ વિજયી થયા હતા. બાદમાં મહાયુતિના ઘટકપક્ષ શિવસેના (શિંદે)માં જોડાયા હતા. વર્તમાન વિધાનસભ્ય હોવાથી આ વખતે તેઓ આ બેઠક પરથી દાવો નોંધાવી રહ્યા હતા, પરંતુ ભાજપે નરેન્દ્ર મહેતાને ઉમેદવારી આપતાં તેઓ નારાજ થયા છે. બીજી તરફ મહાયુતિએ શિવસેનાના પ્રતાપ સરનાઈકને મેદાનમાં ઉતાર્યા બાદ ભાજપના અન્ય નેતા હસમુખ ગેહલોતે થાણેની ઓવલા-માજીવાડા સીટ પરથી ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. ભૂતપૂર્વ ડેપ્યુટી મેયર ગેહલોત ભાજપ તરફથી વિધાનસભાની ચૂંટણીમાં ઉતરવાની અપેક્ષા રાખતા હતા.

ઉદ્ધવ ઠાકરેની શિવસેના દ્વારા ઔરંગાબાદ મધ્ય મતવિસ્તાર તરફથી કિશનચંદ તનવાનીને ઉમેદવારી જાહેર કરવામાં આવી હતી. તેમ છતાં તનવાનીએ ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી અને ઉદ્ધવ જૂથના હરીફ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેનાના ઉમેદવાર પ્રદીપ જયસ્વાલને સમર્થન આપવાનું નક્કી કર્યું હતું.

ચંદ્રપુર જિલ્લામાં ભાજપે રાજુરા મતવિસ્તારથી દેવરાવ ભોંગાલેને ઉમેદવારી આપી હતી. આ નિર્ણયથી નારાજ ભાજપના બે ભૂતપૂર્વ વિધાનસભ્ય સંજય ધોતે અને સુદર્શન નિમકરે અપક્ષ તરીકેની ઉમેદવારી નોંધાવી હતી.

રાજકીય નિરીક્ષકોનું કહેવું છે કે ભાજપ અને શિવસેનાની યુતિમાં એનસીપીની એન્ટ્રી એક પડકારરૂપ સાબિત થઇ શકે છે. મહાયુતિ અને મહાવિકાસ આઘાડી એમ બન્ને તરફ ત્રણ મજબૂત પક્ષોનો સમાવેશ થાય છે. વિધાનસભાની ચૂંટણી સામાન્ય રીતે ઉમેદવારની છાપ પર લડવામાં આવે છે. તેથી તમામ પક્ષ દ્વારા સામસામે કયા ઉમેદવારને ઊભા કરવામાં આવે છે એ મહત્ત્વનું છે. ઉદાહરણ તરીકે સોલાપુર દક્ષિણ મતવિસ્તારમાં કોંગ્રેસ તરફથી દિલીપ માનેને ઉમેદવારી આપવામાં આવી છે, પરંતુ તેમને સત્તાવાર ઉમેદવારીનો દરજ્જો આપ્યો નથી, જ્યારે સાથી પક્ષ ઉદ્ધવ જૂથ દ્વારા અમર પાટીલને ટિકિટ આપવામાં આવી છે. અપક્ષ તરીકે ઉમેદવારી પત્ર ભરીને માનેએ જણાવ્યું હતું કે મને કહેવામાં આવ્યું હતું કે કોંગ્રેસ તરફથી મને એબી ફોર્મ આપવામાં આવશે, પણ એવું થયું નહીં તેથી મેં અપક્ષ તરીકે ઉમેદવાદી નોંધાવી છે. સોલાપુર જિલ્લાના પંઢરપુર-મંગલવેઢાથી કોંગ્રેસ અને સાથી પક્ષ એનસીપી-એસપી દ્વારા તેમના ઉમેદવાર ઊભા કરવામાં આવ્યા છે. સાંગોલાથી શિવસેના (યુબીટી)ની સામે પીઝન્ટ એન્ડ વર્કર્સ પાર્ટી (પીડબ્લ્યુપી) દ્વારા બાળાસાહેબ દેશમુખને ઉમેદવારી આપવામાં આવી છે. અજિત પવારની એનસીપીમાં સમીર ભુજબળ બાદ રંજન ઠાકરે દ્વારા બળવો કરવામાં આવ્યો હતો. ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન રાવસાહેબ દાનવેના ભાઇ ભાસ્કર દાનવેએ શિવસેનાના ઉમેદવાર અર્જુન ખોતકર સામે ઉમેદવારી નોંધાવી હતી. નાગપુર જિલ્લામાં નાગપુર પૂર્વથી ભાજપના વિધાનસભ્ય કૃષ્ણા ખોપડે એનસીપીના બળવાખોર આભા પાંડે મેદાનમાં ઊતરશે. ઉમેદવારી પત્ર ભરવામાં ગણતરીના કલાકો બાકી છે ત્યારે કોંગ્રેસ પક્ષમાંથી પણ નારાજ ચહેરાઓ બહાર આવ્યા છે. કોંગ્રેસ દ્વારા બહાર પાડવામાં આવેલી તાજેતરની યાદીમાં, તેણે કોલ્હાપુર ઉત્તરથી રાજુ લાટકરની ઉમેદવારી બદલી અને મધુરિમરાજે છત્રપતિને મેદાનમાં ઉતાર્યા. જો કે, જાહેરાત બાદ, લાટકરે અપક્ષ ઉમેદવાર તરીકે નોમિનેશન દાખલ કરવાનો નિર્ણય લીધો હતો એવી માહિતી સૂત્રો પાસેથી મળી છે. દરમિયાન મુંબઈમાં કોંગ્રેસના નેતા મધુ ચવ્હાણે ભાયખલા મતવિસ્તારમાંથી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. ભાયખલામાંથી શિવસેનાએ મનોજ જામસુતકરને ઉમેદવારી આપી તેનાથી કોંગ્રેસી નેતા નારાજ હતા અને યુતિ ધર્મ છોડીને અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી છે.

### ફાઈનલી ફાઈનલ

- ૦૨, શેકાપ-૦૨. મહાવિકાસ આઘાડીના ત્રણેય પક્ષોએ પોતપોતાના ઉમેદવારોને એબી ફોર્મ પહોંચાડવાની વ્યવસ્થા કરી હતી. પરંતુ તેના કારણે છ જગ્યાએ બે ઉમેદવારો રહ્યા છે. હવે આ બેઠકો પર કોણ પીછેહઠ કરે છે કે મૈત્રીપૂર્ણ લડત થાય છે તે જોવાનું રહેશે.

ભાજપ ૧૫૨, શિંદે જૂથ ૮૨ અને અજિત પવાર ૫૫

ભાજપે ૧૫૨ બેઠકો પર કમળના ચિહ્ન પર ઉમેદવારો આપ્યા છે અને ઘણી જગ્યાએ ઘટક પક્ષોમાંથી તેના નેતાઓને ઉમેદવારી આપી છે. આ બેઠકોની વહેંચણીમાં એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનાને ૮૨ અને અજિત પવાર જૂથને ૫૫ બેઠકો મળી છે. બાકીની બેઠકો સાથી પક્ષોને છોડી દેવામાં આવી છે. મહાયુતિમાં સીટ વહેંચણીની વાટાઘાટો શરૂ થયા પછી, ભાજપે લીડ લીધી અને ૯૯ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી. ત્યાર બાદ ૨૨ ઉમેદવારોની બીજી યાદી, ૨૫ ઉમેદવારોની ત્રીજી યાદી ૪ ઉમેદવારની ચોથી અને ૨ નામોની અંતિમ યાદી જાહેર કરવામાં આવી હતી, જેમાં કુલ ૧૫૨ ઉમેદવારો મેદાનમાં આવ્યા હતા. શિવસેના શિંદે જૂથે પ્રથમ યાદીમાં ૧૫, ૪૫ બીજી યાદીમાં, ૨૦ ત્રીજી યાદીમાં અને ચોથી અને છેલ્લી યાદીમાં એક-એક ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. આમાંથી બે બેઠકો પર સાથી પક્ષોને સમર્થન આપવામાં આવ્યું છે. એનસીપી અજિત પવાર જૂથે પ્રથમ યાદીમાં ૩૮, બીજી યાદીમાં ૭, ત્રીજી યાદીમાં ૪ અને છેલ્લી ત્રણેય યાદીમાં બે-બે ઉમેદવારોના નામ જાહેર કર્યા હતા. આમ તેમના કુલ ૫૫ ઉમેદવાર મેદાનમાં છે. રાજ્યમાં ત્રણ બેઠક પર મહાયુતીના બે ઘટકપક્ષોના ઉમેદવારોએ સામ-સામે ઉમેદવારી નોંધાવી હોવાથી કુલ ૨૮૬ બેઠક પર મહાયુતિના કુલ ૨૮૯ ઉમેદવાર ઊભા છે. માનખુર્દ-શિવાજીનગર, આષ્ટી અને મોર્શીની બેઠકો પર મહાયુતિના બે-બે સાથી પક્ષો દ્વારા ઉમેદવાર આપવામાં આવ્યા છે. આમાંથી કયા ઉમેદવાર ફોર્મ પાછું ખેંચે છે તે જોવાનું રહેશે. ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપે ૧૬૪ બેઠકો પર ચૂંટણી લડી હતી. તેમાંથી ૧૦૫ બેઠકો જીતી હતી. આ વખતે ભાજપે મહાયુતિ ધર્મને અનુસરીને ૧૬ ઓછી બેઠકો પર ચૂંટણી લડી છે. વાટાઘાટોમાં શિંદે જૂથ ૮૫ બેઠકો સુધી પહોંચી ગયું છે. અજિત પવાર જૂથે માત્ર ૫૧ બેઠકો પર જ સમાધાન કરવું પડ્યું છે.

### મહાવિકાસ આઘાડીના ૨ ઉમેદવારો કયા મતવિસ્તારમાં?

મિરજઃ શિવસેના (યુબીટી) - તાનાજી સાતપુતે
કોંગ્રેસ - મોહન વાનખેડે
સાંગોલાઃ શિવસેના (યુબીટી) દીપક અબા સાલુંખે
શેકાપ - બાબાસાહેબ દેશમુખ
દક્ષિણ સોલાપુર : કોંગ્રેસ - દિલીપ માને
શિવસેના (યુબીટી) - અમર પાટીલ
પંઢરપુરઃ કોંગ્રેસ - ભગીરથ ભાલકે
એનસીપી (એસપી) - અનિલ સાવંત
પરાંડાઃ શિવસેના (યુબીટી) રણજીત પાટીલ
એનસીપી (એસપી) - રાહુલ મોટે
દિગ્રસઃ શિવસેના (યુબીટી) - પવન જયસ્વાલ
કોંગ્રેસ - માણિકરાવ ઠાકરે

### અમીરીમાં ક્યો ઠાકરે

૮૪ લાખ ૪૪ હજાર રૂપિયા મળ્યા હતા. અમિત ઠાકરેના નામે એક પણ વાહન નથી. તેની પાસે ૩૦ ગ્રામ સોનું છે અને તેની કિંમત ૨ લાખ ૪૦ હજાર છે. અમિત ઠાકરેની જંગમ સંપત્તિની કુલ કિંમત ૧૨ કરોડ ૫૪ લાખ છે. તેમની સ્થાવર મિલકતની કિંમત ૯૪ લાખ ૧૪ હજાર ૨૨૦ રૂપિયા છે. તેમના માથા પર ૪ કરોડ ૧૯ લાખ ૯૯ હજાર ૫૦૮ રૂપિયાનું દેવું છે. એફિડેવિટમાં ખુલાસો થયો છે કે તેણે આ લોન એકવીરા ટ્રસ્ટ, મધુવંતી ઠાકરે, શર્મિલા ઠાકરે, ઉર્વશી ઠાકરે, મિતાલી ઠાકરે પાસેથી લીધી છે. અમિત ઠાકરેએ માહિતી આપી છે કે તેમનો વ્યવસાય ઓપરેશનલ અને ટેકનિકલ એક્ઝિક્યુટિવ છે. તેમજ તેણે આ સોગંદનામામાં સ્પષ્ટતા કરી છે કે તેની સામે કોઈ ગુનો નથી.

**આદિત્ય ઠાકરેની સંપત્તિ**

આદિત્ય ઠાકરેએ ઉમેદવારી પત્ર ભરતી વખતે ચૂંટણી પંચને મિલકતનું સોગંદનામું રજૂ કર્યું છે. એફિડેવિટ અનુસાર, આદિત્ય ઠાકરે પાસે ૧૫ કરોડથી વધુની જંગમ સંપત્તિ છે. તો ૬ કરોડ ૪ લાખ રૂપિયાની સ્થાવર મિલકત છે.

આદિત્ય ઠાકરેએ તેમના વ્યવસાયને સામાજિક અને રાજકીય સેવા આપી છે. આવકના સ્રોત વ્યાજ, ભાડું, ડિવિડન્ડ અને પગાર છે. પરંતુ તેઓ ક્યાં કામ કરે છે તેનો કોઈ ઉલ્લેખ નથી. એફિડેવિટમાં એ પણ દર્શાવવામાં આવ્યું છે કે આદિત્ય ઠાકરેએ ૪૩ લાખની લોન લીધી છે.

આદિત્ય ઠાકરેની બેંકની રકમ અને થાપણો - હિંદુ અવિભાજિત પરિવારના ભાગ રૂપે રાખવામાં આવેલ રૂ. ૨ કરોડ ૮૧ લાખનું બેંક ખાતું રૂ. ૧૫ લાખ ૯૭ હજાર ૫૦ હજાર ડીલિસ્ટેડ કંપની શ્રી એસ્ટર સિલિકેટ્સ લિમિટેડના શેર જે રૂ. ૫ લાખમાં ખરીદવામાં આવ્યા હતા જેની કિંમત ૭૦ હજાર રૂપિયા હતી. ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ. આઈસીઆઈસીઆઈ ડીપ ડિસ્કાઉન્ટ બોન્ડ - રૂ. ૫૫૦૦માં ખરીદો, ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ કિંમત રૂ. ૫૦ હજાર મ્યુચ્યુઅલ ફંડમાં કુલ રકમ રૂ. ૧૦ કરોડ ૧૩ લાખ મ્યુચ્યુઅલ ફંડ અને શેર્સમાં કુલ રોકાણ - હિંદુ અવિભાજિત કુટુંબ તરીકે શેર્સમાં રૂ. ૧૦ કરોડ ૧૪ લાખનું રોકાણ જીટીએલ લિમિટેડના રૂ. ૧.૫ કરોડના ૬૯ હજારથી વધુ શેર લેવામાં આવ્યા હતા આ શેરની આજની કિંમત માત્ર ૮ લાખ ૯૩ હજાર થઈ ગઈ છે. ૨૦૦૩માં આ પરિવારે મારુતિ સુઝુકી કંપનીના ૫૦૦ શેર ખરીદ્યા. શેરની ખરીદ કિંમત ૬૨ હજાર રૂપિયા હતી, ૨૦ વર્ષ પછી આ શેરની કિંમત વધીને ૬૬ લાખ ૧૪ હજાર રૂપિયા થઈ ગઈ છે. ઠાકરે પરિવારને મ્યુઝ કારા અને સુંગ્રેસ મફતલાલ લિમિટેડ કંપનીના ૫૭,૦૦૦ શેર શૂન્ય રૂપિયામાં મળ્યા હોવાનું દર્શાવવામાં આવ્યું છે. ૩૦ સપ્ટેમ્બરે આ શેર્સની કિંમત ૫૭ હજાર રૂપિયા હતી.

**આદિત્ય ઠાકરે પાસે કેટલા દાગીના છે?**

આદિત્ય ઠાકરે પાસે સોના અને હીરાનું બ્રેસલેટ છે. જેની કિંમત ૩ લાખ ૯૦ હજાર રૂપિયા છે. આ બ્રેસલેટમાં ૫૩૫ હીરા છે. ૪૭ લાખ ૪૨ હજારની કિંમતની બે હીરાજાદી સોનાની બંગડીઓ છે. આ સિવાય ૧ કિલો ૪૬૬ ગ્રામ ૨૪ કેરેટ સોનાના સિક્કા અને બિસ્કિટ છે. તેની કિંમત ૧ કરોડ ૯ લાખ ૯૫ હજાર રૂપિયા છે. આ સિવાય આદિત્ય ઠાકરે પાસે ૨૩૯ ગ્રામ વજનનો જ્વેલરી નેકલેસ પણ છે. તેની કિંમત ૧ કરોડ ૩૩ લાખ રૂપિયા છે. આદિત્ય ઠાકરેની માલિકીના સોના-ચાંદીના દાગીનાની કુલ કિંમત ૧ કરોડ ૯૧ લાખ રૂપિયા બતાવવામાં આવી છે. હિંદુ અવિભાજિત પરિવાર તરીકે, ઠાકરે પરિવાર લગભગ ૮૪ લાખ ૩ હજાર સોના-ચાંદીના ઘરેણાં ધરાવે છે. આદિત્ય ઠાકરેએ ૧૦ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ કર્જતમાં એક પ્લોટ ખરીદ્યો હતો. આ જગ્યાની કિંમતનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. આ જગ્યાનું નામ આદિત્યએ તેની દાદી માધવી પાટણકરને ૩ માર્ચ, ૨૦૨૧ના રોજ ગિફ્ટ ડીડ દ્વારા આપ્યું હતું. આ જમીન કર્જતના ભીસેગાંવ ખાતે આવેલી છે અને આ જગ્યાનો વિસ્તાર લગભગ ૧૭૧ ચોરસ મીટર છે. આદિત્ય ઠાકરે પાસે બીએમડબ્લ્યુ કાર પણ છે.

### ...જ્યારે કાકાના

પવારની ઉમેદવારીની વાત કરતા અજિત પવારની આંખમાં આંસુ આવી ગયા હતા. બોલતાં બોલતાં તેમને ગળે ડૂમો બાઝી ગયો હતો. તેઓ થૂંક ગળી ગયા, બોલવાનું બંધ કર્યું, પાણી પીધું અને પછી ફરી બોલવાનું શરૂ કર્યું. અજિત પવારના આ આ વર્તન વિશે શરદ પવારે કટાક્ષ કર્યો હતો.

### આર. આર. પાટીલે

તૈયાર કરવામાં આવી હતી. આ ફાઇલ ગૃહ મંત્રાલય પાસે ગયા બાદ આર. આર. પાટીલે મારી વિરુદ્ધ જાહેર તપાસનો આદેશ આપ્યો હતો. મારી સાથે વિશ્વાસઘાત કરવામાં આવ્યો. ત્યારબાદ અમે પૃથ્વીરાજ ચવાણને આપેલો ટેકો પાછો ખેંચી લીધો અને સરકાર ભાંગી પડતા રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું હતું.'

નાયબ મુખ્ય પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે 'રાષ્ટ્રપતિ શાસનના કારણે તત્કાલીન રાજ્યપાલે ફાઇલ પર સહી કરવાનો ઇનકાર કર્યો હતો.ચૂંટાયેલી સરકાર આ અંગે નિર્ણય લેશે એમ રાજ્યપાલે જણાવ્યું હતું. '

### અજિત પવાર

પવાર પાસે પણ એક ટ્રેક્ટર અને બે ટ્રેલર છે. અજિત પવાર પાસે કુલ ૮ કરોડ ૨૨ લાખ રૂપિયાની જંગમ સંપત્તિ છે. સુનેત્રા પવારની કુલ જંગમ સંપત્તિ ૧૪ કરોડ ૫૭ લાખ છે. અજિત પવારની કુલ સ્થાવર મિલકત ૩૭ કરોડ ૧૫ લાખ છે સુનેત્રા પવારની સ્થાવર મિલકત ૫૮ કરોડ ૩૯ લાખ છે. અજિત પવારનું શેર અને મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ ૨૪ લાખ ૭૯ હજાર રૂપિયા છે. આમાં સુનેત્રા પવારનું રોકાણ ૧૪ લાખ ૯૯ હજાર રૂપિયા છે. અજિત પવારે કોઈને લોન આપી નથી સુનેત્રા પવારે શરદ પવારની પત્ની પ્રતિભા પવારને ૫૦ લાખ રૂપિયા અને નણંદ સુપ્રિયા સુળેને ૩૫ લાખ રૂપિયાની લોન આપી છે.

**દેવેન્દ્ર ફડણવીસ સંપત્તિ**

દેવેન્દ્ર ફડણવીસના હાથમાં રોકડ ૨૩ હજાર ૫૦૦ રૂપિયા છે. અમૃતા ફડણવીસ પાસે કેશ ઇન હેન્ડ ૧૦ હજાર રૂપિયા છે. દેવેન્દ્ર ફડણવીસ પાસે સવા પાંચ કરોડની મિલકત છે જ્યારે ફડણવીસ દંપતીની કુલ સંપત્તિ ૧૩.૨૭ કરોડ રૂપિયા છે. દંપતિ પાસે કોઈ વાહન નથી.

દેવેન્દ્ર ફડણવીસના નામ પર ૫૬ લાખ રૂપિયાની જંગમ અને ૪.૬ કરોડ રૂપિયાની અચલ સંપત્તિ છે. અમૃતા ફડણવીસ પાસે ૬.૯ કરોડ રૂપિયાની જંગમ અને ૯૫ લાખ રૂપિયાની સ્થાવર સંપત્તિ છે.

## જૈન મરણ

**દેરાવાસી જૈન**

રોહિંડા સમાજના, મુંબઈ નિવાસી રાહુલ શાહ (સ્વ. છોટાલાલ કપૂરચંદ શાહ અને સ્વ. અશ્રુમતી છોટાલાલ શાહના પુત્ર) (ઉં. વ. ૭૨) ૨૮-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. દક્ષા શાહના પતિ. અમિત શાહના પિતા. લૌકિક વ્યવહાર બંધ છે.

**રાધનપુર તીર્થ જૈન**

હાલ ગોરેગામ નિવાસી સ્વ. કનૈયાલાલ પન્નાલાલ મોરખીયાના ધર્મપત્ની ગં.સ્વ. કર્ણિકાબેન (ઉં. વ. ૮૨) તે સંજુ, રાજુના માતુશ્રી. કિરણ તથા દિપકકુમારના સાસુ. આજ્ઞા ચિરાગકુમાર, જયણા હાર્દિકકુમારના દાદી. પ્રતિક, પ્રશમના નાની. પિયર પક્ષે સ્વ. માણેકલાલ જગજીવનદાસ શાહના દીકરી ૨૮-૧૦-૨૪ સોમવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**વિજાપુર સત્તાવીસ વિશા શ્રીમાળી જ્ઞાતિ જૈન**

માણસા નિવાસી (હાલ મુંબઈ) મણિલાલ વાડીલાલ શાહના સુપુત્ર ભાઈ રસિકભાઈ તે પ્રવીણ, રમેશ, કુમુદ, જશવંત, હર્ષદ, બેન મંજુલા, દર્શનાના ભાઈ. કંચન, હંસા, હર્ષિતા, ભાવનાના દિયર. હેમાંસુ, પ્રીતી, દીપાલીના કાકા. ફાલ્ગુનીના કાકાજી. રવિવાર ૨૭-૧૦-૨૪ના અરિહંતશરણ થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**વાગડ બેચોવીસી સ્થા. જૈન**

સ્વ. પુષ્પાબેન શૈલેષભાઈ મોરબીઆ મુંબઈ દાદર નિવાસી (મુળ રવના) પ્રભાબેન ચુનીલાલ મોરબીઆના પુત્રવધૂ. શૈલેષભાઈના ધર્મપત્ની. વૃત્તિ (હસ્તી)ના મમ્મી. અશ્વીન, રસીલા, ચંદ્રીકા, જયશ્રીના ભાભી તથા રામવાવના શાંતાબેન રમણીકલાલ મહેતાના સુપુત્રી. જયેશ તથા અશ્વીનના બહેન. ૨૯-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નવાવાસના માતુશ્રી ભાણબાઇ દામજી શામજી મોતા (ઉં. વ. ૮૮) તા. ૨૮-૧૦-૨૪ના અવસાન પામેલ છે. દામજીના ધર્મપત્ની. ગીરીશ, રાજેશ, સ્વ. મુકેશના માતુશ્રી. ગોધરા ઉમરબાઇ લખમશી નાંગશીના દિકરી. વલ્લભજી, ખેતબાઇ હંસરાજ, ભીંસરા મણીબેન મેઘજી, લાયજા નેણબાઇ ગાંગજી, પુરબાઇ હીરજી, ચંચલબેન નાનજીના બહેન. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : રાજેશ દામજી મોતા, સ્વામી સ્વયંમ પ્રકાશ આશ્રમ, મુ.પો. નિર્મળ, તા. વસઇ, નાલાસોપારા (વેસ્ટ).

ભારાપુરના દેવજી ગેલા સાવલા (ઉં. વ. ૯૪) ૨૮-૧૦ના અવસાન પામેલ છે. ભાણબાઇ ગેલા પુંજાના પુત્ર. સુંદરબેનના પતિ. પ્રફુલા, ચંદન, ભાવના, બીના, જયેશ, દિપક, ધર્માના પિતા. નવાવાસ પાનબાઇ ગેલા, કુંવરબાઇ દેવજી, નેણબાઇ ગેલા, વસનજી ગેલાના ભાઇ. ડોણ તેજબાઇ હીરજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ફોન આવકાર્ય. એ. દિપક સાવલા, બી-૧૦૧, હેમનગર, આંબાવાડી, નાલાસોપારા (ઇ) ૪૦૧૨૦૯.

નવાવાસ (દુર્ગાપુર)ના માતુશ્રી કુસુમબેન રામભાઈ સાવલા (ઉં. વ. ૯૦) તા. ૨૭-૧૦-૨૪ના અરિહંત શરણ પામ્યા છે. રામભાઈ લખમશી સાવલાના ધર્મપત્ની. માતુશ્રી રતનબેન લખમશી ઘેલાભાઈના પુત્રવધૂ. અમર, સુનિલના માતુશ્રી. હરસોલના માતુશ્રી કાંતાબેન શાંતિકુમાર ચંદુલાલ બેંકરના સુપુત્રી. જીતેન્દ્રભાઈ, પ્રવિણભાઈ, રજનીભાઈના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. શ્રીમતી કુસુમબેન રામભાઈ સાવલા, એ-૨૧૨, ગ્રાન્ડ પરાડી એપાર્ટમેન્ટ, કેમ્પસ કોર્નર, મું.૩૬.

નાંગલપરના નાનજી ગાંગજી સાવલા (ઉં. વ. ૮૪) તા. ૨૮-૧૦-૨૪ના અવસાન પામેલ છે. લધીબાઈ ગાંગજીના પુત્ર. સાકરના પતિ. હેમા, દિપક, ભાવનાના પિતાશ્રી. બીદડા મેઘબાઈ ખીમજી ફુરિયા, પાનબાઈ ખીમજી નંદુના ભાઈ. દેઢીયા મૂલબાઈ લખમશીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. દિપક નાનજી સાવલા, ૩૦/૨ બારા ચાલ નં-૮, એસ.જે.માર્ગ, લોઅર પરેલ, મું-૧૩.

લાખાપુરના કેવલ સતીષ ગુલાબચંદ ગાલા (ઉં. વ. ૨૪) તા. ૨૮-૧૦-૨૪ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન ગુલાબચંદના પૌત્ર. કમલા સતિષના પુત્ર. ડોણના દેવકીબેન શામજીના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. નિઃ સતિષ ગાલા, ટી-૭૦૪, નવનીત નગર, દેશલેપાડા, ડોંબિવલી (ઈ)-૪૨૧૨૦૪.

**પોરબંદર દશા શ્રીમાળી સ્થા જૈન**

પોરબંદર નિવાસી હાલ સાંતાક્રુઝ ગં. સ્વ. હંસાબેન શાહ (ઉં. વ. ૯૩) તે સ્વ. જયંતીલાલ વલ્લભદાસ નાનજી શાહના ધર્મપત્ની. મીના દિનેશકુમાર શાહ, સાધના મુકેશભાઈ કામદાર, અજયના માતુશ્રી. દિનેશકુમાર, સ્વ.મુકેશભાઈ, દીપ્તિના સાસુ. કેનીલ, જીમિતિ, ચિંતન, રીમ્પલના બા. સ્વ.મણીબેન ભાઈચંદ શાહના દીકરી. સ્વ.રસિકભાઈ, સ્વ.જયંતીભાઈના બહેન ૨૮/૧૦/૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગઢડા (સ્વામિનારાયણ) નિવાસી હાલ મુંબઈ સ્વ.હરેશભાઈ પ્રાણભાઈ સખપરાની સુપુત્રી પૂજાબેન (ઉં. વ. ૪૪) સોમવાર તા.૨૮/૧૦/૨૪ના મુંબઈ મુકામે અવસાન થયેલ છે. તે રૂપાલીબેન ભાવેશભાઈ ઘેલાણી તથા અંકિતભાઇ હરેશકુમાર સખપરાના બેન. શ્રુતિ ભાવેશભાઈ ઘેલાણીની માસી. કીર્તિભાઈ, મિલન ભાઈ, મનીષ ભાઈ તથા ચેતન ભાઈ ની ભત્રીજી થાય. અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ આધોઈના વર્ષાબેન સતરા (ઉં.વ. ૬૧) તા. ૨૬-૧૦-૨૪, શનિવારના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. તે ગં. સ્વ. કસ્તુરબેન હિરજી રણમલના પુત્રવધૂ. મહેન્દ્રના ધર્મપત્ની. નિમેષના માતુશ્રી. શિલ્પાના સાસુ. ખિલતી, ગ્રંથીના દાદી. સ્વ. વેજબાઈ અરજણ ટોકરશી ગાલાના દિકરી. પ્રાર્થનાસભા બુધવાર, તા. ૩૦-૧૦-૨૪ના ૧૦.૩૦ થી ૧૨. પ્રા. સ્થળઃ એમ. એમ. પ્યુપલ સ્કૂલ, ખાર વેસ્ટ.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ ભચાઉના નિસર સ્વ. ધરમશી (ઉં.વ. ૭૦) સોમવાર, તા. ૨૮-૧૦-૨૪ના અક્ષરનિવાસી છે. તે સ્વ. લક્ષ્મીબેન/ગં. સ્વ. દિવાળીબેન ખીમજીના પુત્ર. ઝવેરબેનના પતિ. પિયુષ, નિતીન, ભાવિકાના પિતાશ્રી. રેખા, પૂર્વી, તન્મયના સસરા. જયંતીલાલ, ઘનશ્યામ, જમનાબેન, કમળાબેન, સ્વ. દમયંતીબેન, જયોતિબેન, તૃપ્તી, દિશાના ભાઈ. વીરાબેન દેવજી શિવજીના જમાઈ. પ્રાર્થનાસભા બુધવાર, તા. ૩૦-૧૦-૨૪ના ૩ થી ૪.૫૦. સ્થળઃ યોગી સભાગૃહ, દાદર.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ કકરવાના સ્વ. વીરજી માંઈયા મેઘજી કારીયા (ઉં.વ. ૮૫) સોમવાર, તા. ૨૮-૧૦-૨૪ના મુંબઈમાં અવસાન પામેલ છે. તે સ્વ. ગોરીબેન માંઈયાના પુત્ર. ચાંપુબેનના પતિ. પ્રવિણ, વિનોદ, કસ્તુર, કંચનના પિતાશ્રી. મીના, દમયંતી, રમેશ, અમરશીના સસરા. સ્વ. લક્ષ્મીબેન, રાજીબેનના ભાઈ. ખારોઈના સ્વ. કોરઈબેન માલશી નારણ નંદુના જમાઈ. પ્રાર્થનાસભા બુધવાર, તા. ૩૦-૧૦-૨૪ના ૧૦ થી ૧૧.૩૦. સ્થળઃ કોશીશ હોલ, દફતરી રોડ, મલાડ ઈસ્ટ.

**નૃસિંહપુરા દિગંબર જૈન**

અણોર નિવાસી હાલ મુંબઈ મલાડ વસ્તુપાળ જીવણલાલ શાહ (ઉં.વ. ૮૮) તા. ૨૮-૧૦-૨૪ના સોમવારે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. હંસાબેનના પતિ. સ્વ. લીલાબેન જીવણલાલ શાહના પુત્ર. દેવેન, લીનાબેન, પારુલબેન, બિન્દેશભાઈ, સ્વાતિબેન, સ્વ. પરેશભાઈ, ધ્રુમાબેન, નિમેષભાઈના પિતાશ્રી. પ્રિયલ, મિહિર, રિશિથ, નેહલ, ધ્રુવ, જશ, પ્રાજકતાના દાદા. સ્વ. રમણિકભાઈ, સ્વ. ઈન્દ્રવદનભાઈ, સ્વ. પ્રભાવતીબેન મોહનલાલ શાહ, સ્વ. ઈન્દિરાબેન જયકુમાર શાહના ભાઈ. સ્વ. બાબુલાલ ચંદુલાલ વખારીયાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ખાખી જાળીયા નિવાસી (હાલ વસઈ) સ્વ. શાંતિલાલ ઉત્તમચંદ બાટવીયાના પુત્ર અનિલભાઈ (ઉં.વ. ૭૪) તા. ૨૭-૧૦-૨૪, રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે રેખાબેનના પતિ. ભાવિક, હીરેનના પિતાશ્રી. ભાવિની, સોનલના સસરા. દેવના દાદા. સ્વ. જીતેન્દ્રભાઈ, રમેશભાઈ, સ્વ. કોકિલાબેન પારેખ, જયબાળા મહેતા, ચંદ્રિકાબેન હેમાણીના ભાઈ. સ્વ. વનમાળીદાસ અમરશી રવાણીના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે.: અનિલભાઈ બાટવીયા, ફ્લેટ નં. સી/૧૦૩, વસંત મહેલ, સમતાનગર, વસઈ વેસ્ટ.

## પારસી મરણ

સાહયર રશીદ શીરમરદ તે બીનાઈફરના ધની. તે મરહુમો ફ્રેની રશીદ શીરમરદના દીકરા. તે મરહુમ નેકઝાદના પપા. તે હોમાય ને આબાનના બહેન. તે પીનાઝ, બેહરામ ને દીનાઝના મામા. (ઉં. વ. ૬૬) રે.ઠે. ૧૫૮ ફકરુદીન મંઝીલ, પહેલે માળે, રૂમ નં. ૬, અલીભાઈ પ્રેમજી રોડ, ગ્રાન્ટ રોડ, મુંબઈ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ ૩૦-૧૦-૨૪ને દિને બપોરે ૩.૪૦ વાગે માલકમ બાગ અગ્યારીમાં છે જી.

## હિન્દુ મરણ

**હાલાઈ લોહાણા**

અ.સૌ. દક્ષા પરેશ ઉનડકટ ગામ મોરબી હાલે મુલુંડના સુપુત્ર ચિ. હર્ષિત (ઉં. વ. ૩૧) તે ગં.સ્વ. ભાનુમતી હસમુખરાય ઉનડકટના પૌત્ર. તે સ્વ. મંજુલાબેન ભગવાનદાસ તન્નાના દોહિત્ર. તે છાયા કમલેશ, વૈશાલી મેહુલ, ડોલી દિપક, દૈયા અને સુનિતા રોહિતના ભત્રીજા. તે હિરલ, આશા, દેવિતા, ધાર્મિક, માનસી, પ્રિયા અને પિયુષના ભાઈ. તે ફાલ્ગુની જગદીશ, સંધ્યા કિરણના ભાણેજ. ૨૬-૧૦-૨૪ ને શનિવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**કચ્છી લોહાણા**

ગં.સ્વ. સરસ્વતીબેન (ઉં. વ. ૯૦) તે સ્વ. ગોપાલજી માણેક ગામ વરસામેડીવાળાના ધર્મપત્ની. તે સ્વ. ત્રીકમજી લાલજી માણેકના પુત્રવધૂ. તે સ્વ. સંતોકબેન કરસનદાસ પરષોત્તમ સોમેશ્વર (બોડા)ના પુત્રી. નીતિનભાઈ, પ્રજ્ઞાબેન અને રાજેશના માતુશ્રી. મીના નીતિન, હેમંતભાઈ પલણ તથા મીના રાજેશના સાસુમા. એકતા, પુનિત, નમ્રતા તથા હર્ષના દાદી ૨૭-૧૦-૨૪ના કચ્છ અંજાર મધ્યે શ્રીરામશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**વિશા સોરઠીયા વણિક**

જાંબુ નિવાસી હાલ ગોરેગાંવ ગં.સ્વ.વીણાબેન (ઉં. વ. ૯૩) તે સ્વ. ઝવેરચંદ ગોવિંદજી મલકાણના ધર્મપત્ની, સ્વ.સંતોકબેન ગોકળદાસ ઘોળકિયાના દીકરી. જ્યોતિ સ્મિતા, મીતા, હેમાક્ષી, હેમા સંજીવ તથા રાજીવના માતુશ્રી. જૈનિલના દાદી. કિરણભાઈ, જયંતીભાઈ, હેમંતભાઈ, સ્વ.પ્રકાશભાઈ, જીતેન્દ્રભાઈ, હિના, અર્ચનાના સાસુ. અમિષા, પ્રિયેશ, બિદેશ, જીનલ, સાગર, નિધિના નાની. ૨૬/૧૦/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. સાદડી પ્રથા બંધ છે.

**શિહોર સંપ્રદાય ઔ અ બ્રાહ્મણ**

વળાવડ નિવાસી હાલ બોરીવલી કમલેશ (શૈલેષ) (ઉં. વ. ૫૬) તે સ્વ.મૃદુલા તથા નરેન્દ્રભાઈ (પુનિતભાઈ) હિંમતરામ મહેતાના દીકરા. પુજાબેનના પતિ. ગ્રીષ્મા, ક્રિશના પિતાશ્રી. ગં.સ્વ.પ્રિયાબેન અનિમેષ મહેતાના જેઠ. મહુવા નિવાસી સ્વ.ઈન્દુભાઈ મનમોહન ત્રિવેદીના જમાઈ. ૨૫/૧૦/૨૪ના કૈલાશવાસી થયેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડા ચારસો બ્રાહ્મણ**

ગામ ભલગામ હાલે ડોમ્બિવલી ભાનુશંકર વાલજી ભટ્ટના ધર્મપત્ની જ્યોત્સનાબેન (ઉં. વ. ૭૩) તા.૨૮/૧૦/૨૪ના કૈલાશવાસી થયેલ છે. તે ગં.સ્વ.દક્ષાબેન અગત્યકુમાર ભટ્ટ સિહોર તથા પંકજ અને નિલેશના માતુશ્રી. હીનાબેન તથા ભાવનાબેનના સાસુ. રિદ્ધિ તથા યશ્વીના દાદી. જય અને તીર્થના નાની. સ્વ.રમણીકલાલ ચંપકલાલ બધેકાના દીકરી. તેમની ટેલીફોનિક સાદડી તા. ૩૧/૧૦/૨૪ના ૪ થી ૬.

**અનાવિલ બ્રાહ્મણ**

સ્વ. રણજીત દેસાઈના પત્ની ઈન્દુમતી (ઉં. વ. ૯૨) તે પરિમલભાઈ અને સ્વ. પિયુષભાઈના માતુશ્રી. માલતી અને વીણાના સાસુ. હિનલ મોહિત મહેતા, કૃતિ યશ ઠક્કર અને મેઘવના દાદી. પ્રિશા, અવ્યાન અને આહનાના પરદાદી. સોમવાર તા.૨૮/૧૦/૨૪ના અંધેરી મુકામે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

## નવા સંવતમાં નવા સંકેત કેવા છે?



ઓહોહો... શેરબજારમાં દિવાળી આવી ગઇ! પાછલા સપ્તાહના અંતભાગ દરમિયાન ઇઝરાયલે ઇરાન પર કરેલા હુમલા બાદ ઇરાને ઇઝરાયલ પર વળતો હુમલો કરીને બદલો લેવાની ધમકી આપી હોવાથી સોમવારે શેરબજારમાં મોટો કડાકો બોલાશે, એવી અટકળો ખોટી પાડીને શેરબજારે ૧૧૩૮ પોઇન્ટની જબરી છલાંગ લગાવીને નિરિક્ષકોને અચરજમાં નાંખી દીધાં! અલબત્ત દિવસને અંતે આ સુધારો ૬૦૦ પોઇન્ટનો જ રહ્યો, પરંતુ સુધારો કેમ આવ્યો એ જાણીને વધુ આશ્ચર્ય થાય છે.

ઉપરોક્ત આશ્ચર્યના સર્જન પાછળના કારણ તરીકે સ્થાનિક અને વિદેશી બજાર વિશ્લેષકોએ રજૂ કરેલી વાત માનીએ તો ઇરાન માટે સૂળીનો ઘા સોયથી ટળ્યો એમ જાણીને આખલો રાજીનો રેડ થઇ ગયો. ઇઝરાયલે હુમલામાં ઇરાનના ક્રૂડ ઓઇલ અને ન્યુક્લિઅર સ્થાનકોને બાકાત રાખ્યાં હોવાથી બૂરાડકીય તંગદિલી ટળી ગઇ અને તેને કારણે ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક ક્રૂડ ઓઇલના ભાવમાં તે વખતે પાંચ ટકાથી મોટો કડાકો પડ્યો હોવાથી એશિયાઇ બજારોમાં સુધારાનો પવન ફૂંકાયો અને પરિણામે સ્થાનિક બજારમાં પણ કરંટ જોવા મળ્યો.

જોકે, સવાલ એ છે કે, બકરે કી અમ્મા કબ તક ખૈર મનાએંગી? આપણે વિવિધ પરિબળોની ચર્ચા શરૂ કરતા પહેલા વિશ્વપ્રસિદ્ધ અને અત્યંત સફળ ગણાતાં બિલ્યોનેર ઇન્વેસ્ટર વોરેન બફેની પ્રવૃત્તિ મારફત મળી રહેલી એક ચેતવણી તપાસી જોઇએ.

શેરબજારમાં નફો રળી લેવાની ઇચ્છા ધરાવતા રોકાણકારો અન્ય પરિબળો ઉપરાંત વોરેન બફેની ટ્રેડિંગ પ્રેક્ટિસ પર પણ નજર રાખતા હોય છે. ઓગષ્ટના મધ્યમાં, તેમના દ્વારા એકત્રિત થયેલી રોકડ રકમ ૧૮૯ બિલિયન ડોલર સુધી પહોંચી ગઈ હતી. ગ્રીનલાઇટ કેપિટલ ફંડના સ્થાપક ડેવિડ આઇનહોર્ને નોંધ્યું છે કે, બફે જ્યારે શેરબજારથી ધીરે ધીરે વિદાય લેવાનું શરૂ કરે છે ત્યારે સાવચેત થઇ જવું જોઇએ. તેમણે યાદ કરાવ્યું કે, બફેએ ગયા સમયમાં ઘણી વખત શેર બજારની ઊથલપાથલનો અંદાજ લગાવ્યો છે. જેમ કે, ૧૯૬૦ના દાયકાની ઊથલપાથલ પહેલા અને ૧૯૮૭ના મોટા કડાકા પહેલા તેમણે ભારે વેચવાલી કરી હતી. વાસ્તવમાં આ બફેની રક્ષણાત્મક રણનીતિ છે. આઇનહોર્નનું માનવું છે કે, બફેની મંદીથી બચવાની ક્ષમતા જ તેમની લાંબી સફળતાની ચાવી છે.

હવે શેરબજારની તેજીને અવરોધતા પરિબળોની વાત પર આવીએ તો, એક તરફ ચાઇનીઝ ફેક્ટરને કારણે વિદેશી ફંડો એકધારી વેચવાલી અને બીજી તરફ ઇઝરાયલ અને ઇરાન વચ્ચે ફરી ઘમાસાણ યુદ્ધના વાવડ બજારના સેન્ટિમેન્ટને તોડી રહ્યાં છે. આ યુદ્ધમાં અમેરિકા અને રશિયા જેવા સુપર પાવર પરોક્ષ રીતે જોડાઇ રહ્યા હોવાના અહેવાલો વચ્ચે વિશ્વ યુદ્ધની પરિસ્થિતિ સર્જાવાના પણ ભણકારા સંભળાઇ રહ્યાં છે.

ટૂંકમાં શેરબજારે સંવત ૨૦૮૧માં અનેક પડકારો પાર કરવા પડશે, વિશ્વયુદ્ધના ભણકારા વચ્ચે સેન્ટિમેન્ટમાં સાવચેતી રહેશે. દિવાળી મુહૂર્તના ટ્રેડિંગ સાથે નવી વિક્રમ સંવત ૨૦૮૧ની પહેલી નવેમ્બરથી શરૂઆત થશે. આપણે સ્થાનિક શેરબજાર માટે સહાયક પરિબળોની વાત કરીએ તો ફુગાવાના વલણ અને વ્યાપક વૃદ્ધિ ગતિશીલતાને આધારે આરબીઆઈ દ્વારા એકાદ બે વખત રેટ કટની અપેક્ષા રાખી શકાય. કૃષિ પ્રવૃત્તિઓમાં સુધારા અને ગ્રામીણ વપરાશ માટેના સકારાત્મક દૃષ્ટિકોણને કારણે રિઝર્વ બેન્કે નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે જીડીપી વૃદ્ધિ દરનો અંદાજ ૭.૨ ટકા જાળવી રાખ્યો છે.

વધુમાં જૂનથી સપ્ટેમ્બર સુધીની ચોમાસાની મોસમ દરમિયાન વરસાદ લાંબા ગાળાની સરેરાશ કરતાં ચાર ટકા વધારે હતો અને સમગ્ર દેશમાં જળાશયમાં પાણીનું સ્તર ગયા વર્ષ કરતાં વધુ છે. આ સાનુકૂળ પરિસ્થિતિથી ગ્રામીણ અર્થતંત્રને ફાયદો થવાની અપેક્ષા છે. આ વર્ષે મજબૂત રવી પાકની શક્યતાઓ વધશે.

શેરબજારને હાલ અને તાત્કાલિક ધોરણે અસર કરનારા પરિબળો જોઇએ તો તેમાં અમેરિકામાં ચૂંટણી, ચીનમાં આર્થિક સુધારા, તહેવાર દરમિયાન વ્યવસાયિક પ્રવૃત્તિ, યુએસ બોન્ડ યીલ્ડની કામગીરી, ક્રૂડ ઓઈલના ભાવની વધઘટ અને એફઆઇઆઇના વલણનો સમાવેશ કરી શકાય.

આ પરિબળો ભારતીય ઇક્વિટી બજારોમાં અસ્થિરતા પેદા કરે તેવી સંભાવના છે, જે આ ઘટનાઓના આધારે બંને દિશામાં પ્રતિક્રિયા આપી શકે છે. નજીકના ગાળામાં નવી ઘટનાક્રમોને ધ્યાનમાં લેતા, અમુક મૂડી ફાળવણી ચીન તરફ વળી શકે છે. જો કે, વિશ્લેષકોને ભારતીય ઇક્વિટી માર્કેટની લાંબા ગાળાની વૃદ્ધિમાં વિશ્વાસ છે. અલબત્ત, વર્તમાન ઊંચા વેલ્યુએશન પર વધુ વૃદ્ધિ માટે મર્યાદિત અવકાશ છે. કોર્પોરેટ ક્ષેત્રની કંગાળ કામગીરી બજારના માનસને વધુ ખરડી રહી છે.

શેરબજારને અસરકર્તા મહત્ત્વના પરિબળના વિશ્લેષણ માટે આંતરરાષ્ટ્રીય પરિદૃશ્યમાં જોઇએ તો યુએસ ફેડ રિઝર્વે તેની ૨૪ સપ્ટેમ્બરની મીટિંગ દરમિયાન વ્યાજદરમાં ૦.૫૦ ટકાનો ઘટાડો કર્યો છે અને ૨૦૨૪માં જ વધુ બે રેટ કટના સંકેત આપ્યા છે. આ ઉપરાંત ૨૦૨૫માં ચાર વખત રેટ કટની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે. આરબીઆઈ એ પણ તેની તાજેતરની મીટિંગમાં તમામ વ્યાજદર સ્થિર રાખ્યા છે, જે દર્શાવે છે કે આગામી છથી નવ મહિનામાં રેટ કટની અપેક્ષા રાખવામાં આવી શકે છે.

બજારની સ્થિરતા માટે વિદેશી ફંડોની વેચવાલીને બ્રેક લાગવી આવશ્યક છે. પાછલા સપ્તાહે એફઆઇઆઇની સતત વેચવાલી સાથે કોર્પોરેટ જાયન્ટ કંપનીઓના નફાના ધબડકા વચ્ચે સેન્સેક્સ ૮૦,૦૦૦ની નીચે ઘુસી ગયો છે. સપ્તાહના અંતિમ સત્રમાં એક તબક્કે બીએસઈના માર્કેટ કેપિટલમાં અંદાજે રૂ. ૧૦ લાખ કરોડનું ધોવાણ નોંધાયું હતું અને નિફ્ટી પણ ૨૪,૧૦૦ની નીચે સરકી ગયો હતો.

બજારના સાધનો અનુસાર સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)ની લેવાલીને કારણે બજારમાં મોટો કડાકો ટળી રહ્યો છે, પરંતુ વિદેશી ફંડોની વેચવાલીને કારણે સેન્ટિમેન્ટ પર ખરાબ અસર જોવા મળી છે. એનએસડીએલના ડેટા અનુસાર એફઆઇઆઇએ ઓક્ટોબર અત્યાર સુધીમાં રૂ. એક લાખ કરોડથી વધુ શેરો ભારતીય બજારમાં ઠાલવ્યા છે. આ વર્ષમાં અત્યાર સુધીમાં અંદાજે ૨૫ અબજ ડોલર એટલે કે લગભગ રૂ. ૨.૨૩ લાખ કરોડના શેર એફઆઇઆઇએ વેચી નાંખ્યા છે. બજારના અપટ્રેન્ડનો કોર્પોરેટ કમાણીની વૃદ્ધિના ડાઉનટ્રેન્ડ સાથે મેળ ના બેસતો હોવાથી બજારમાં દરેક ઉછાળે વેચવાલી જોવા મળી રહી છે, જે નજીકના ગાળાના બજાર માળખાને, સેલ ઓન રેલીમાં ફેરવે છે. ટેક્નિકલ નિષ્ણાતે ચાર્ટને આધારે એવી આગાહી કરી છે, કે નિફ્ટી બેન્ચમાર્ક ટૂંકાથી મધ્યમ ગાળામાં વર્તમાન સ્તરોથી વધુ ૧,૦૦૦ પોઈન્ટ નીચી સપાટીએ ગબડીને ૨૩,૩૦૦ પોઇન્ટના સ્તરે જઈ શકે છે, કારણ કે બેન્ચમાર્કમાં તાજેતરના ઊંચા સ્તરથી બોલાયેલા ધબડકાને કારણે હાલ તુરત સેન્ટિમેન્ટ મંદીવાળાની તરફેણમાં ફેરવાઈ ગયું છે.

બજારના સાધનો અનુસાર શેરબજારને ગબડવા માટે અનેક કારણ એકત્રિત અને મોજૂદ છે. આ કારણોમાં કોર્પોરેટ ક્ષેત્રની બીજા ક્વાર્ટરની નબળી કમાણી અને એફઆઈઆઈની વેચવાલી ઉપરાંત યુએસ બોન્ડની ઊંચી ઊપજ અને મજબૂત ડોલર, યુએસ ચૂંટણી પહેલાની સાવચેતીનું માનસ અને આક્રમક રેટ કટની સંભાવનાઓ ધૂંધળી થઈ જવાની સંભાવનાનો સમાવેશ છે. હવે તેમાં ઇરાન અને ઇઝરાયલના યુદ્ધમાં વધુ તીવ્રતાની સંભાવના ઉમેરી શકાય. ■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

## હવે ઈરાન- ઈઝરાયલનું પ્રાદેશિક યુદ્ધ ટળી જશે ખરું?





ઈરાને ૧ ઓક્ટોબરે ૧૦૦ મિસાઈલ વડે ઈઝરાયલ પર હુમલો કર્યો ત્યાર બાદ વેસ્ટ એશિયામાં ભારેલા અગ્નિ જેવી વિસ્ફોટક સ્થિતિ હતી. ઈરાન પર જોરદાર જવાબી હુમલો કરવાની ઈઝરાયલે પ્રતિજ્ઞા લીધી હતી. ઈઝરાયલે ૨૫ દિવસ પછી જે પ્રતિહુમલો કર્યો એને વળતો જવાબ ન કહી શકાય. જો કે, વિશ્વને જેની દહેશત હતી અને જંગ પ્રાદેશિક યુદ્ધ કે ત્રીજું વિશ્વયુદ્ધમાં ફેરવી નાખે એવો ઈઝરાયલે હુમલો કર્યો નથી. જો તેણે ઈરાનના તેલના ભંડારો કે અણુમથક પર હુમલો કર્યો હોત તો આ બે દેશ વચ્ચેનું શેડોવોર રિજનલ વોરમાં ફેરવાઈ જાત.

બીજી તરફ, અમેરિકાએ પણ ઈઝરાયલને કૂણું પાડ્યું હોવાનું લાગે છે. અમેરિકા જાણે છે કે ઈરાન એક મોટી તાકાત છે,જેને રશિયા અને ચીનનો ટેકો છે. રશિયા- યુક્રેન વચ્ચેના યુદ્ધમાં ઈરાન રશિયાને મિસાઈલ, ડ્રોન અને બીજાં હથિયારો મોકલે છે. મિત્રને મદદ કરવાની વાત આવી તો રશિયાએ કોઈ પાછીપાની ન કરી. રશિયાએ વિશ્વની ઉત્તમ એર ડિફેન્સ અને રડાર ઈરાનને આપ્યાં છે. રશિયાને લાંબા રેન્જવાળી વ્યૂહાત્મક એસ-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમ જોઈએ છે. ઈરાને આ અગાઉ રશિયાને સુખોઈ-૩૫ વિમાનનો ઓર્ડર ૨૦૨૧માં આપ્યો હતો. હવે એવા અહેવાલો છે કે રશિયાએ તેના સુખોઈ વિમાનનું ઘરઆંગણે ઉત્પાદન કરવાનો ઈરાનને પરવાનો આપ્યો છે.

ઈરાન અને ઈઝરાયલના લશ્કરની તુલના કરીએ તો હવાઈ દળ સિવાય ઈરાન બધી રીતે ઈઝરાયલ કરતાં આગળ છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ૨૦૦૦ કિલોમીટરનું અંતર છે માટે તેમની વચ્ચે જમીની લડાઈ સંભવ નથી. ઈરાન પાસે ૬,૪૫,૦૦૦ જેટલા સૈનિકો છે. ટચૂકડા દેશ ઈઝરાયલમાં તો દરેક નાગરિક માટે લશ્કરી તાલીમ ફરજિયાત બનાવવી પડી છે. ઈઝરાયલને સૌથી મોટો એડવાન્ટેજ એર ફોર્સમાં છે. અમેરિકાની બનાવટના સેંકડો એફ-૧૫, એફ -૧૬ અને એફ-૩૫ ફાઈટર વિમાનો તેની પાસે છે. બીજી બાજુ ઈરાન પાસે રશિયન બનાવટના સુખોઈ-૨૪ જેટ, થોડા મિગ-૨૯ અને અમેરિકન બનાવટના એફ-૭ અને એફ-૧૪ વિમાનો છે. ઈઝરાયલ મજબૂત હવાઈદળની મદદથી જ પેલેસ્ટાઈનની ગાઝાપટ્ટી હોય તે લેબેનોન હોય કે સિરિયા હોય ત્યાં કાળો કેર વર્તાવે છે.

ઉલ્લેખનીય છે કે ઈઝરાયલે તાજો હુમલો પણ ૧૦૦ જેટલા ફાઈટર વિમાન દ્વારા કર્યો હતો. ઈઝરાયલ સાથે યુદ્ધ કરવું હોય તો ઈરાને સારા ફાઈટર વિમાનો અને એર ડિફેન્સ સિસ્ટમ રશિયા કે ચીન પાસે લેવી પડશે.

અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણી પાંચ નવેમ્બરે હોવાથી ઈઝરાયલ એ પહેલાં જ હુમલો કરશે એ નિશ્ચિત હતું. આ હુમલાથી ટ્રમ્પ કે કમલાને ફાયદો થયો એ તો સમય જ કહેશે. એક વાર ચૂંટણી પતી ગયા બાદ ઈઝરાયલ અમેરિકા પાસેથી તેનું ધાર્યું નહીં કરાવી શકે. અમેરિકાના નવા પ્રમુખ પર યહૂદી લોબીનું દબાણ ઓછું થઈ જશે.

ઈઝરાયલે તેના તાજા હુમલા અંગે દાવો કર્યો છે કે તેણે તહેરાન, ખુઝેસ્તાન અને ઈલામના લશ્કરી લક્ષ્યોને ચોકસાઈપૂર્વક ભેદ્યા હતા. ઈઝરાયલે એ નથી કહ્યું કે કયા ટાર્ગેટ પર હુમલા કરવામાં આવ્યો હતો.

બીજી બાજુ ઈરાને કહ્યું છે કે ઈઝરાયલના હુમલાને ખાળવામાં અમારા બે જવાન શહીદ થયા છે અને અમુક સ્થાને મર્યાદિત નુકસાન થયું છે. જોકે, આ સાથે ઈરાને ધમકી આપી હતી કે ઈરાન કોઈ પણ આક્રમણનો વળતો જવાબ દેવાનો અધિકાર અનામત રાખે છે.

ઈઝરાયલે હુમલાની અમેરિકાને જાણકારી આપી હતી. અમેરિકા અને ઈઝરાયલે ઈરાનને ધમકી આપી છે કે ઈઝરાયલ પર વળતો ઈરાન હુમલો ન કરે. ઈરાન પણ પ્રત્યક્ષ જવાબી હુમલો નહીં કરે. એ તેના પ્રોક્સી જેવા કે હિજબુલ્લા, હમાસ અને હુથી વડે ઈઝરાયલ પર પરોક્ષ હુમલો કરવાનું ચાલુ રાખશે.

ઈરાને ઈઝરાયલના હુમલા સામે ફરિયાદ કરીને સલામતી પરિષદની તાકીદની બેઠક બોલાવાની વિનંતી કરી છે. આ વિનંતીને ચીન અને રશિયાએ ટેકો આપ્યો છે. ઈરાનના વિદેશપ્રધાને સંયુકત રાષ્ટ્રસંઘના સેક્રેટરી જનરલ અને સુરક્ષા પરિષદના વડાને આ વિનંતી કરી છે. ઈઝરાયલ સામેના કોઈ પણ પગલાં કે કાર્યવાહીને અમેરિકા અને તેના યુરોપના

સાથીદારો વીટો વડે અટકાવી દે છે. ઈરાનના વિદેશપ્રધાન કહે છે કે અમે ઈઝરાયલ સાથે યુદ્ધ ઈચ્છતા નથી, પરંતુ અમે ઈઝરાયલને અમારી પાસે રહેલા બધા હથિયારો-ઓજારો વડે જવાબ આપીશું. ઈરાનના સુપ્રીમ નેતા ખામેનીએ કહે છે કે ઈઝરાયલના છેલ્લા હુમલાનો અતિરેક કરવાનો કે ઓછું મહત્ત્વ આપવાનો સવાલ જ નથી. આ બન્ને બાબતો ખરાબ હશે. તેમણે ઈઝરાયલને ચેતવણી આપતાં કહ્યું હતું કે ઈઝરાયલ ઈરાન અંગે ખોટી ગણતરી કરી રહ્યું છે. તેને ઈરાનની તાકાતની ખબર નથી. ગાઝા પટ્ટી અને લેબેનોનમાં યુદ્ધ અટકાવામાં યુએનની વિફળતાની તેમણે ટીકા કરી હતી. તેમણે વોર ક્રાઈમ કરી રહેલા ઈઝરાયલ સામે વૈશ્વિક ગઠબંધન રચવાની વાત કરી હતી. ઈરાનના પ્રમુખ પણ કહે છે કે અમારે ઈઝરાયલ સાથે યુદ્ધ જોઈતું નથી, પરંતુ અમે ઈઝરાયલના આક્રમણનો યોગ્ય જવાબ આપીશુ.

ઈઝરાયલ બેકફૂટ પર છે. દેશના લોકો નેતન્યાહુ સામે નારાજ છે અને આક્રમક બની રહ્યા છે. લેબેનોનમાં ગ્રાઉન્ડ ઓપરેશનનો તેમનો નિર્ણય બેકફાયર થયો છે. ઈઝરાયલ એક ઈંચ પણ આગળ વધી શક્યું નથી. હિઝબુલ્લાના કમાન્ડરોને મારી નાખવાથી આ સંગઠન જરા પણ નબળું બન્યું નથી. હિજબુલ્લા ઈઝરાયલના સૈનિકો અને ટેન્કોનો ખાતમો બોલાવી રહ્યું છે. નેતાન્યાહુ ગાલે તમાચો મારીને તેને રાતો રાખી રહ્યા છે. નેતાન્યાહુના કેબિનેટમાં મતભેદો છે. નેતાન્યાહુને નજીકના ભવિષ્યમાં નાક કપાવીને લેબેનોનમાંથી પીછેહઠ કરવી પડશે. ઈઝરાયલના લોકો સમજી ગયા છે કે નેતાન્યાહુને હમાસે બાનમાં રાખેલા બંધકોને છોડાવામાં કેઈ રસ નથી. તેમને તો સત્તા પર ચીટકી રહેવા યુદ્ધ લંબાવામાં રસ છે. નેતાન્યાહુનું કાઉન્ટડાઉન ક્યારનું શરૂ થઈ ગયું છે.

આમ જોઈએ તો ઈરાન-ઈઝરાયલ વચ્ચે પ્રાદેશિક યુદ્ધનો ભય ઓછો થયો છે અને ધરતી માતા તાત પૂરતો નિરાંતનો શ્વાસ લઈ શકશે. ■

### હિઝબુલ્લાના નવા ચીફ નઈમ કાસિમ

ઈઝરાયલે હિઝ બુલ્લાના અનેક કમાન્ડરોને મારી નાખ્યા છે ત્યારે આ સંગઠને તેના નવા વડા તરીકે નઈમ કાસિમની નિમણૂક કરી છે. સપ્ટેમ્બરના અંતમાં બૈરૂતમાં ઈઝરાયલી હુમલામાં નસરલ્લાનું મરણ થયું હતું. આ એ જ નઈમ કાસિમ છે જે ઈઝરાયલના ડરને લીધે ઈરાન ભાગી ગયા છે. નઈમ ઈરાનના વિદેશપ્રધાન જે વિમાન વાપરે છે એમાં બેસીને ઈરાન ભાગી ગયા હતા. નઈમ ૭૧ વર્ષના છે અને પહેલાં ઉપ મહાસચિવ હતા. શૂરા કાઉન્સિલની બેઠકમાં તેમની સર્વાનુમતે નિમણૂક કરાઈ હતી. તેમનો જન્મ દક્ષિણ લેબેનોનના કફર કિલા ગામમાં થયો છે. ઈઝરાયલે આ ગામ પર અનેક વાર હુમલા કર્યા છે. હિઝબુલ્લાએ એક વર્ષથી ઈઝરાયલ સામે યુદ્ધ છેડેલું છે. ઈઝરાયલે હિઝબુલ્લાના સંસ્થાપક સભ્ય ફુઆદ શુકર, તેના પ્રમુખ હસન નસરલ્લા, ટોચના કમાન્ડર અલી કરાકી અને કમાન્ડર નબીલ કૌકને મારી નાખ્યા છે.

સાયબર સાવધાની
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

## વેકેશનનાં સપનાં ક્યાંક ગઠિયા સાવ રોળી ન નાખે



સાયબર ગઠિયા કોઈ મોકો, કોઈ વ્યક્તિ કે કોઈ હાલતમાં માલ પડાવાનું ચૂકતા નથી. અત્યારે દિવાળીના વેકેશનમાં તેઓ પર્યટકોને ટારગેટ કરે. રોજબરોજની દોડધામ અને માથાકૂટથી કંટાળેલા જીવો માટે બે-પાંચ દિવસનો આરામ-હવાફેર પ્રાણવાયુ સાબિત થાય છે. આથી સૌ ક્યાંકને ક્યાંક જવા તલપાપડ થઈ જાય છે, તો આરામને બદલે ઉપાધિ, ને નિરાંતને બદલે વ્યાધિ માથે આવી પડે એવો કપરો સમય આવી ગયો છે.

સૌને પ્રમાણમાં ઓછી રકમમાં દૂર ફરવા જવાનું, સસ્તામાં જમવું અને ઓછા પૈસે સારી હોટલમાં રહેવા-ખાવા-પીવાનું ગમે. આ માનવસહજ છે પણ જરા વિચારો કે કોઈ શા માટે સસ્તામાં પેકેજ આપે? પોતાનો નફો જતો કરે તો ઘર-ઓફિસ ચલાવે કેવી રીતે? ને કોઈ ગાઠનું ગોપીચંદન ઘસીને તો આપણને મોજમજા શા માટે કરાવે? છતાં ઘણાં થાપ ખાય જાય છે.

મુંબઈના એક મહિલા ડેન્ટિસ્ટને અજાણ્યા નંબર પરથી મેસેજ આવ્યો જેમાં આકર્ષક અર્થાત્ ખૂબ ઓછા દરે માલદિવ્સનું પેકેજ ઓફર કરાયું હતું. આમેય માલદિવ્સ ઓછા દિવસો અને પ્રમાણમાં ઓછા ખર્ચામાં ફરવા જવા માટેનું આકર્ષક-લોકપ્રિય ડેસ્ટીનેશન છે.


માલદિવ્સનું આ પેકેજ ઘણું સસ્તું હતું એટલે ડેન્ટિસ્ટ મહિલાને રસ પડ્યો. વાત કરી તો ખબર પડી કે આ ઓફર મોકલનાર ખુદ ટ્રાવેલિંગ કંપનીનો માલિક કમ મેનેજર હતો. લાંબી વાતચીતમાં તેણે આ મહિલાને વિશ્વાસ કરાવી દીધો કે આટલું સારું અને સસ્તું પેકેજ કોઈ નહિ આપે. થોડી તપાસ કર્યા બાદ એ સાચું પણ લાગ્યું.

માલદિવ્સ જવાના, એની રમણીયતા અને દરિયા કિનારે મજા કરવાના સપના જોવા સામે તેણે એક લાખ રૂપિયા ટ્રાન્સફર કરી દીધા, પરંતુ સામેથી ન કોઈ પેકેજ આવ્યું, ન કોઈ ટિકિટ આવી કે હોટેલ બુકિંગની તારીખ-રસીદ આવી સામેથી કથિત ટ્રાવેલિંગ કંપનીના માલિક કમ મેનેજર અને ફ્રોડસ્થ જાદુ એવા શખ્સે ફોન ઉપાડવાનું ય બંધ કરી દીધું.

અંતે મલબાર હિલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ પહોંચી. પોલીસે એનો ફોન નંબર લીધો. એક લાખ રૂપિયાની રકમ જે બૅન્કમાં ટ્રાન્સફર થઈ હતી એની વિગતો મેળવી લીધી. પોલીસે ગ્રાહક તરીકે ગુપ્તાને ફોન કર્યો, પરંતુ એ શખ્સ દરેક વખતે અવાજ બદલી-બદલીને વાત કરતો હતો. ગ્રાહક બનેલા પોલીસવાળાનો તે અલગ-અલગ મોબાઈલ ફોન નંબર પરથી સંપર્ક કરતો હતો. એ ખૂબ ચાલાક હતો.

ખૂબ લમણાઝીંક બાદ પોલીસે ગુપ્તાનું સરનામું શોધી કાઢ્યું. ભાઈ પંજાબના પીટ મુચાલાનો રહેવાસી હોવાની જાણકારી મળી. પોલીસ તરત મોહાલી જિલ્લાના સિકાપુર તાલુકામાં આવેલા આ ગામે જવા રવાના થઈ. વધુ માહિતી એ મળી કે ગુપ્તા વારેવારે પંજાબ, હરિયાણા અને હિમાચલ પ્રદેશમાં અવરજવર કરતો રહેતો હતો. પોલીસ સંપૂર્ણ ગુપ્તતા વચ્ચે એના ઘરે પહોંચી ગઈ, પરંતુ ભાઈને ન જાણે કેવી રીતે ગંધ આવી કે ઘરની અંદર જ પુરાઈ ગયો. ન દરવાજો ખોલે કે ન જવાબ આપે. અંતે સ્થાનિકોની મદદ લઈને અડધા પોણા કલાક બાદ પોલીસે ગુપ્તાને દબોચી લીધો.

તો તમે ય ધ્યાન રાખજો. વેકેશનની મસ્તી મુબારક હો. ■






પ્રકરણ ૧૦૦

# વેર - વિખેર

■ કિરણ રાયવડેરા




અરે, આ ઘર છે કે શું? દરેક જણ પુરાવાનો નાશ કરવા મરણિયું થયું છે. એનો અર્થ એ કરવો કે બધાંએ ભેગાં મળી જગમોહનને પતાવી દેવાનો પ્રયાસ કર્યો છે? ઓહ,નો એવું કેવી રીતે બને...? કબીર આવું વિચારતો હતો ત્યારે જગમોહનના બેડરુમમાં પ્રવેશેલી વ્યક્તિ બબડતી હતી:

'આટલું બધું અંધારું!'

'ઓત્તારીની...આ તો જમાઈબાબુ. એ અહીં શું કરે છે?' કબીર એને જોઈને ચમકી ગયો.

'આવો જમાઈબાબુ, આજે તમે રંગે હાથે પકડાઈ ગયા...' જતીનકુમારનો હાથ કબીરે પકડી લીધો:

'કબીરભાઈ, તમે એક વાર પોલીસ કમિશનર રહી ચૂક્યા છો, આવું હવાલદાર જેવું કાં વિચારો છે, યાર? શું હું તમને ખૂની લાગું છું?' જતીનકુમારે અંધકારમાં હવાતિયાં માર્યાં.

'કેમ ખૂની પોતાના ખિસ્સામાં 'પ્રોફેશનલ કિલર'નું વિઝિટિંગ કાર્ડ લઈને ફરે? તમે અહીં શા માટે આવ્યા?' કબીરે જમાઈ પર ગુસ્સો ઉતાર્યો.

'અરે ભાઈ, તમે આજે પુરાવાની વાત કરી કે મને થયું લાવ હું પણ શેરલોક હોમ્સ બનીને અહીં છુપાઈ જાઉં. જે પણ ખૂની હશે એ અહીં પુરાવાનો નાશ કરવા આવશે જ. મને શું ખબર તમે પહેલેથી અહીં બેઠા છો. તમે શું કરતા હતા?' જતીનકુમારને ઝાટકો મારીને કબીરની પકડમાંથી પોતાનો હાથ છોડાવી લીધો.

'હું પણ ગુનેગારની રાહ જોતો હતો અને તમે હવે પકડાઈ ગયા એટલે તમે વાર્તા ઘડી કાઢી?'

'ગાંડા કાઢો મા, જેમ્સ બોન્ડ સાહેબ, મને બોલવાનો બહુ ધખારો છે એટલે બધાંને મારા પર શંકા પડે. જે ખૂન કરે એ મારા જેટલું બોલે નહીં, પૂજા જેટલું મૌન રહે...' જતીનકુમારે કહ્યું.

'હવે તમે મને આડે માર્ગે દોરો નહીં. પૂજાનું નામ લઈને તમે મને એના પર શક થાય એવા પ્રયાસો કરી રહ્યા છો.' કબીર ગૂંચવાઈ ગયો. પૂજા થોડી વાર પહેલાં અહીં આવી હતી એ જતીનકુમારને ખબર હશે?

'સાચું કહું છું, મિ. કબીર લાલ' જતીનકુમારે પહેલીવાર કબીરને વ્યવસ્થિત રીતે સંબોધ્યો:

'મને તો આખું ઘર ખૂની લાગે છે, મારા સિવાય હોં.'

કબીરને લાગ્યું આ માણસ દેખાય છે એટલો બેવકૂફ તો નથી જ.

'એની વે, ચાલો, અહીં ઊભા રહીને ફાયદો નથી, જતીનકુમાર. કાલે વિચારશું કે હવે શું કરવું...' વધતા જતા ગૂંચવાડાને લીધે કબીરનો થાક વધતો જતો હતો.

કબીરભાઈ, 'સાચું કહેજો તો... તમને શું લાગે છે? તમારા મત મુજબ કોણ ખૂની હોઈ શકે?' જમાઈરાજે બહાર નીકળતાં પૂછ્યું.

'મને તો તમારા સિવાય કોઈ ખૂની હોય એવું લાગતું નથી.' કબીર ચિડાઈ ગયો.

'લ્યો સાંભળો, આવ બલા પકડ ગલા. વળી અહીં તો ગળું પકડીને એના માપનો ગાળિયો બનાવવાની યોજના પણ બની ચૂકી છે.'

જતીનકુમાર વધુ કંઈ બોલે એ પહેલાં કબીર પોતાના ગેસ્ટ રુમમાં ઘૂસી ગયો.

***

'ગઈ કાલે મેં જાહેર કર્યું કે જગમોહનના બેડરુમમાંથી મને પુરાવા મળ્યા છે તો કાલ રાતે ત્રણ વ્યક્તિ એને મિટાવવા રાતના ત્યાં પહોંચી હતી.'

બીજી સવારે દિવસે કબીર ડાઇનિંગ ટેબલ પર દીવાન પરિવારના સભ્યોને સંબોધીને રહ્યો 'શું વાત કરો છો, અંકલ? કોણ હતું એ?' ગાયત્રીએ જિજ્ઞાસાવશ પૂછ્યું.

કબીરે જવાબ આપવાને બદલે બધાં તરફ એક નજર દોડાવી. પૂજાએ હાથ ઊંચો કરીને કહ્યું:

'અંકલ, હું રાતના ત્યાં ગઈ હતી...'

કરણ પણ અચકાઈને ઊભો થયો:

'સોરી અંકલ, હું પણ ગયો હતો...'

જતીનકુમાર ઊભા થયા વિના બોલ્યા:

'કબીરબાબુ, આપણી મુલાકાત તો રાતના થઈ હતી.'

અચાનક વિક્રમ ઊભો થયો:

'અંકલ, સોરી હું પણ પપ્પાના બેડરુમમાં ગયો હતો...'

'તું... પણ ?! તારી મને ખબર નથી, કદાચ મારા નીકળી ગયા બાદ તું ત્યાં પહોંચ્યો હોઈશ...' કબીરને આશ્ચર્ય થયું. વિક્રમ ચૂપ રહ્યો.

પૂજા તરફ ફરીને કબીરે પૂછ્યું:

'પૂજા, તેં ઊંઘમાં ચાલવાનો ઢોંગ શા માટે કર્યો હતો?'

પૂજા ચોંકી ગઈ, પણ પછી તરત જ સ્વસ્થ થઈ ગઈ :

'સોરી અંકલ, કોઈ મને જુએ તો મારા પર શક ન કરે એટલે મેં ઊંઘમાં ચાલવાનું નાટક કર્યું હતું. જો કે મને ઊંઘમાં ચાલવાની બીમારી તો છે જ...'

'પણ તારા સસરાના બેડરુમની મુલાકાત લેવાનું કારણ શુ? તમારે પુરાવા ભૂંસવાની શી જરુર પડી?' કબીરના સ્વરમાં કરડાકી ભળી.

'અંકલ, મને ડર હતો કે જો વિક્રમ આ કેસમાં સંડોવાયેલો હોય તો પુરાવા મળવાથી એ ફસાઈ જશે એટલે એને બચાવવાના આશયથી હું ગઈ હતી...' પૂજા નીચું જોઈને બોલી હતી.

'અને કરણ તું?' કબીરે એ જ સત્તાવાહી અવાજમાં પૂછ્યું.

માફ કરજો...પણ મને એમ કે મારા જ ઘરની એક વ્યક્તિ આ કેસમાં ઇન્વોલ્વ્ડ છે. એ મમ્મી હોઈ શકે, વિક્રમભાઈ હોઈ શકે કે પછી કોઈ પણ... ઘરની વાત ઘરમાં જ રહી જાય તો આબરુ બચી જાય એ ઇરાદાથી મેં પુરાવા મિટાવવાની કોશિશ કરી હતી...'

'અને વિક્રમ, તું ?!' કબીરનો ચહેરો ભાવવિહીન હતો.

'અંકલ,' કરણ સામે જોઈને વિક્રમે કહ્યું:

'અંકલ, મને એમ કે આ ભૂલ મારા નાના ભાઈએ કરી હોય તો પુરાવા મળતાં એ ફસાઈ જશે, એટલે એને બચાવવા માટે...'

'જય હો... જય હો...' જતીનકુમાર ઊભા થઈને બોલ્યા:

'વાહ, હું ધન્ય થઈ ગયો. મંદિરમાં રાખીને જેમની રોજ પૂજા કરવી જોઈએ એવી વ્યક્તિઓ આ ઘરમાં આંટા મારી રહી છે. મારું તો જીવતર ધન્ય થઈ ગયું. દીવાન પરિવારે પુત્રો નહીં, મહાત્માઓ પેદા કર્યા છે...અને આવા પરિવારના જમાઈ હોવાનું મને સદભાગ્ય પ્રાપ્ત થયું છે...જય હો ! '

જતીનકુમારને આ નાટકીય અંદાજમાં જોઈને કબીરે એમની સામે એક વેધક દૃષ્ટિ ફેંકીને ચૂપ કર્યા અને પછી ધીમા સ્વરે બોલ્યો:

'ઘણા દુ:ખની વાત છે કે એક-મેક તરફ આવી લાગણી હોવા છતાંય તમે લોકો પરસ્પર ઝઘડ્યા કરો છો. દુ:ખમાં કે મુસીબતમાં જ પડખે ઊભા રહેવું જરૂરી નથી, સુખમાં પણ સતતપણે સાથે છીએ છીએ એ પ્રતીતિ એકબીજાને થવી જોઈએ...

એની વે, તમારામાંથી કોણ સાચું બોલે છે અને કોણ ખોટું એનો પત્તો હું મેળવીને રહીશ...'

'અને હા, એક છેલ્લી વાત...' કબીરે ખોંખારો ખાઈને ભારે સ્વરે ઉમેર્યું:

અત્યારની ઘડીએ હું નથી જાણતો કે જગ્ગેની હત્યા કરવાનો બદઇરાદો કોનો હતો, પણ એક વાત જરૂર કહીશ. જેની સાથે આપણે રહેતા હોઈએ, જેના પર આપણે અમુક અંશે નિર્ભર હોઈએ એ વ્યક્તિનું આપણે આપણા શબ્દોથી, આપણી હરકતોથી સતત ખૂન કરતા હોઈએ છીએ એટલે એ દૃષ્ટિથી જોઈએ તો તમે બધા ઓછેવત્તે અંશે ગુનામાં ભાગીદાર છો. ખૂન કરવા માટે રિવોલ્વરની જ જરૂર નથી, આપણા વલણથી, આપણા વ્યવહારથી પણ કોઈનો જીવ લઈ શકાય તેમ છે.'

બધાં ચૂપચાપ સાંભળતાં રહ્યાં, કબીર ફરી બોલવાનું શરુ કરે એ પહેલાં એના સેલનો રિંગટોન રણક્યો :

સામે છેડે કમિશનર રવિ શ્રીવાસ્તવ હતા :

'કબીર, તારી સૂચના મુજબ દીવાન પરિવારના તમામ સભ્યના ફોન પર છેલ્લા સાત દિવસમાં કોના ફોન આવ્યા એની વિગતોના પ્રિન્ટઆઉટ્સ અમે મોબાઈલ કંપની પાસેથી લઈ લીધા છે. મારા ત્રણ ઑફિસર દરેક પ્રિન્ટઆઉટને ધ્યાનથી ચકાસી રહ્યા છે, પણ મારી ઇચ્છા છે તું એક વાર અહીં આવી જા. હવે ખૂની હાથવગો છે એવું ખાતરીપૂર્વક કહી શકાય.'

'ગ્રેટ, રવિ...આઈ એમ ઓન માય વે... હું આવું છું,' કબીરે ઊભા થઈને કહ્યું. એક નજર ટેબલ પર હાજર દરેકના ચહેરા પર ફેરવતાં એ બોલ્યો:

'મારું કામ થઈ ગયું છે. હું કમિશનરની ઑફિસે જાઉં છું. આવીશ ત્યારે મારી પાસે જગમોહન દીવાનના દુશ્મનનું નામ હશે...'

ડાઇનિંગ ટેબલ પર સોપો પડી ગયો.

'અને હા, હું ન આવું ત્યાં સુધી કોઈ અહીંથી બહાર નહીં જાય...' બહાર નીકળતાં પહલાં કબીરે છેલ્લી સૂચના આપી.

***

'હું ન આવું ત્યાં સુધી કોઈ અહીંથી બહાર નહીં જાય.' કહીને કબીર કમિશનર રવિ શ્રીવાસ્તવને મળવા નીકળી ગયો.

જતીનકુમારે આસ્તેથી ગાયત્રીને પૂછ્યું: 'આ કબીરભાઈએ વિનંતી કરી કે ઑર્ડર...?'

ગાયત્રીએ હસીને કહ્યું: 'વિનંતી...'

'તો ઠીક છે, મને કોઈ ઑર્ડર કરે એ ગમતું નથી...'

'એ તો કોર્ટમાં કેસ ચાલે ત્યારે જજને પણ કહેજો કે મને કોઈ 'ઑર્ડર... ઑર્ડર' કરે એ ગમતું નથી...' કરણે ટીખળ કરી.

'ત્યારે હું મારો ઑર્ડર આપી દઈશ - એક પેગ વ્હીસ્કી વીથ સોડા...' જતીનકુમારે ગંભીર વદને કહ્યું.

ગાયત્રી ખડખાડટ હસી પડી.

'ખામોશ...' જતીનકુમાર બોલ્યા:

'પેલો પોલીસવાળો જોશે તો હસવા બદલ એરેસ્ટ કરી લેશે.'

'એ પોલીસવાળો મને નહીં પકડે, પણ તમે ચૂપ રહેશો તો પણ તમારી ધરપકડ કરશે...' ગાયત્રી હજી હસતી હતી.

'જાણું છું... જાણું છું...ઉપરવાળાની મારા પર મહેરબાની છે. મારી હાજરીમાં લોકો મારી જ વાત કરે છે ને મારી ગેરહાજરીમાં પણ લોકો મારી જ ચર્ચા કરે છે...'

'વાહ શું પર્સનાલિટી છે...' કરણ બોલ્યો.

'ક્યા બાત હૈ.. સાળાબાબુ, આજે બહુ મૂડમાં લાગો છો. તમારો એડ્મિશનનો પ્રોબ્લેમ સોલ્વ થઈ ગયો?' જતીનકુમારે એની સામે જોતાં કહ્યું.

કરણ ચૂપ રહ્યો.

'ગાયત્રી, હવે તું જ આ નાના સાળાને સમજાવ કે જે છોકરી સાસરે આવ્યા પહેલાં રુપિયાની માગણી કરે એ એના માટે કે ઘર માટે લાયક ન ગણાય...' જતીનકુમારે કહ્યું.

કરણ તાજ્જુબ થઈ ગયો: 'જમાઈબાબુ, આ તમે કહો છો?'

'લે, તો તું મને શું સમજે છે? મારે તારા જેવો દીકરો હોય અને આવી છોકરીને પરણવાની જીદ લઈને બેઠો હોય તો એને લાફો મારી દઉં...'

આ સાંભળીને રેવતી ખુશ થઈ ગઈ:

'વાહ, આજે પહેલીવાર તમે ઘરના જમાઈ જેવી વાત કરી...'.

'અરે, તમે લોકોએ હજી મને ક્યાં ઓળખ્યો છે! આ તો કોઈએ મારું નામ કાપલીમાં ન લખ્યું એટલે સમજાઈ ગયું કે બેઝિકલી તમે લોકો પણ સારા માણસો છો. એટલે જ મને થયું કે લાવ, હું પણ કુટુંબની મદદ કરી લઉં. સાળાબાબુ, છોડી દો એને... બીજી ઘણી મળી રહેશે...'

જતીનકુમારના અવાજમાં રહેલી આત્મીયતા કરણને સ્પર્શી તો ગઈ, પણ એ કંઈ બોલવા જતો હતો પણ પછી ચૂપ થઈ ગયો.

'હું તો પહેલાં જ એને કહી ચૂકી છું...' પ્રભા બોલી. કરણને યાદ આવ્યું કે જ્યારે પપ્પા પર હુમલો થયો ત્યારે મમ્મીએ એના કમરામાં આવીને એને આડકતરી રીતે સમજાવવાની કોશિશ કરી હતી.

'હા, કરણ, જ્યારે વડીલો કહેતા હોય ત્યારે એમની વાત માનવી જોઈએ.' વિક્રમ બોલ્યો.

'ડાહી સાસરો જાય નહીં... ' એવું કંઈક જતીનકુમાર બોલવા જતા હતા, પણ પછી કંઈક વિચારીને ચૂપ રહ્યા. વિક્રમની સલાહથી પણ કરણ માની જતો હોય તો ખોટું શું છે?

'કરણભાઈ...' પૂજા અચકાતાં અચકાતાં બોલી: 'ગમે તેટલી એ રુપાળી હોય, પણ અમને કોઈને એ તમારી રુપાલડી ગમતી જ નથી. ભગવાન જાણે તમે એમાં શું ભાળી ગયા છો.'

'હા, ભાઈ' રેવતીને લાગ્યું કે એણે પણ બોલવું જોઈએ: 'એ છોકરીના રિપોર્ટ સારા નથી, તારા જેવા ભઈલાને તો રાજકુંવરી મળી જશે.'

'રાજકુંવરી તો બોલો જ નહીં ભાઈસાબ, આ રુપા પચ્ચીસ લાખ માગે તો રાજકુમારી કરોડથી ઓછા ન લે...' જતીનકુમાર બોલ્યા. થોડી વાર રહીને એમણે ઉમેર્યું.

'કોઈ ગાયત્રીને તો એનો અભિપ્રાય પૂછો...'

'ગાયત્રીબહેનને તો રુપા પહેલી જ મુલાકાતમાં નહોતી ગમી.' રેવતીથી બોલાઈ જવાયું.

ગાયત્રીએ ધારદાર નજરે રેવતી સામે જોયું.

(ક્રમશ:)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી ગુરુવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ESCALATION | પ્રતિકાર |
| INTERVENTION | ઉશ્કેરણી |
| PROVOCATION | હસ્તક્ષેપ |
| RETRIBUTION | વધારો |
| RETALIATION | પ્રતિશોધ |

### ઓળખાણ રાખો

નારિયેળ, દૂધ, ખાંડ અને એલચીના મિશ્રણથી તૈયાર કરવામાં આવતી અને ધાર્મિક પ્રસંગે વપરાતી પ. બંગાળની મીઠાઈની ઓળખાણ પડી?



અ) ચમચમ બ) જેલપી ક) નરકેલ નારુ ડ) નોલેન પાયેશ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વા | ક્ | ૨ બા | ૩ ર | ૪ સ | | ૫ સ | ર | ૬ સ્વ | ૭ તી |
| રા | | ૮ વ | જ | હ | | દા | | ૯ ગ | ર |
| ૧૦ ફ | ૧૧ રા | ળ | | ૧૨ ન | ૧૩ વાં | | ૧૪ વિ | ત | થ |
| ૧૫ ર | જ | | ૧૬ વ | શી | ક | ૧૭ ર | ણ | | ધા |
| ૧૮ તી | ર | છી | | લ | | મ | | ૧૯ સા | મ |
| | મ | | ૨૦ વં | | ૨૧ ર | તિ | કાં | ત | |
| ૨૨ ફ | ત | ૨૩ ન | દે | ૨૪ વા | ળિ | યા | | ૨૫ મી | ૨૬ ન |
| ટા | | કો | | ૨૭ શિ | યા | ળ | | | વી |
| ૨૮ ક | ૨૯ ભા | ર | ૩૦ જા | | ત | | ૩૧ સા | | સ |
| ૩૨ ડા | મા | ડો | ળ | | | ૩૩ મુ | લ | ત | વી |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ | | ૫ | | ૬ | |
| | | ૭ | | | ૮ | | | | |
| ૯ | | | | ૧૦ | | | | ૧૧ | ૧૨ |
| | | | ૧૩ | | | | ૧૪ | | |
| | ૧૫ | | ૧૬ | | ૧૭ | | | | |
| ૧૮ | | | | | | | ૧૯ | ૨૦ | ૨૧ |
| ૨૨ | | | ૨૩ | ૨૪ | | | | ૨૫ | |
| | | ૨૬ | | | | ૨૭ | ૨૮ | | |
| | ૨૯ | | | ૩૦ | ૩૦-અ | | | | |
| ૩૧ | | | | | ૩૨ | | | | |

**આડી ચાવી**

૧. લક્ષ્મીપૂજનની તિથી (૫)
૫. મુંબઇમાં --- નું મંદિર પ્રખ્યાત છે (૪)
૭. કૃપાળુ (૫)
૯. તક, એક ગુજરાતી નાટક (૩)
૧૦. જુલમી, નિર્દય (જો.છૂ.) (૩)
૧૧. અણગમતી વ્યક્તિ (૨)
૧૩. કિંમત, લાગણી (૨)
૧૪. પ્રત્યક્ષ, પ્રસિદ્ધ, ખુલ્લું (૩)
૧૬. ખટપટ કરનારા (૫)
૧૮. મનને હરી લે એવું (૪)
૧૯. આકાશ, આભ (૩)
૨૨. બરોબર, યોગ્ય (જો. છૂ) (૨)
૨૩. મોભો, માન, તોલ (૩)
૨૫. સુધી (૨)
૨૬. મુરબ્બી, મોટ ઉંમરની વ્યક્તિ (૩)
૨૭. સાથ, સંગાથ (૪)
૨૯. કુંભારનો માકડો (૨)
૩૦. ન્યાયાધિશ (૨)
૩૧. ચોખામાંથી બનતી દિવાળીય ફરસાણ (૪)
૩૨. કૃષ્ણને ભાવતો થાળ (૫)

**ઊભી ચાવી**

૧. ધર્મના આચાર્ય (૪)
૨. તેરમી તિથી (૩)
૩. વસે, ઠરે, સમાય (૨)
૪. સમજાવવું તે (૫)
૫. દાઝ્યા ઉપર લગાવો (૩)
૬. છેક પાસે, અડીને (૪)
૮. દિલથી (૨)
૧૨. નદીનો એટલે નદી કિનારાનો વિસ્તાર (૨)
૧૩. એક મરાઠી વ્યંજન (૫)
૧૪. ઉપચાર, અખતરો, અનુષ્ઠાન (૩)
૧૫. ખાણ ખોદનારો (૩)
૧૭. વાંચવું તે (૩)
૧૮. દિવાળીનું ગુજરાતી ફરસાણ (૩)
૨૦. --- નું શાક થાય (૩)
૨૧. શહેર, પુર, (૩)
૨૪. જળમા જન્મનાર, કમળ, લક્ષ્મી (૩)
૨૬. -- બોર્ડનો વિવાદ ચાલે છે (૩)
૨૮. હણવું તે (૩)
૨૯. નકલ કરીને મજાક કરવી તે (૨)
૩૦-અ. તમે ભાવથી ---- (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'વતન પહોંચવાની ઝંખના હૈયામાં ટમટમતી રહી' પંક્તિમાં ઝંખના શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) ઈશારો બ) પરિસ્થિતિ ક) કાબેલિયત ડ) ઈચ્છા

### માતૃભાષાની મહેક

દિલ આવવું એટલે પ્રેમમાં પડવું. દિલ આબાદ કરવું એટલે ખુશ કરવું. દિલ ઉચાટ હોવું એટલે દુ:ખી હોવું. દિલ ઊંચું થવું એટલે નારાજ થવું. દિલ ખાટું થવું એટલે વેરભાવ થવો. દિલ ખીલવું એટલે મન પ્રસન્ન થવું. દિલ ચોંટવું એટલે કોઈ બાબતમાં મન સ્થિર થવું. દિલ તોડવું એટલે નાસીપાસ કરવું,

### સુડોકુ-૭૦૨૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૫ | | | ૯ | | ૨ | | |
| | | ૪ | | ૬ | | ૭ | | ૫ |
| | ૩ | | ૫ | | | | | |
| | ૪ | | | | ૬ | | | ૮ |
| ૮ | | ૯ | | | | ૬ | | ૧ |
| ૭ | | | ૧ | | | | ૯ | |
| | | | | | ૫ | | ૬ | |
| ૬ | | ૮ | | ૩ | | ૫ | | |
| | | ૫ | | ૧ | | | ૨ | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૧૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૨ | ૯ | ૬ | ૭ | ૧ | ૩ | ૮ | ૫ |
| ૩ | ૫ | ૭ | ૯ | ૪ | ૮ | ૧ | ૬ | ૨ |
| ૧ | ૮ | ૬ | ૫ | ૩ | ૨ | ૪ | ૭ | ૯ |
| ૮ | ૭ | ૫ | ૨ | ૧ | ૪ | ૬ | ૯ | ૩ |
| ૬ | ૧ | ૨ | ૭ | ૯ | ૩ | ૫ | ૪ | ૮ |
| ૯ | ૪ | ૩ | ૮ | ૫ | ૬ | ૭ | ૨ | ૧ |
| ૫ | ૬ | ૮ | ૧ | ૨ | ૭ | ૯ | ૩ | ૪ |
| ૭ | ૯ | ૪ | ૩ | ૮ | ૫ | ૨ | ૧ | ૬ |
| ૨ | ૩ | ૧ | ૪ | ૬ | ૯ | ૮ | ૫ | ૭ |

### ગુજરાત મોરી મોરી રે

'અપાત્ર આગળ ઉત્તમ વસ્તુ પણ નિરર્થક સાબિત થાય છે' એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

આરસી બહેરા ને આગળ ગાન આગળ અંધા

### ઈર્શાદ

થાય સરખામણી તો ઊતરતા છીએ,
તે છતાં આબરૂ અમે દીપાવી દીધી.

-- બરકત વિરાણી 'બેફામ'

### માઈન્ડ ગેમ

રશિયન ચલણ ૧ રૂબલ = ૦.૮૫ રૂપિયાનો વિનિમય દર હોય તો ૮૮૦ રૂબલની વસ્તુ માટે કેટલા રૂપિયા ચૂકવવા પડે એની ગણતરી કરો.

અ) ૬૯૯ બ) ૭૨૭
ક) ૭૪૮ ડ) ૮૧૫

### ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| DECENT | શિષ્ટ |
| DESCENT | વંશવેલો |
| DISSENT | અસહમતી |
| DEFUSE | નિરાકરણ |
| DIFFUSE | વિખેરવું |

ઓળખાણ પડી?
બાલુશાહી

માઈન્ડ ગેમ
૧૪૦

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
પાયમાલી

ગુજરાત મોરી મોરી રે
ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) સુરેખા દેસાઈ (૪) મુલરાજ કપૂર (૫) સુભાષ મોમાયા (૬) ભારતી બુચ (૭) કિશોરકુમાર જીવણદાસ વેદ (૮) તાહેર ઔરંગાબાદવાલા (૯) શીરીન ઔરંગાબાદવાલા (૧૦) વિભા મહેશ્વરી (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) નુતન વિપીન (૧૩) પુષ્પા ખોના (૧૪) લજિતા ખોના (૧૫) પુષ્પા પટેલ (૧૬) મીનળ કાપડિયા (૧૭) કમલેશ મૈઠિઆ (૧૮) મહેશ દોશી (૧૯) અશોક સંઘવી (૨૦) શ્રદ્ધા આશર (૨૧) જ્યોતિ ખાંડવાલા (૨૨) પ્રવિણ વોરા (૨૩) મહેન્દ્ર લોઢાવિયા (૨૪) ભાવના કર્વે (૨૫) નિખિલ બંગાળી (૨૬) અમીશી બંગાળી (૨૭) કિશોર બી. સંઘરાજકા (૨૮) અરવિંદ કામદાર (૨૯) અંજુ ટોલિયા (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) વિણા સંપટ (૩૨) નીતા દેસાઈ (૩૩) શિલ્પા શ્રોફ (૩૪) નિતીન બજરિયા (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) નયના ગિરીશ મિસ્ત્રી (૩૮) રશીક જુથાણી - ટોરંટો કેનેડા (૩૯) મનીષા શેઠ (૪૦) ફાલ્ગુની શેઠ (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશ દલાલ (૪૩) ઈનાક્ષી દલાલ (૪૪) હિના દલાલ (૪૫) મહેશ સંઘવી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) ગીતા ઉદેશી (૪૮) ધીરેન્દ્ર ઉદેશી (૪૯) જગદીશ ઠક્કર

# દિવાળીઃ સુખ તો વાતોના તડાકામાં છે, ભોગવી લેજો..!

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

જિંદગી ભર્તુહરિના શૃંગાર અને વૈરાગ્ય શતકના પાટા વચ્ચે ભાગે છે. બંને વિકલ્પ અંતિમ તબક્કા જેવા હોવા છતાં જિંદગીના અનેક તબક્કે શૃંગાર અને વૈરાગ્ય સાથે રહે છે. ભર્તૃહરિ કહે છે કે આ સંસારમાં જોવા જેવો પ્રિયતમાનો ચહેરો, સુંઘવા જેવો પ્રિયતમાનો શ્વાસ, સ્વાદ માટે પ્રિયતમાના હોઠ છે. એ પાછા ઉમેરે છેઃ છોડો આ બધું, પ્રિયતમા છે શું? માંસનો લોચો!


જિંદગી પણ ભર્તુહરિની વાતો જેવી છે. એક તરફ ગમતાનાં વખાણની સાથે ભીતર બંધ કરેલો વૈરાગ્ય ખોલી નાંખીએ છીએ. ભર્તૃહરિએ કહ્યું છે કે 'નસીબની પાછળ ન ભાગો. નસીબ તો કરંડિયામાં પૂરાયેલા સાપ જેવું છે. કરંડિયામા કશું ભોજન હશે એવું સમજીને ઉંદર કરંડિયો કોતરે અને સાપને ભોજન સાથે મુક્તિ મળે એ નસીબ.' નસીબ બહુ મોટી વસ્તુ નથી એ વાત આપણે ક્યારેય સમજતા નથી.

એક ફિલ્મની વાત કરવી છે : 'ઇન ટુ ધ વાઇલ્ડ'. ભારતમાં આપણને સહુને ખબર છે કે ઇશ્વર પાસે જવું હોય તો જૂનાગઢ કે હિમાલય થઈને કોઈ માર્ગ જાય છે. ભગવાન કે સત્ય જાણવાની ઇચ્છા હોય-થાય તો મોહમાયા છોડવાની યાત્રા કરવી પડે. જે લોકો નર્મદા પરિક્રમા કરે છે કે અંબાજી જવા નીકળે છે એ સહુને કોઇ માયામાંથી મુક્ત થવાની ઇચ્છા હોય છે. જીવનના સત્યની શોધની યાત્રા સરળ હોતી નથી.

'તમાશા' ફિલ્મ રિલીઝ સમયે ઇમ્તિયાઝ અલીને મળવાનો મોકો મળ્યો ત્યારે મેં એમને પૂછેલું કે, 'તમારી દરેક ફિલ્મોમાં સતત યાત્રા જ શા માટે હોય છે?' એમણે સરસ જવાબ આપ્યો હતો : 'યાત્રા અને પ્રેમ એ ટ્રેક પરના બે પાટા છે. જો પ્રેમ પામવો હોય તો યાત્રા જરૂરી છે. યાત્રા કરશો તો આપોઆપ પ્રેમ કરતા રહેશો...!'

'ઇન ટુ ધ વાઇલ્ડ' પણ આવી જ યાત્રાની ક્લાસિક વાત કરે છે. એક યુનિવર્સિટી સ્કોલર યુવાન ડિગ્રી, બેલેન્સ, લડતાં માતાપિતા, પ્રેમાળ બહેનને છોડીને જિંદગીનાં સત્યની શોધ માટે અલાસ્કાની બર્ફીલી વાદીઓમાં જવા નીકળી પડે છે. યુવાન કોઈ લિફ્ટ માગીને તો ક્યારેક ચાલતો અલાસ્કા તરફ જાય છે. માર્ગમાં સારી નોકરી અને સારી છોકરી સાથે એક દાદા પણ મળી જાય છે, જે પોતાનો વારસો અને મિલકત આપી દેવા તૈયાર છે. બે વર્ષની મજલમાં ગેરકાયદે સરહદ પસાર કરવાથી માંડી અનેક યાતનાઓ પણ સહેવી પડે છે. છતાં યાત્રા ચાલુ રહે છે. એક આદત હતી એની, રોજની નોંધ લખવાની.

અમેરિકાના વર્જિનિયાના યુવાન ક્રિસ્ટોફર મૈકૅંડલેસના જીવન પરથી બનેલી આ સત્યકથા માત્ર સામાન્ય યાત્રાની કથા નથી, આપણા જીવનના ખાલીપાને પ્રસ્તુત કરે છે. અંતે આપણો હીરો અલાસ્કા પહોંચે છે- શાંત વાતાવરણમાં એક નાની નદી પસાર કરીને જૂની બસમાં નિવાસ કરે છે. તારાઓની સુંદરતા, બરફના પહાડો, પાણીના ધોધ, જંગલનું જીવન, શાંત વાતાવરણ. સત્ય શોધવા માટે બીજું શું જોઈએ?



થોડા સમય પછી અલાસ્કામાં ઋતુ બદલાય છે. શિકાર ઓછા મળે છે એટલે આસપાસ ઉગતી વનસ્પતિ પર રહેવું પડે છે. હવે યુવાનને ઘર યાદ આવે છે. મિત્રો- પરિવાર યાદ આવવા લાગે છે અને ઘર તરફ જવા પ્રયત્ન કરે છે, પણ નદીનો પ્રવાહ વધતા માર્ગ બંધ જાય છે.

ફિલ્મમાં સુખદ અંત નથી, ભૂલમાં ઝેરી વનસ્પતિ ખાઇ લે છે અને પળેપળે મૃત્યુ તરફ આગળ ધકેલાય છે. એક સમયે પેલા દાદાને કહે છે કે સંબંધોમાંથી કોઈ સુખ મળતું નથી એ યુવાન અંતિમ પળોમાં માણસને મળવાની ઝંખના ધરાવતો થઈ જાય છે. મરતી વેળા યુવાન એક સત્ય લખે છે કે જીવનનાં સુખનું સત્ય શેરિંગ કરવામાં છે. આપણી આસપાસ પરિવાર તથા મિત્રો છે એટલે શેરિંગનું મહત્ત્વ ખબર નથી. એકલા અટૂલા પરિવારથી દૂર રહેતા હોય એમને પૂછો તો ખબર પડે કે સંવાદનું શું મહત્ત્વ છે.

દીવાળીના પ્રકાશનો આનંદ માણવા શેરિંગ એકમાત્ર અનિવાર્ય શરત છે. તમે ફટાકડા ફોડો અને કોઈ જોવાવાળું જ ન હોય તો?

દીવાળી પર સુખ એટલે તમે શેર નહીં કરી શકો તો મજા શી? તમે બીમાર છો ને ચાર જણા ખબર ન પૂછે તો મજા શી? બર્થ-ડે પર પાંચ-પચાસ કોલ ન આવે તો એ જન્મદિવસની મજા શું? ભગવાન બુદ્ધ અને મહાવીર સત્ય શોધીને લોકોના સમૂહમાં આવ્યા હતાં. અનુભવોને શેર કરવા. સુખ શેર કરવામાં છે- વહેંચવામાં છે.

આ દીવાળીના અવસરે પ્રતિજ્ઞા લઇએ કે મનભરીને વાતો કરશું. તમારા સુખ-દુઃખ, સમૃદ્ધિ, પ્રવાસો, સુખદ અનુભવો મનભરીને કહો. અંતે, હેપ્પીનેસ એ શેરિંગ જ છે.

યુધિષ્ઠિરના ભાઇઓ ઝેરી પાણી પીને મૃતપ્રાય થઈ ગયા હતા ત્યારે એમને બચાવવા યક્ષ સાથે પ્રશ્નોત્તરી કરી હતી. જે રીતે યુધિષ્ઠિરે સચોટ જવાબ આપ્યા હતા, એ જોતાં તો ક્યારેક માની જ ન શકાય કે આ માણસ જુગાર રમીને પરિવારને જોખમમાં મૂકી શકે. યક્ષે એક સવાલ પૂછ્યો હતો : 'જગતનું સૌથી મોટું આશ્ચર્ય ક્યું છે?'

યુધિષ્ઠિરે જવાબ આપ્યો હતો કે, 'નિકટના સંબંધીને મરતાં જોવાં છતાં પોતે ક્યારેય મરવાનો નથી તેવો મોહ રાખવો એ મનુષ્ય જગતનું સૌથી મોટું આશ્ચર્ય છે !'

આપણે પણ ક્યાં માનવા તૈયાર છીએ કે એક દિવસ પડદો પડવાનો છે. જે મળ્યું એ ભોગવવાની વાત તો દૂર રહી, પણ જે નથી એની પાછળ દોડવું આપણો સ્વભાવ બનાવતા જઈએ છીએ. ભાગતાં ભાગતાં સતત પામવાની ઘેલછા એટલે આધુનિક જિંદગી. ગરીબને પૈસા જોઈએ છે, પૈસાવાળાને લીંપણવાળું ફાર્મ....

### ધ એન્ડ :


યુરોપની એક કથા મુજબ સત્ય બહુ કઠિન હોય છે, એક બારીમાંથી સત્ય શોધવા જવાનું હોય છે, જ્યાં સફેદ પ્રકાશ સિવાય કશું હોતું નથી. બે-પાંચ લાખ વર્ષે એકાદ વ્યક્તિ આવતો હોય છે, ત્યાં સુધી જે બારીમાંથી અંદર ગયો એ સફેદ પ્રકાશમાં પડ્યો રહે.

# ગૈયા-મૈયાના સત્ત્વશીલ ગુણોનો ભંડાર દિવ્યાતિદિવ્ય છે...

તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com

'ગૈયા મૈયા' ગાયોની આધ્યાત્મિક યાત્રા અને વૈવિધ્યસભર સૌંદર્ય ભારતીયને ખાસ ગુજરાતની ગીરકાંકરેજ ગાયો વિશ્વ વિખ્યાત છે તેના સત્ત્વશીલ ગુણ અમૃત સમાન છે. તેનો જાત અનુભવનો નિચોડ આત્મચિંતન અને અંતઃસ્ફૂરણાથી શ્રી અરવિંદભાઈ સંઘવી- કૈસરે હિંદ મિલ - અમદાવાદવાળા ગાયો માટે પરોપકારી જીવન જીવતા હોય તેવી અનુભૂતિ તંતોતંત તેમની વાણીમાં થતી હતી. અમદાવાદમાં જોધપુર આર્ટ ગેલેરી ખાતે ભારતીય ગાયોનું ઓન્લી ફોર ગાયોની ભિન્ન ભિન્ન એકસ્ટ્રાઓર્ડિનરી તસવીરો વિખ્યાત તસવીરકાર તુષાર અજમેરાનું અદભુત પ્રદર્શન ૨૪ થી ૨૮મી ઑક્ટોબર સુધી હતું, પણ તેના પ્રણેતા અરવિંદભાઈ સંઘવી, દિલીપ શાહ, ડૉ. લીના ગુપ્તાનો ઉદ્દેશ હતો કે ગાયો વિશે અને તેના લાભાલાભથી ગાયોનું મૂલ્ય અતુલ્ય બને અને આવતી પેઢી ગાયોને આપણી સાચા અર્થમાં ગૌમાતા ગણે.

આ પ્રદર્શનમાં મને પણ જવાનો અવસર સાંપડતા ત્યાં ટેબ પર પડેલ 'ગોસત્ત્વ' પુસ્તકની થપી પર નજર પડી. તેના લેખક મનસુખભાઈ સુવાગીયાએ આ પુસ્તકની ૨૨મી આવૃત્તિને કુલ ૬.૮૫ લાખ આ બુક આપી છે. નવી પેઢીને ગોદોહન સંસ્કાર આંગણે ગોપાલનનો મુલાધારને તેના સત્ત્વશીલ ગુણના મણકા તેમાં આપ્યા છે. જેનાથી 'ગાય માતા' વિશે આત્મચેતના જાગશે અને તેના સારા ગુણો વિશે દિશા નિર્દેશ કરશે. ગાયના દૂધ-દહીં-માખણ-ઘી-છાસ અમૃત સમાન છે...!?



* જે ગાય નિત્ય જંગલ-ગૌચરમાં ઘાસ ચરવા જાય છે, તેના ગોસત્ત્વ અમૃત સંજીવની છે.

* જે ગાય તંદુરસ્ત છે, તેના ગોસત્ત્વનો ભૌતિક ગુણ ઉત્તમ છે.

* જે ગાય તેજ ચાલની તેજસ્વી સ્વભાવની, સમદાર આજ્ઞાંકિત, પાલક ઉપર અપાર પ્રેમ વરસાવનારી અને પાલક રક્ષક છે, તેના દૂધનો સૂક્ષ્મગુણ દિવ્યાતિદિવ્ય છે.

* ઓછું દૂધ આપનારી ગાયના દૂધનો પોષક ગુણ ગુણાંકમાં વધે છે. આથી અલ્પ દૂધ આપતા ગોવંશો બિનપોષક નથી એવું ન માનવું તે તમામ દેશી ગાય કામધેનુ છે.

ગાયોના તાજાં દૂધના દિવ્યગુણ વિશે અવગત થઈએ! ગાયનું દૂધ મધુર, સ્વાદિષ્ટ અને રુચિ ઉત્પન્ન કરનાર છે. તેમ જ ઓજસ, તેજસ, બળ, શુક્ર, મન્યુ (પ્રતિકારશક્તિ) અને ક્ષમતા રૂપી છે. રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર રૂપી શરીરની સાત ધાતુની વૃદ્ધિ કરે છે અને શરીરને ઓજસ્વી બનાવે છે. ગાયના દૂધમાં સુવર્ણતત્ત્વ છે, જે માનવીની રોગપ્રતિકારશક્તિ-પ્રાણશક્તિ અને ફળદ્રુપતાનો મૂલાધાર છે. ચાંદી તત્ત્વ છે. જે મગજશક્તિના ચારેય પાસા સ્મૃતિ (યાદશક્તિ), ધૃતિ (નિર્ણયશક્તિ), મેધા(યાદ રાખેલ જ્ઞાનનું પુનઃ સ્મરણ) અને પ્રજ્ઞા (અંતઃસ્ફૂરણા) વૃદ્ધિ કરે છે. ગાયના દૂધમાં પીળા રંગનો નેત્રજ્યોતિ પદાર્થ છે જે આંખોનું તેજ વધારે છે. પિત્ત (એસિડિટી), ગરમી, સૂક્ષ્મ ઝેર, શરીરમાં પ્રસરેલ વાયુ, રક્તપિત, આંતરડાનો રોગ, માનસિક રોગો, મૂત્રરોગ, હરસ, દુર્બળતા, ક્ષય, થાક, પેટની ગરમી, આંખના રોગો ગર્ભપાત અને યોનિરોગનો નાશ કરે છે, યૌવન ટકાવે છે.

હે વિશ્વના માનવો! દિવ્યજીવન, પરમ પ્રાણશક્તિ, દિવ્યવંશની પ્રાપ્તિ માટે દેશી ગાયના તાજાં-શુદ્ધ દૂધ, માખણ, ઘી, છાસનો નિત્ય આહાર લો. **- તસવીર આલેખનઃ ભાટી એન**

# દિવાળી પર જુગાર રમવો રિવાજોના નામે સામાજિક દૂષણ

વિવાદ
___એન. કે. અરોરા
feedback@bombaysamachar.com

આ એકવીસમી સદીમાં પણ લોકો દિવાળીના અવસર પર રીત-રિવાજ અને સંસ્કૃતિના બહાને જુગાર રમવાનું છોડતા નથી. એક અંદાજ મુજબ, દિવાળીના અવસર પર સમગ્ર ભારતમાં શહેરના મધ્યમ વર્ગના પરિવારો વચ્ચે આશરે રૂ. ૨૦ હજાર કરોડનો જુગાર રમાય છે, જે એક-બે નહીં પરંતુ હજારો પરિવારો માટે કાળી દિવાળી સમાન સાબિત થાય છે. દર વખતે આવી ઘટનાઓ પર લોકો આવા દુષ્કૃત્યોથી દૂર રહેવાના શપથ લે છે, પરંતુ પછી આવતા વર્ષે તેમની લાલચ અને જુગારની આદતને કારણે દિવાળીના અવસર પર જુગાર રમવાનો મોહ છોડી શકતા નથી. તેના માત્ર એક નહીં પણ અનેક ગેરફાયદા છે. સૌ પ્રથમ, જુગારથી આર્થિક નુકસાન થાય છે. જુગારની લતને લીધે, લોકો તેમની મહેનતની કમાણી ગુમાવી બેસે છે અને પછી આખું વર્ષ તેમના પરિવારોએ આર્થિક મુશ્કેલીઓમાં રહેવાની ફરજ પડે છે. ઘણા લોકો માટે, દિવાળી પર ધાર્મિક અને સાંસ્કૃતિક વિધિ તરીકે કેટલીક રમતો રમવાના હેતુથી શરૂ થયેલો જુગાર તેમના જીવનને બરબાદ કરવાનું સાધન બની જાય છે. જો આમ ન હોય તો પણ તે એક જબરદસ્ત દુષ્ટ અને નૈતિક અધઃપતનનું કારણ છે. કારણ કે જ્યારે આપણે જુગાર રમતા હોઈએ છીએ ત્યારે શરૂઆતમાં વિચારીએ છીએ કે આપણે એક-બે રમત રમીશું, પરંતુ જ્યારે આપણે રમવાનું શરૂ કરીએ છીએ, ત્યારે આપણે આ બધા વચનો ભૂલી જઈએ છીએ અને પછી ત્યાં સુધી રમતા રહીએ છીએ જ્યાં સુધી આપણે કાં તો બરબાદ થઈ જઈએ અથવા કમાવ્યા વિના આસાનીથી પૈસા આવે તેને બેદરકારીપૂર્વક ખર્ચ કરીને તેની આદતો બગાડી ન દઇએ. કહેવાનો અર્થ એ છે કે જુગાર એ જીતના સ્તરે પણ ખતરનાક છે અને હારના સ્તરે તો ખરાબ છે જ.



જો આપણે ભારતના ઐતિહાસિક અને પૌરાણિક સંદર્ભમાં જોઈએ તો, જુગારને કારણે થયેલા વિનાશની એક વાત નથી. નળ રાજા પણ જુગારમાં બધું હારી ગયા હતા અને પોતાના રાજ્યમાં ભિખારી તરીકે જીવવા મજબૂર હતા. જો આપણે આ પૌરાણિક કથાઓને બાજુ પર મૂકીએ તો પણ, આપણને આપણી આસપાસ ઓછામાં ઓછા એક વ્યકિતની વાર્તા ચોક્કસપણે જોવા અને સાંભળવા મળશે જે જુગારની લતથી બરબાદ થઈ છે. તેમ છતાં ભારતમાં લોકો જુગાર રમવાનું બંધ કરતા નથી. જુગાર, જેમાં બરબાદીની અસંખ્ય વાર્તાઓ છુપાયેલી છે, તે આજે પણ ભારતીયોને નવી રીતે આકર્ષે છે. પ્રાચીન સમયમાં રમાતી ચોપાટ અથવા ચોસરથી આગળ વધીને, પ્રથમ રમતા પત્તાએ તેની અસંખ્ય જાતો વિકસાવી અને આજકાલ જુગાર મોટા પાયે ઓનલાઈન થઈ ગયો છે એટલે કે ડિજિટલ, જ્યાં માત્ર એક ક્લિકથી જીતવાની અને હારવાની પદ્ધતિઓ વિકસાવવામાં આવી છે.

એવું કહેવાય છે કે વ્યક્તિને જે વસ્તુ સારી લાગે છે અથવા જે કરવામાં રોમાંચ અનુભવે છે, તે તેનું પુનરાવર્તન કરવા માટે કોઈને કોઈ બહાનું શોધી લે છે. ભારતમાં જુગારથી બરબાદ થયેલા લોકોની લાખો વાર્તાઓ છે. આ પછી પણ, જુગાર ક્યારેય ઓછો થયો નથી, ભલે દેશમાં કટોકટી હોય કે જુગાર પર પ્રતિબંધ મૂકવા માટે સખ્તી લાદવામાં આવી હોય. તેમ છતાં લોકો જુગાર રમવાનું બંધ કરતા નથી. એક અંદાજ મુજબ દર વર્ષે જુદા જુદા રાજ્યોની પોલીસ ૨ લાખથી વધુ જુગાર રમતા લોકોને પકડીને કાં તો જેલમાં મોકલી દે છે અથવા તો ભારે આર્થિક દંડ ભરીને છોડે છે. પણ આ બધાથી જુગારમાં બહુ ફરક પડતો નથી. પછી ભલે લોકોએ જુગારને કારણે બરબાદ થવાની ઘણી વાર્તાઓ જોઈ અને સાંભળી હોય. ભલે તે પોતે તેનો એક ભાગ બની ગયો હોય. પરંતુ જુગાર એ એવું વ્યસન છે કે જુગારીઓ ઈચ્છે તો પણ તેને સરળતાથી છોડી શકતા નથી.

સટ્ટાબાજી પણ એક પ્રકારનો જુગાર જ છે. આજના સમયમાં કોઈ પણ વસ્તુ પર દરરોજ કરોડોનો સટ્ટો રમાય છે. એકંદરે, દેશમાં દરેક પસાર થતા દિવસે જુગારનું ચલણ સતત વધી રહ્યું છે. હાલમાં આ ખરાબ આદતને પ્રોત્સાહન આપવા માટે દિવાળી સૌથી મોટું પ્લેટફોર્મ છે. તેથી, આપણે દિવાળી જેવા ધાર્મિક અને આધ્યાત્મિક તહેવારોને જુગારની પરંપરા સાથે જોડવા જોઈએ નહીં.

ફોકસ___વીણા ગૌતમ
feedback@bombaysamachar.com

# આ ડિજિટલ યુગમાં જૂના નૈતિક ઉપદેશો નહીં ચાલે, નહીં ચાલે !



દરેક પ્રશ્નનો જવાબ આપવા માટે તૈયાર ગૂગલ ગુરુ, ચમત્કાર જેવાં પરાક્રમો દેખાડતા ડિજિટલ ગેજેટ્સ અને વૈશ્વિક એકસપોઝરવાળી આપણી નવી પેઢી માટે જૂના નૈતિક ઉપદેશો નકામા છે. જૂઠું નહીં બોલો, તમારા વડીલો જે કહે છે તેનું પાલન કરો, તમારા ઘરે આવતા લોકો સાથે આદરપૂર્વક વર્તો. આ પરંપરાગત નૈતિક ઉપદેશો નવી પેઢીના વિચાર અને હાજરજવાબી સામે હાસ્યાસ્પદ લાગવા લાગ્યા છે. બદલાયેલા કૌટુંબિક અને સામાજિક વાતાવરણ વચ્ચે, બાળકોને નૈતિકતાનાં જૂનાં ધોરણો શીખવવા વ્યવહારુ કે સરળ નથી. આજના આ ડિજિટલ યુગમાં જૂઠું ન બોલવું, કોઈના પર આંધળો વિશ્વાસ કરવો જેવી બાબતો ખૂબ જ તુચ્છ બની ગઈ છે. આજે અરાજકતા, ગુસ્સો અને પરેશાની જેવી નકારાત્મકતા એવી છે કે ઘણી વખત માતા-પિતા ઇચ્છવા છતાં પણ તેમના બાળકોને તેમનાથી બચાવી શકતા નથી. કારણ કે જૂના સમયના નૈતિક ઉપદેશો તેમને નિયંત્રિત કરવા માટે પૂરતી નૈતિક શક્તિ પ્રદાન કરતા નથી. તેથી, આ ડિજિટલ યુગમાં, ભારતીય કિશોરો માટે માત્ર નવા યુગના નૈતિક ઉપદેશો જ ન હોવા જોઈએ, પરંતુ તેમાં આવનારા ભવિષ્યના દ્રષ્ટિકોણનો પણ સમાવેશ થવો જોઇએ. દાખલા તરીકે અત્યાર સુધી નાગરિકતાની લાગણી અને સંદર્ભ બંને મર્યાદિત હતા. આ પહેલા ડિજિટલ નાગરિકતા આપણા જીવનનો હિસ્સો જ ન હતી. જોકે આજે છે. તેથી, આજના કિશોરોને મહેમાનો અને અજાણ્યાઓ સામે આદર અને નમ્રતાથી કેવી રીતે વર્તવું તે શીખવવા કરતાં, તેમને ઓનલાઇન વિશ્વમાં અજાણ્યાઓ સાથે કેવી રીતે જવાબદારીપૂર્વક અને આદરપૂર્વક વર્તવું તે શીખવવું વધુ મહત્ત્વનું છે. સાયબર બુલિંગથી બચવા, અન્યની ગોપનીયતાનો આદર કરવા અને અજાણ્યા લોકો સાથે ઓનલાઈન વિશ્વમાં સચોટ માહિતી શેર કરવી આજની નૈતિકતાના આવશ્યક પાસાઓ હોવા જોઈએ.

આજે જરૂરી બની ગયું છે કે આપણે આપણાં બાળકોને શીખવીએ કે સોશિયલ મીડિયા પર જૂઠાણા, અફવાઓ અને ખોટી માહિતીઓથી પોતે કેવી રીતે બચીએ અને બીજાને કેવી રીતે બચાવીએ. નિઃશંકપણે, ઇન્ટરનેટ પર એ દરેક માહિતી ઉપલબ્ધ છે, જે આપણને જોઈએ કે જેના દ્વારા આપણે આપણો દૃષ્ટિકોણ રજૂ કરી શકીએ છીએ, પરંતુ આપણે આપણા કિશોરોને એ સમજાવવું જરૂરી છે કે ઈન્ટરનેટ પર ઉપલબ્ધ તમામ માહિતી પથ્થરની લકીર નથી. જો ઇન્ટરનેટ પર લાખો સાચી માહિતી છે, તો દસ લાખ ખોટી અને ભ્રામક માહિતી પણ છે. તેથી, આપણે આપણાં બાળકોને જાગૃત કરવા જોઈએ કે ઈન્ટરનેટ પર ઉપલબ્ધ દરેક માહિતી પર આંખ બંધ કરીને વિશ્વાસ કરવો જોઈએ નહીં, પરંતુ તેને વિવેચનાત્મક રીતે જોવી જોઈએ અને સમજવી જોઈએ. એકંદરે, માહિતીના વિશાળ મહાસાગરમાં સાચી અને ખોટી માહિતી જાણતા અને સમજતા શીખો.

એક સમય હતો, જ્યારે સમય પસાર થતો ન હતો, ત્યારે આ રૂઢિપ્રયોગ બહુ સામાન્ય હતો કે સમય પસાર કરવા કે ટાઇમ પાસ કરવા માટે, વ્યક્તિ ફલાણા કામ કરે છે. આજે તે સંપૂર્ણપણે વિપરીત છે. આજે સમય ક્યા સરકી જાય એનો ખ્યાલ પણ નથી આવતો. તેથી, આ ડિજિટલ યુગમાં, આપણે આપણાં કિશોરોને નૈતિક શિક્ષણ તરીકે ડિજિટલ ટાઈમ મેનેજમેન્ટ આવશ્યકપણે શીખવવું જોઈએ, કારણ કે આજના યુગમાં જો આપણા બાળકો સોશિયલ મીડિયા સાથે કામ કરતી વખતે આ બધામાં કેટલો સમય ફાળવવો પડે છે તેનું ધ્યાન ન રાખી શકતા હોય તો આ બેદરકારી તેમના વિનાશનું કારણ બની શકે છે. આજના સમયમાં, કંઈપણ ખોટું કર્યા વિના પણ સોશિયલ મીડિયા પર ખોટો સમય પસાર કરવો આપણને આપણા માર્ગથી દૂર ધકેલી શકે છે અને નિષ્ફળ બનાવી શકે છે. તેથી, આ ડિજિટલ યુગમાં, આપણા બાળકો માટે ડિજિટલ ટાઈમ મેનેજમેન્ટનું નૈતિક શિક્ષણ ખૂબ જ મહત્વપૂર્ણ છે.

આ સમય આવી ગયો છે કે આપણે આપણાં બાળકોને, જે ઉંમરમાં પહેલી બારાખડી શીખવવામાં આવે છે, એ ઉંમરમાં તેમને શીખવીએ કે આજની ઓનલાઈન દુનિયામાં, બીજાઓ કરતાં પણ આપણે આપણાં માટે જવાબદાર બનવું કેટલું મહત્ત્વનું છે. તે જ સમયે, આપણે તેમનામાં પ્રમાણિકતા અને સત્યનો સ્વીકાર કરવાની નૈતિકતા પણ કેળવવી જોઈએ કે જો તેઓને પૂછવામાં આવે તો જો દુનિયામાં કંઇક ખોટું થાય છે, તો વ્યક્તિએ તેને સરળતાથી સ્વીકારી લેવું જોઈએ, જેથી ભવિષ્યમાં તેમને પોતાને સુધારવું શક્ય બને. આટલું જ નહીં, આપણે આપણાં બાળકોને નાનપણથી જ સમજાવવું જોઈએ કે આજની દુનિયામાં એવી કોઈ જગ્યા નથી જ્યાં કેમેરાની નજર પહોંચી ન શકે. તેથી, ન તો ક્યાંય અવ્યવસ્થિત બનો અને ન તો તમારી ગોપનીયતા સંબંધિત કોઈ નબળાઈ બતાવો. સાથે જ અન્યની ગોપનીયતાનો પણ આદર કરો.

આ બધા સાથે, આજે આપણે આપણી નવી પેઢીને તેમનામાં અખિલ ભારતીયતાની દ્રષ્ટિ કેવી રીતે વિકસાવવી તે જણાવવું અને સમજાવવું જરૂરી બન્યું છે, કારણ કે આજે ઈન્ટરનેટના કારણે પ્રાદેશિકતાનો ઉભારો પહેલા કરતા વધુ ઝડપી બન્યો છે એટલું જ નહીં તે આંખના પલકારામાં ઘણી સમસ્યાઓ પણ ઉભી કરી શકે છે. ઉદાહરણ તરીકે, થોડાં વર્ષો પહેલા, બેંગ્લોર અને હૈદરાબાદમાં ઈન્ટરનેટ દ્વારા એક અફવા ફેલાઈ હતી કે સ્થાનિક લોકો નોર્થ ઈસ્ટના લોકો પર મોટો હુમલો કરવા જઈ રહ્યા છે, જેના કારણે રાતોરાત ઉત્તરમાંથી લોકો પલાયન થવા લાગ્યા હતા, જેને કેટલાય દિવસો સુધી રાત-દિવસ ઉચ્ચ કક્ષાની સક્રિયતા દ્વારા જ સંભાળી શકાયા હતા....અને અંતે સાયબર સુરક્ષા. હા, એ કહ્યા વિના ચાલે છે કે આજે ઓનલાઈન એ માત્ર મનોરંજન અને આનંદની જગ્યા નથી પરંતુ તે અંધકારની ગુનાહિત દુનિયામાં પણ પરિવર્તિત થઈ ગઈ છે. તેથી, તે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે કે આપણે આપણાં બાળકોને નાનપણથી જ કહીએ કે કેવી રીતે સાયબર વિશ્વમાં સુરક્ષિત રહેવું મહત્ત્વપૂર્ણ છે. આપણે નાની ઉંમરે બાળકોને તેમની વિવિધ દુનિયાના પાસવર્ડ્સ કોઈને ન આપવાનું શીખવવું જોઈએ, પરંતુ એ પણ મજબૂત પાસવર્ડ કેવી રીતે બનાવવો કે જે કોઈને તેમની દુનિયામાં ડોકિયું કરવાથી તેમના ડિજિટલ લોક તોડી ન શકે. આજે, આપણે આપણાં બાળકોને સમજાવવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે કે ઇન્ટરનેટ પર ઉપલબ્ધ તમામ રંગીન દુનિયામાં બિનજરૂરી ડોકિયું કરવું ખૂબ જોખમી હોઈ શકે છે. આનો અર્થ એ છે કે રોમાંચની રીતે પણ ખતરનાક વેબસાઇટ્સ ખોલવાનું ટાળવું જોઈએ. આ વાત આપણે નાનપણથી જ આપણાં નાના બાળકોના મનમાં ભરી દેવું જોઈએ. આને આ યુગનું નૈતિક શિક્ષણ માનવું જોઈએ, તો જ તેઓ આજે વધુ સ્માર્ટ અને સુરક્ષિત રહી શકશે.




હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## દિવાળીની ઉજવણી ‘દીપાવલી’માં

દિવાળી હવે કેલેન્ડરમાં વધુ શોભે છે. શહેરી જીવનમાં તો અસલના દિવાળી તહેવારની, ઉજવણી, એની - રંગોળી, મીઠાઈ, ફટાકડા, પૂજા, બોણી, બોનસની - તો લગભગ બાદબાકી જ થઈ ગઈ છે. અનેક લોકો દિવાળીના તહેવાર વખતે બહારગામ ફરવા ઉપડી જાય છે. આંધ્ર પ્રદેશના એક ગામના રહેવાસીઓ માટે તો આસો માસની અમાસ જ નહીં બારે બાર મહિનાના બધા દિવસો દિવાળી હોય છે. એનું કારણ એવું છે કે રાજ્યના શ્રીકાકુલમ જિલ્લાના ગામનું નામ જ દીપાવલી છે. પુરાણ કાળમાં શ્રીકાકુલમમાં એક રાજાનું શાસન હતું. શ્રદ્ધાળુ રાજા એક દિવસ ગામમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે શ્રીકુર્મનાથજીના દર્શન કરવા રોકાયા. ભક્તિભાવથી દર્શન કરી પાછા ફરતી વખતે અચાનક રાજા અચેતન થઈ ગયા. ગામના લોકોએ દીપ પ્રગટાવી રાજાની ચાકરી કરી.





લોકોની મહેનત ફળી અને રાજા હોશમાં આવી ગયા અને એમણે પહેલો સવાલ કર્યો કે ‘ગામનું નામ શું છે?’ ગામવાસીઓએ જવાબ આપ્યો કે એમના ગામનું કોઈ નામ જ નથી. જવાબ સાંભળી સહેજ ચોંકી ગયેલા રાજાએ કહ્યું કે ‘તમે બધાએ દીપ પ્રગટાવી મારી ચાકરી કરી છે અને એટલે હું ગામનું નામ ‘દીપાવલી’ રાખું છું. બસ એ દિવસથી ગામ ‘દીપાવલી’ તરીકે ઓળખાવા લાગ્યું છે...

## વિદાયના વહાલમાં ટાઈમ લિમિટ




સ્નેહીને વિદાય આપવાની વેળા મોટે ભાગે બહુ વસમી હોય છે. સજળ આંખોથી લઈ હીબકા ભરવાનાં દૃશ્યો જોવા મળે. વહાલથી ભેટી ‘આવજો’ કહેવાની પ્રથા વિશ્વભરમાં પ્રચલિત છે. જોકે, આનંદ બક્ષીએ ‘અચ્છા તો હમ ચલતે હૈં’ (હું હવે ચાયલી) એવા ‘ટાટા બાય બાય’ શબ્દો પરથી લખેલા પાંચ મિનિટ લાંબા ગીતની જેમ ઘણી વાર ‘આવજો’ કહેવાના અરમાન પૂરા જ ન થતા હોય એવાં દૃશ્યો પણ જોવા મળે છે. પરિણામે એરપોર્ટ પર ‘વૈકુંઠ નાનું ને વૈષ્ણવ ઝાઝા’ જેવી અવસ્થા ઊભી થાય છે. ન્યૂઝીલેન્ડના ડુનેડિન શહેરના એરપોર્ટ પર ‘ભેટવાની લિમિટ ૩ મિનિટ’ જેવા સાઈનબોર્ડ મુકવામાં આવ્યા છે. વિદાય વેળાના વહાલના અતિરેકને કારણે મુસાફરી કરનારને ઉતારવાના સ્થળે થતી ભીડ અને ટ્રાફિક જામ ટાળવા આ પગલું ભરવામાં આવ્યું છે. એરપોર્ટ એક્ઝિક્યુટિવ દ્વારા ખુલાસો કરવામાં આવ્યો છે કે ‘વિદાય લઈ રહેલા વ્હાલાજનો ખુશી ખુશી વિદાય લઈ શકે એ માટે ૨૦ સેકન્ડની ‘જાદુ કી જપ્પી’ પૂરતી હોય છે. લાંબુ વહાલ કરવા માગતા હોય એમને કાર પાર્કમાં ૧૫ મિનિટની છૂટ આપવામાં આવી છે. ૧૬મી મિનિટથી ચાર્જ વસૂલ કરવામાં આવશે.’ ■

## આ તે હવાઈ અડ્ડો કે ગાય - ભેંસનો અડ્ડો?!




ભેંસ પાતાળની પદમણી કહેવાય છે. આર્થિક રીતે તો એ ઘોડા અને બળદ કરતાં વધુ ઉપયોગી છે. નવચંદરી ભેંસનું દૂધ બુઢ્ઢાને જુવાન કરી દે એવી લોકવાયકા છે. બિહારના દરભંગા પ્રાંતનું મધુબની શહેર અનોખી ચિત્રકળા (મધુબની પેઈન્ટિંગ) માટે જાણીતું છે. જોકે, તાજેતરમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં મધુબનીનું એરપોર્ટ ગાય-ભેંસને કારણે ચર્ચાસ્પદ બન્યું છે.

૪૨ વર્ષ પહેલાં બનેલા આ હવાઈ અડ્ડાના રન-વે પર વિમાનો દોડતાં કે ટેક ઓફ કરતાં નથી જોવા મળતાં, બલકે ભાંભરતી ગાય-ભેંસ દોડાદોડ કરતી જોવા મળી રહી છે. એટલું જ નહીં, મેદાનમાં ફેરવાઈ ગયેલા આ એરપોર્ટના રન-વે પર અનેક ઠેકાણે દોરી બાંધી લોકો કપડાં સૂકવતાં જોવા મળી રહ્યા છે. આ એરપોર્ટ કમર્શિયલ ફ્લાઈટની આવન-જાવનના હેતુ માટે તૈયાર કરવામાં આવ્યું હતું. આજની તારીખમાં તો રાજનેતા મધુબની આવવાના હોય ત્યારે ગાય - ભેંસને આઘીપાછી કરી હેલિકૉપ્ટર ઉતરાણ કરી શકે અને નેતાની સભાનું આયોજન થાય એ માટે ત્યાં સાફ સફાઈ કરવામાં આવે છે. નેતાની સભા પૂરી થતા ગાય-ભેંસની સભા ભરાય. હવાઈ અડ્ડો ભેંસનો અડ્ડો બની જાય એ તો હદ કહેવાય. અમેરિકામાં ન્યૂયોર્ક સ્ટેટમાં બફેલો નામના શહેરનું એરપોર્ટ છે જ્યારે બિહારમાં બફેલો ઓન એરપોર્ટ છે. અજબ દુનિયાની ગજબ વાત, બીજું શું!

## માણસના વાનરવેડા

ઉત્ક્રાંતિના નિયમ અનુસાર કાળક્રમે બદલાવ થવાથી વાનરમાંથી મનુષ્ય અવતર્યો. ફેરફારની પ્રક્રિયા ઘણી આગળ વધી અને સભ્ય, સુસંસ્કૃત માનવી વિકસ્યો. આજનો માનવી પ્રખર બુદ્ધિ ધરાવે છે એ ખરું, પણ વાનરવેડા કરવાનું વિસર્યો નથી. મૂંગા પ્રાણી પર અત્યાચાર આચરી ક્રૂર આનંદ મેળવવાનો એનો સ્વભાવ માનસિક પાછતપણાનું લક્ષણ છે. જાવા-સુમાત્રા જેવા જગવિખ્યાત ટાપુ ધરાવતા ઈન્ડોનેશિયામાં માનવીના વનરવેડાનો અરેરાટીભર્યો કિસ્સો બહાર આવ્યો છે. વાનરોને એમના બચ્ચાઓથી અલગ કરી, ભૂખ્યા રાખી, મારપીટ કરી, ગળામાં સાંકળ બાંધી, ચિત્ર વિચિત્ર પોશાક તેમજ માસ્ક પહેરાવી નાનકડા પાંજરામાં બંધ



રાખી સહેલાણીઓને જલસા પડે એવો વિકૃત પ્રયાસ કરવામાં આવતો હતો.

સદ્નસીબે પ્રાણીપ્રેમી સંસ્થાના ધ્યાનમાં આ વાત આવી અને ચોરાયેલા વાનરોને બંધનમાંથી મુક્તિ આપવામાં આવી છે. બીજી તરફ અમેરિકાના પોર્ટલેન્ડ નામના શહેરમાં ચામાચીડિયા વિશેની અનેક ગેરસમજ અને ભય દૂર કરવા ઓનલાઈન બ્યુટી કોન્ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ભાગ લેવા માગતા લોકોએ ઈન્સ્ટાગ્રામ સહિતના સોશિયલ મીડિયા પર ચામાચીડિયાના ફોટોગ્રાફ પોસ્ટ કરવાના રહેશે. સૌથી ક્યુટ ચામાચીડિયાને બક્ષિસ આપી જનતામાં એના વિશે તલસ્પર્શી જાણકારી આપવામાં આવશે.

## લ્યો કરો વાત!

જીવનમાં કશુંક મેળવવા માટે મનુષ્ય મંદિરના પગથિયાં ચડી ઘંટ વગાડી પ્રભુને પ્રાર્થના કરતો હોય છે. જોકે, જાપાનનાં એક મંદિરના પગથિયાં લોકો સદીઓ સુધી કશુંક મેળવવા નહીં પણ કશાકમાંથી છુટકારો મેળવવા માટે ચડતા હતા. ત્યાં ખોળો પાથરતા હતા. ૧૩મી સદીમાં બંધાયેલા માત્સુગાઓકા ટોકેઈ- જી નામના મંદિરમાં ઘરેલુ હિંસાનો શિકાર બનતી મહિલાઓ પતિના બંધનમાંથી મુક્તિ મેળવવા અહીં આવતી અને સેંકડો વર્ષો સુધી મંદિરનો કાનૂન ત્રસ્ત મહિલાને આઝાદ કરતો. લગભગ ૬૦૦ વર્ષ સુધી મંદિરના કારભારમાં પણ કોઈ પુરુષ સામેલ નહોતો થઈ શક્યો. ■




## રમુજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**અભિમાનના બ્રાન્ડ એમ્બેસેડર રાવણ તો સ્વાભિમાનના કોણ?**
* તમે પોતે....!

**ઉનાળાની જેમ દિવાળી વેકેશનમાં પત્ની પિયર કેમ જતી નથી?**
* પિયરમાં માળિયું-વાસણોની સફાઈ ના કરવા પડે માટે...

**ઝીરો ઈન્ટરેસ્ટ, ઝીરો ટોલરન્સ, ઝીરો પોલ્યુશન... આ બધુ શું છે?**
* મીંડા (ઝીરો)નો પરિવાર.

**હદ અને સરહદ વટાવે તો શું થાય?**
* વાદવિવાદ કે વેરઝેર થાય...

મને હોટલમાં જમવાનું હવે ફાવતું નથી.
આ ‘મન કી બાત’ તમારી મિસીસને હિંમતભેર કહેજો.

માથાના વાળ કપાવતી વખતે માથું કેમ નીચું રાખવું પડે છે? કાપનારનું માથું ઊંચું રહે એ માટે.

**એર હોસ્ટેસ જેવી સુંદર-સ્માર્ટ યુવતી સિટી બસમાં રાખવામાં આવે તો?**
* તો બસ ચાલક અને પેસેન્જરોની હાલત અને આદત સુધરી જાય...

મહેમાનમાં માન શબ્દ કોના માટે છે?
યજમાન ને મહેમાન બન્ને માટે....

**સદીઓ પહેલાં મહાભારત, રામાયણ, પંચતંત્ર વગેરેની વાતો પ્રચલિત હતી. આજે શું?**
* આજે હવે, ફિલ્મ, સિરિયલ, મોબાઈલ, સોશિયલ મીડિયાની વાતો થાય છે.

**પાખંડી સાધુ કયા ખંડમાં રહેતા હશે?**
* મંદિર પરિસરના ખંડમાં.

**ગુંડાને ગૅંગસ્ટરના બદલે ગૅંગ સ્ટાર કહીએ તો ચાલે?**
* ફિલ્મ સ્ટાર લોકોને વાંધો પડે....

**હમ નહીં સુધરેંગે : આ વાક્યના રચયિતા કોણ છે?**
* આપણા શ્રીમાન નેતાઓ...

**બે દેશ વચ્ચે યુદ્ધ શા માટે થતા હશે?**
* દારૂગોળોનો સ્ટોક હવાઈ ન જાય એ માટે

**જૂના રસ્તા પર હવે નવા રસ્તાના નામકરણથી કોઈ ફાયદો થાય?.**
* નેતાને ઉદ્ઘાટનનો લાભ મળે અને નામકરણવાળા પરિવારને પ્રસિદ્ધિ મળે.

**ઓછું ભણ્યો છું. તો પણ માનપાન મળે એ માટે શું કરું?**
* એક્ટિંગ કરી શકો તો નેતા કે અભિનેતા બની જાવ...

**ગિર્દીમાં આગળ કેવી રીતે વધી શકાય?**
* ધક્કા મારીને...

**ધરમ ધક્કામાં કોઈ ધર્મ છુપાયેલો છે?**
* પરિશ્રમ અને નિષ્ફળતાનો ધર્મ.

**ઉંદર અને બિલાડી વચ્ચે શેનું વેર હશે?**
* એમના દાદા-પરદાદા જાણે.

**કૂકરની સીટીમાં ફોન જેવા રીંગ ટોન મળે?**
* હા, મળે...કૂકરમાં મોબાઈલને ટાઈમ સેટ કરીને મૂકી દો...

**વાઈફ ટીવી- ફ્રીઝ - ઘંટી હપ્તાથી ખરીદવાની જીદ કરે છે?**
* પત્નીને ખરીદી અપાવવાનું વચન આપો હપ્તાવાર...

મગજ મંથન_ વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# દરેક નવા વર્ષે વિચાર- ક્રાંતિ થવી જોઈએ

## વર્ચ્યુઅલ વર્લ્ડમાં સ્નેહના સંબંધોમાં ઓટ આવી છે

દિવાળી એટલે ઘર આંગણાની સાથે સાથે દિલમાં પણ સદ્વિચાર અને સદ્ભાવનાનો દીવો પ્રગટાવવાનો દિવસ....દિવાળી એટલે આનંદના દીપ પ્રગટાવી,મન અને જીવનમાં રહેલા અજ્ઞાન,ક્રોધ અને ઉદાસીનતાના અંધકારને દૂર કરવાનો દિવસ....

દિવાળી એટલે - જાત ધર્મની સંકુચિત વાડાબંધી છોડી સૌનો સ્વીકાર કરવાનો દિવસ.....દિવાળી એટલે વિવાદ છોડી,સંવાદના માર્ગે આગળ વધવાની શરૂઆત..... આમ દિવાળી એટલે દિવાળી !

દિવાળીમાં ટમટમતા દીવડા ઘરનો અંધકાર તો દૂર કરશે,સાથે સાથે ભીતરનો પણ દીપ પ્રગટાવીને આપણે ભીતરના અંધકારને પણ દૂર કરીએ.



વર્ષ તો બદલાઈ રહ્યું છે,પરંતુ આપણે જૂના વિચારો સાથે નવા વર્ષમાં પ્રવેશીએ છીએ.વર્ષ બદલાશે, પણ આપણા વિચાર નહીં બદલાય તો બધું નકામું છે.વર્ષ બદલાવવાની સાથે સાથે આપણા વિચારો પણ બદલાવવા જોઈએ.આપણી માનસિકતા પણ બદલાવવી જોઈએ.દરેક નવા વર્ષે વિચારક્રાંતિ થવી જોઈએ.

હકીકતમાં નવા વર્ષે નવું કંઈ થતું નથી.એના એ જ વિચાર,એના એ જ વ્યવહાર અને એ જ જીવન.તારીખ બદલાવાથી શું થાય ? વર્ષ બદલાવાથી શું થાય ? માનસિકતા ન બદલાય તો બધું નકામું !

નૂતન આશાને થનગનતી ઉમ્મીદ લઈને દિવાળી પર્વ ઉજવશું.ઘરના આંગણે પ્રગટાવેલા દીપક સૌને અજ્ઞાનતાના અંધકારને ઓગાળવાનો સંદેશ આપેછે.વિક્રમ સંવત ૨૦૮૧ના સૂર્યનાં કિરણો આપણા સૌના અંતરના દ્વારને ખખડાવી રહ્યા છે.વર્ષના પ્રારંભે કેટલાક એવા સંકલ્પો કરવા જોઈએ કે જે આવનારા વર્ષમાં આપણા માટે મદદરૂપ પુરવાર થઈ શકે.નવા વર્ષની નૂતન સવારથી નવા સંકલ્પો પર અમલ કરીને આપણે ભવિષ્યને સુંદર બનાવી શકીએ.

આજની આ દોડતી દુનિયામાં કોઈ વ્યક્તિને અન્ય માટે સમય નથી,ત્યારે તમારા માટે કોઈપણ જાતના સ્વાર્થ વગર જરૂર પડે ત્યારે ઊભા રહે એવા લોકો ઈશ્વરના આશીર્વાદ સમાન હોય છે.તમે ભલે કોઈ વ્યક્તિ સાથે દિવસની ફક્ત દસ મિનિટ વિતાવો પરંતુ તે તમારા વિશે બાકીના ૨૩ કલાક અને ૫૦ મિનિટ વિચારે એવું કંઈક કરો.તમને સંબંધો બનાવતા અને એની માવજત કરતા આવડવું જોઈએ.આ વર્તમાન સમયમાં સંબંધો જ ઉપયોગી થતા હોય છે. ઘણી વખત નાના લાગતા લોકો જ તમને જિંદગીમાં ખરા સમયે કામ આવતા હોય છે.આવા લોકોની ટીમ જ તમને મુશ્કેલીમાંથી બહાર લાવવામાં મદદરૂપ થશે.તમારે સંબંધને મજબૂત બનાવવા માટે સામે વાળી વ્યક્તિને સમજીને પૂરો સમય આપવો જ રહ્યો.કોઈ પણ સંબંધ એકતરફી હોય તો તેના ભવિષ્ય પર હંમેશાં પ્રશ્નાર્થ લાગેલો રહે છે.પરસ્પરના સંબંધો માત્ર નાણાકીય વ્યવહાર પૂરતા જ સીમિત નથી હોતા. આ સંબંધો એકબીજાને વિચારોથી પણ મદદ કરી શકે છે.એકબીજાના કામકાજ આટોપીને પણ મદદરૂપ થઈ શકે છે. એકબીજાને મોરલ સપોર્ટ આપીને પણ મદદરૂપ થઈ શકે છે. અર્થાત્ સંબંધોની ઉપયોગિતા વિશે તો લખીએ એટલું ઓછું.ખાસ કરીને ટેકનોલોજીના વિકાસ પછી તો સોશિયલ મીડિયાના માધ્યમે એટલા બધા સંબંધો વિકસાવવાનો અવસર મળ્યો છે કે ન પૂછો વાત.દુનિયાના ખૂણે ખૂણેથી લોકોના સંપર્કમાં આવવું ખૂબ જ સરળ બની ગયું છે.આ માધ્યમના આધારે બંધાતા સંબંધ ઘણી વખત ખૂબ જ મદદરૂપ થતા હોય છે.બંને વચ્ચેના અંતરને લીધે ઘણી વખત એકબીજાને મળવું ખૂબ જ ઓછું બનતું હશે તેમ છતાં એકબીજાને ઉપયોગી થવાનું ખૂબ જ સરળ થઈ ગયું છે.

જોકે, સોશિયલ મીડિયા અને વર્ચ્યુઅલ વર્લ્ડના ફાયદાની સાથે સાથે તેમનાં કેટલાક ડ્રોબેક - ખામીઓ પણ છે. આજકાલ લોકો સોશિયલ મીડિયામાં એટલો બધો સમય વિતાવે છે કે, તેમને પોતાના સાચા મિત્રો અને આસપાસના લોકો વિશે વધુ માહિતી જ હોતી નથી.આભાસી દુનિયાના લોકો તમને થોડા સમય માટે આનંદ આપશે અથવા તો દૂર રહીને જેટલું મદદરૂપ થઇ શકાય એટલા મદદરૂપ થઈ શકે. પણ જિંદગીભરના મજબૂત સંબંધો તો તમારી આસપાસની અસલી દુનિયામાં જ પડેલા છે. તેનો આદર કરો અને તેને તમારો કીમતી સમય આપો.

હા, સોશિયલ મીડિયા પર પણ ક્યારેક ઘણા સારા અને સાચા દોસ્ત મળી રહે છે.એ કદાચ મદદરૂપ પણ નીવડે, પરંતુ એ મેળવવા તમારા વર્ષો જૂના સંબંધોનો ભોગ આપવો યોગ્ય નથી.જિંદગી હંમેશાં સરળ નથી રહેતી. ક્યારેક તેના અટપટા વળાંકો તમને ખૂબ કપરા મોરચે લાવીને ઊભા કરી દેતા હોય છે.આવા વખતે તમને વર્ષોથી જાણતા કે સમજતા લોકો તરત જ દોડીને આવશે અને તમારી સમસ્યા ઉકેલવામાં જીવ રેડી દેશે.આવા સમયે આભાસી મિત્રો દોડીને આવી શકતા નથી. આભાસી દુનિયાનો અતિરેક ક્યારેક અસલી દુનિયાના મહત્ત્વના સંબંધોનું ગળું ભીંસી નાખતા હોય છે.

આજના આ વર્ચ્યુઅલ વર્લ્ડમાં સ્નેહના સંબંધોમાં ઓટ આવી છે.એક સમયે તો નવા વર્ષે સૌ વહેલાં વહેલાં ઊઠી અને એકબીજાના ઘરે જઇને ‘રામરામ-જય શ્રી કૃષ્ણ કે નૂતન વર્ષાભિનંદન’ જેવા શબ્દોથી એકબીજાને વધાવતા.આજે આ બધી ભાવના ઘટતી જોવા મળે છે. ક્યાંક ક્યાંક લોકો એકબીજાને કદાચ મળતા હશે તો માત્ર મળવા ખાતર મળે છે, પરંતુ હૃદયના ઊંડાણથી નથી મળતાં. જે ભાવ ઉત્પન્ન થવો જોઈએ તેમાં દુકાળ જોવા મળે છે. આજે સૌ કોઈ ફોન દ્વારા કે ટેકસ મેસેજ અથવા તો face book, whats App જેવા આસાન સાધનોના માધ્યમે અરસપરસ શુભેચ્છા આપીને સંતોષ માનતા થઈ ગયા છે. મતલબ કે જે સો બસો વર્ષ પહેલાનો ભાવ અને વ્યવહાર હતો તે સદંતર નાશ પામ્યો છે. નવા વર્ષે નવા સંકલ્પો તો અનેક લેવામાં આવે છે, પરંતુ તમે જાણો છો કે આ લીધેલા સંકલ્પો થોડા સમયમાં ભૂલી જવાય છે અને આપણું જીવન ઠેરનું ઠેર ચાલવા લાગે છે. જો ખરા અર્થમાં સંકલ્પ લઈને અમલ જ કરવો હોય તો એને યાદ રાખવા માટે જાગૃત રહેવું જરૂરી છે.

માનવીય વર્તણૂકને લગતી વાતો વિશે મનોવૈજ્ઞાનિક ડો. સ્વાઈન બર્ન એવું કહે છે, ‘જો તમે લીધેલા સંકલ્પો પૂરા કરવા ઈચ્છાશક્તિ પર આધાર રાખશો તો મોટે ભાગે નિષ્ફળ રહેશો. તેથી સંકલ્પ પૂર્ણ કરવા માટે મક્કમ બનવું જરૂરી છે....’ ■

કચ્છી ચોવક___કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# સોબતમાં સ્વાર્થ જોવાના પ્રકાર દર્શાવે છે...



માણસો સોબત પણ મોટાભાગે સ્વાર્થી થઈને જ પસંદ કરતા હોય છે. કોની સોબત કરવાથી કયા પ્રકારનો લાભ થાય? એ પ્રશ્નાર્થ ચિહ્ન ધારી વિચાર ચોક્કસ આવી જતો હોય છે. જો કે, સોબતમાં સ્વાર્થ જોવાના ઘણા પ્રકાર હોય છે. જેમ કે, આચાર, વિચાર, જ્ઞાન, અર્થ, પરમાર્થ વગેરે... વગેરે! એક ચોવક છેઃ ‘સાધૂંયેંજી સંગત મેં વારેં જા ડરશન’

‘સાધૂંયેંજી શબ્દનો અર્થ થાય છેઃ સાધુઓની. ‘સંગત’ એટલે સોબત. ‘મેં’ એટલે ‘માં’ અને ‘વારેં’નો અર્થ થાય છેઃ વાર કે તહેવાર. ‘જા’નો અર્થ થાય છેઃ નાં અને ‘ડરશન’ એટલે દર્શન! અહીં ‘સાધુ’ શબ્દ પ્રતીકાત્મક રીતે મૂકવામાં આવ્યો છે. તો, ચોવકનો શબ્દાર્થ થાય છેઃ સાધુઓની સંગતમાં વાર-તહેવારનાં જ દર્શન થાય. મતલબ કે, તેમની સંગતમાં બીજો કોઈ લાભ ન થાય.. અને એ જ તેનો ભાવાર્થ છે!

આમ તો ગુજરાતીમાં એક કહેવતનો આપણે બોલચાલમાં ઉપયોગ કરતા હોઈએ છીએં કે, ‘વાસ વસે તેવી બુદ્ધિ આવે’ એવી જ બીજી કહેવત છે ‘સોબત તેવી અસર’ અને એ જ અર્થમાં ચોવક પણ રચાણી છેઃ ‘વાસ વસે એડ઼ી બુધી અચે.’ ‘વાસ વસે’ એ બે શબ્દોનો સમૂહ છે જેનો એક સાથે જ અર્થ સમજવો યોગ્ય રહેશે. તેનો અર્થ થાય છેઃ જેવો સહવાસ/વસવાટ. ‘એડ઼ી’ એટલે તેવી અને ‘બુધી’નો અર્થ ‘બુદ્ધિ’ જ થાય છે. પણ મૂળમાં ચોવકને તો કહેવું એટલું જ છે કેઃ સોબતની અસર કે જેવી સોબત તેવી વાણી-વિચાર-વર્તન અને સંસ્કાર પર અસર!

એક ચોવક છે, જે સંબંધોનું મૂલ્ય સમજાવે છે. એ ચોવક છેઃ ‘વાડ઼ે સેં વેડ઼ ન કરાજે’ વાડ શબ્દથી ગુજરાતીમાં આપણે પરીચિત છીએં, સામાન્ય રીતે ખેતર કે વાડીના મોલની રક્ષા કરવા માટે ફરતી બંધાતી એ વાડ! એ વાડનો વાડીના માલિક અને લહેરાતા મોલ સાથે નિત્યનો નાતો! ‘સેં’ શબ્દનો અર્થ થાય છે ‘થી’ અને ‘વેડ઼’ એટલે ઝઘડો અને ‘ન કરાજે’ એ બે શબ્દોના સમૂહનો અર્થ થાય છેઃ ન કરાય. શબ્દાર્થ સ્પષ્ટ થઇ ગયો છેઃ વાડથી વેર ન બંધાય! પણ ચોવક કહેવા એમ માગે છે કે ‘જેમની સાથે રોજના સંબંધો હોય તેમની સાથે સંબંધો સાચવીને રાખવા! તેમની સાથેનો અણબનાવ આપણને જ નુકસાન કરે!’

‘વાડ઼’ શબ્દની ચોવક આવતાં બીજી પણ એક ચોવક યાદ આવી ગઈ! આ રહી એ ચોવકઃ ‘વાડ઼ સુણેં વાડ઼ જો કંઢો સુણેં’ જોજોહો, અહીં વાડ પોતાનું સ્થાન બદલે છે. એ કોઈ છોડ-વેલની સાચવણી કરતી વાડ બની જાય છે અને એ છોડ-વેલ એટલે માણસના મનમાં ચાલતા વિચારો! ખેર! ‘સુણેં’ શબ્દનો અર્થ થાય છેઃ સાંભળે. ‘જો’ એટલે નો અને ‘કંઢો’ એટલે કાંટો. વાડ મોટાભાગે કાંટાળી જ હોય છે. આપણે ઘણીવાર બોલતા હોઈએ છીએં કે, ‘દીવાલોને પણ કાન હોય છે’ એ કંઈ ખરેખર નથી હોતા પણ કોઈ અત્યંત ગુપ્ત રાખવાની વાત એટલી સાવધાનીથી અંગત વ્યક્તિને કહેવી જોઈએ કે, કોઈને ખબર જ ન પડે! પણ તેમ છતાં પણ વાત વહેતી થઈ જતી હોય છે! એવું બને ત્યારે આ ચોવકનો પ્રયોગ થાય છે કે, વાડ સાંભળે અને તેનો કાંટોય આપણી વાત સાંભળી લે!

હવે આ ચોવક માણજો મિત્રો. ચોવક છેઃ ‘લડ ડે, લડામણ ડે, લડેવારો ભેરો ડે.’ ‘લડ’ શબ્દનો આમ મૂળ અર્થનો ઉચાળો ભરવો થાય છે, અહીં વિદાય મૂકીશું તો અર્થ સરળ બનશે. ‘લડ ડે’ એટલે વિદાય આપે કે રજા આપ. ‘લડામણ ડે’ જવાનાં સાધન-સામગ્રી આપ અને ‘લડેવારો’નો અહીં અર્થ થશેઃ વળાવિયો. ‘ભેરો’ એટલે ભેગો, ‘ડે’ એટલે દે અથવા આપ! હવે, તમે કોઈને કાંઈ કાર્ય કરવાનું સોંપો ત્યારે એ વ્યક્તિ તમારી પાસેથી બધી જ સગવડ પૂરી પાડવાની માગણી કરે... ત્યારે કચ્છીમાં આ ચોવક પ્રાયોજાય છે. ■

# ફાઈનલી ફાઈનલઃ ભાજપ ને કૉંગ્રેસ જ છે મોટા ભાઈ

## કોને કેટલી બેઠક?



દેવેન્દ્ર ફડણવીસ (ભાજપ)



એકનાથ શિંદે (શિવસેના)




અજિત પવાર (એનસીપી)



નાના પટોલે (કૉંગ્રેસ)



ઉદ્ધવ ઠાકરે (શિવસેના-યુબીટી)



શરદ પવાર (એનસીપી-એસપી)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિધાનસભાની ચૂંટણીનો જંગ ખરા અર્થમાં હવે શરૂ થયો છે. અનેક બેઠકો પર ઉમેદવાર બદલાવાના સત્ર બાદ અરજી દાખલ કરવાની છેલ્લી તારીખ બાદ હવે મહાયુતિ અને મહાવિકાસ આઘાડીની અંતિમ બેઠક વહેંચણીનું ચિત્ર સ્પષ્ટ થયું છે. એમવીએએ નાના સહયોગી પક્ષોને ૮ બેઠકો છોડી છે અને રાજ્યમાં પાંચ જગ્યાએ એમવીએના ઘટક પક્ષો વચ્ચે સાંગલી પેટર્ન અપનાવવામાં આવી છે. મહાયુતિ અને મહાવિકાસ આઘાડી દ્વારા ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી છે.

બંને ગઠબંધન વચ્ચે બેઠક ફાળવણીની ચર્ચા એટલી લાંબી ચાલી કે ઉમેદવારી નોંધાવવાના છેલ્લા દિવસ સુધી ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ કરવામાં આવી હતી. જો કે છેલ્લા દિવસ સુધી મહાવિકાસ આઘાડીમાં બેઠકોની ફાળવણીનો અણબનાવ ઉકેલાયો ન હોય તેવું લાગી રહ્યું છે. કારણ કે મહાવિકાસ આઘાડીના ઘટક પક્ષોએ પાંચ જગ્યાએ બે-બે ઉમેદવારો (સાંગલી પેટર્ન) આપ્યા છે.

**ઉમેદવારી નોંધાવાના છેલ્લા દિવસે થઈ બેઠકોની વહેંચણીની ફૉર્મ્યુલાની સ્પષ્ટતા**

મહાવિકાસ વિકાસ આઘાડીમાં કોંગ્રેસ, એનસીપી શરદ પવાર જૂથ અને ઉદ્ધવ ઠાકરેની શિવસેનાએ મળીને ૨૮૫ ઉમેદવારો ઊભા રાખ્યા છે. આમાંથી પાંચ જગ્યાએ બે પક્ષોએ એકબીજા સામે ઉમેદવારો આપ્યા છે. એટલે કે આ ત્રણેય પક્ષો ૨૮૦ બેઠકો પર સાથે મળીને લડવાના છે. બાકીની ૮ બેઠકો નાના સાથી પક્ષો માટે છોડી છે.

મહાવિકાસ અઘાડી બેઠક ફાળવણીની અંતિમ ફોર્મ્યુલા- કોંગ્રેસ - ૧૦૨, શિવસેના (યુબીટી) - ૯૬, એનસીપી (એસપી) - ૮૬, સમાજવાદી

(જુઓ પાનું ૪) ▸▸

**નોંધ :**

*રાજ્યમાં મહાવિકાસ આઘાડીએ ૨૮૫ બેઠક પર ૨૮૯ ઉમેદવાર આપ્યા છે અને મહાયુતિએ ૨૮૬ બેઠક પર ૨૮૯ ઉમેદવાર આપ્યા છે. પાંચ બેઠક પર એમવીએના ઘટક પક્ષોના અને ત્રણ બેઠક પર મહાયુતિના ઘટક પક્ષોના ઉમેદવારો સામસામે લડવાના છે.*

# માથાનો દુખાવો બની ગયા છે બળવાખોરો

## વિધાનસભાની ચૂંટણીમાં બંને મોટા ભાઈની મજા બગાડી શકે છે આ ઉમેદવારો

મુંબઈઃ વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવારોની યાદી જાહેર કરવાની છેલ્લી તારીખ ૨૮મી ઓક્ટોબર હતી અને ઉમેદવારોએ પોતાનું ફોર્મ ભરવા માટેનો છેલ્લો સમય ૨૯મી ઓક્ટોબરનો હોઇ મહારાષ્ટ્રમાં મોટા ભાઈ તરીકે ઊભરી રહેલા ભાજપ (મહાયુતિ) અને કોંગ્રેસ (મહાવિકાસ આઘાડી) માટે બળવાખોરોની સંખ્યામાં વધારો થયો હોવાનું સ્પષ્ટ થઇ રહ્યું છે. ત્રણ વર્ષ પહેલાં પોતાના પક્ષ સાથે બળવાખોરી કરીને આવેલું એકનાથ શિંદે અને અજિત પવાર જૂથ માટે નહીં, પણ મહાયુતિના મોટા ભાઈ ભાજપ માટે તેમ જ એમવીએમાં મોટા ભાઈ કોંગ્રેસ માટે બળવાખોરી માથાનો દુખાવો બની રહેવાની છે. ઉમેદવારીપત્ર ભરાયા બાદ એવું ચિત્ર સ્પષ્ટ થઇ રહ્યું છે કે એક જ પક્ષના ઉમેદવારો તેમના સાથી પક્ષો સામે જ શિંગડાં ભરાવી રહ્યા છે. જો ચોથી નવેમ્બરે ફોર્મ પાછું ખેંચાવા માટે છેલ્લી તારીખ છે અને જો એ દિવસે પણ બળવાખોરો ટસના મસ નહીં થાય તો બળવો પોકારનારાઓ મહાયુતિ અને એમવીએ બંનેનો ખેલ બગાડી શકે એમ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦મી નવેમ્બરે થનારી વિધાનસભાની ચૂંટણી માટે ૨૮૮ ઉમેદવારો માટેની ઉમેદવારી ફોર્મ ભરવાનો મંગળવારે છેલ્લો દિવસ હતો અને આ તમામ ઉમેદવારોનાં પેપરની સ્ક્રૂટિની ૩૦મી નવેમ્બરે થવાની છે.

હાલમાં બળવાખોરોની સંખ્યાને જોતાં કશું કહી શકાય એમ નથી, કારણ કે ફોર્મ પાછું ખેંચવાની છેલ્લી તારીખ ચોથી નવેમ્બર છે. બળવો કરનારા ઉમેદવારો અધિકૃત ઉમેદવારો માટે નોંધપાત્ર રીતે પડકાર ફેંકશે અને મહાયુતિ તેમ જ એમવીએ બંનેના સંભવિત આંકડાઓને ડામાડોળ કરી શકશે.

મહારાષ્ટ્રમાં ૨૮૮ વિધાનસભાની ચૂંટણી માટે તમામ પક્ષોએ તેમના ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. આખરી યાદીની જાહેરાત સાથે, ટિકિટ નકારવામાં આવેલા ઘણા નેતાઓ હવે અપક્ષ ઉમેદવાર તરીકે ઉભરી આવ્યા છે. મુખ્ય ચહેરાઓમાં મુંબઈના ભાજપના

(જુઓ પાનું ૪) ▸▸

## સિંચાઇ કૌભાંડમાં તપાસના આદેશ આપીને....

# આર. આર. પાટીલે મારી પીઠમાં ખંજર ભોંક્યું હતુંઃ અજિત દાદા

મુંબઈઃ ગઠબંધન સરકારના શાસનકાળ વખતે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર પર ૭૦ હજાર કરોડ રૂપિયાના સિંચાઈ કૌભાંડનો આરોપ મુકવામાં આવ્યો હતો. ભાજપે આ આક્ષેપને ગાઈવગાડી રજૂ કર્યો હતો. અજિત પવાર વિરુદ્ધ અઢળક પુરાવા હોવાનો દાવો પણ ભાજપએ કર્યો હતો. આ આરોપોથી વ્યથિત થયેલા અજિત પવારે નાયબ મુખ્ય પ્રધાનપદ પરથી રાજીનામું પણ આપી દીધું હતું. હવે અજિત પવારે આ આરોપો અંગે ખળભળાટ મચાવનારો દાવો કરી જણાવ્યું છે કે ‘આ આરોપો માત્ર મને બદનામ કરવા માટે કરવામાં આવ્યા હતા. તત્કાલીન ગૃહ પ્રધાન આર. આર. પાટીલે આક્ષેપોની જાહેર તપાસના આદેશ આપ્યા હતા’. તાસગાવ - કવઠે મહાંકાળ મતવિસ્તારમાં આ દાવો કરવામાં આવતા હવે મતદારો કઈ તરફ વળશે એ અંગે ઉત્સુકતા વધી છે. આર. આર. પાટીલે મારી પીઠમાં ખંજર ભોંક્યું, એમ અજિતદાદાએ કહ્યું હતું.

અજિત પવારે જણાવ્યું કે ‘મને બદનામ કરવા માટે જ ૭૦ હજાર કરોડ રૂપિયાના સિંચાઈ કૌભાંડના આરોપ મુકવામાં આવ્યો હતો. જોકે, મહારાષ્ટ્રની રચના થઈ ત્યારથી સરકારી કર્મચારીઓ અને અન્ય ખર્ચની કુલ રકમ ૪૨ હજાર કરોડ રૂપિયા થઈ છે. તો ૭૦ હજાર કરોડનું કૌભાંડ થાય કેવી રીતે? જોકે, આ આંકડો એટલો મોટો હતો કે મારી બદનામી થઈ. ત્યારબાદ તપાસ માટે એક ફાઈલ

(જુઓ પાનું ૪) ▸▸

# અમીરીમાં ક્યો ઠાકરે આગળ? અમિત કે પછી આદિત્ય?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યમાં ૨૦ નવેમ્બરે યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં ઠાકરે પરિવારના બે સભ્યો મેદાનમાં ઉતર્યા છે. ઉદ્ધવ ઠાકરેના પુત્ર આદિત્ય ઠાકરે બીજી વખત વરલી વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડવા જઈ રહ્યા છે. રાજ ઠાકરેના પુત્ર માહિમ વિધાનસભા ક્ષેત્રમાંથી પ્રથમ વખત ચૂંટણી મેદાનમાં ઉતર્યા છે. બંને ઠાકરે ભાઈઓએ ઉમેદવારી નોંધાવી છે.

આદિત્ય ઠાકરે અને અમિત ઠાકરેએ પણ તેમની અરજી દાખલ કરતી વખતે ચૂંટણી પંચને સંપત્તિનું સોગંદનામું રજૂ કર્યું છે. જે બાદ બંને પાસે કેટલી મિલકત છે તે બહાર આવ્યું છે. ઠાકરે પરિવારની આગામી પેઢીના નેતાઓમાં હાલમાં કોણ શ્રીમંત છે તેની માહિતી પહેલીવાર સામે આવી છે.

અમિત ઠાકરેની સંપત્તિ કેટલી?

ચૂંટણી પંચને સોંપવામાં આવેલી એફિડેવિટ મુજબ અમિત ઠાકરેના હાથમાં રહેલી રકમ ૧ લાખ ૮ હજાર છે. તેમના બેંક ખાતામાં ૪૦ લાખ ૯૯ હજાર રૂપિયા જમા છે. તેમની પાસે કુલ થાપણો ૬ કરોડ ૨૯ લાખ રૂપિયાની છે. શેર અને મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણનું બજાર મૂલ્ય ૩ કરોડ ૯૮ લાખ છે.

પીપીએફમાં રોકાણ ૨૦ લાખ ૩૭ હજાર છે અને આ એફિડેવિટમાં જણાવવામાં આવ્યું છે કે લોન આપ્યા બાદ નફા માટે તેમને રાજ ઠાકરે પાસેથી

(જુઓ પાનું ૪) ▸▸

# અજિત પવાર અને દેવેન્દ્ર ફડણવીસમાં શ્રીમંત કોણ?

## અજિત પવાર અને દેવેન્દ્ર ફડણવીસની પત્નીઓ એટલે કે સુનેત્રા પવાર અને અમૃતા ફડણવીસ પર લક્ષ્મીજીની કૃપા વધારે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યના બંને નાયબ મુખ્ય પ્રધાનો એટલે કે દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવારમાં વધુ સંપત્તિ કોની પાસે છે એવું જાણવાની ઈચ્છા બધાને જ થઈ રહી હશે અને તેની સરખામણી અહીં રજૂ કરીએ છીએ. નોંધનીય છે કે વિધાનસભાની ચૂંટણી માટે બંનેએ પોતાના ઉમેદવારીપત્રો ભર્યા છે. બંનેએ અરજી રજૂ કરતી વખતે સાથે પોતાની સંપત્તિની વિગતો આપતી એફિડેવિટ પણ રજૂ કરી છે. આ એફિડેવિટ પર નજર કરીએ તો ખબર પડે છે કે બંનેની પત્નીઓ એટલે કે સુનેત્રા પવાર અને અમૃતા ફડણવીસ અજિત પવાર અને દેવેન્દ્ર ફડણવીસ કરતાં પણ વધુ શ્રીમંત છે.

**અજિત પવારની સંપત્તિઃ-** અજિત પવારની રોકડ રકમ ૭ લાખ ૨૦ હજાર રૂપિયા છે. સુનેત્રા પવારની રોકડ રકમ ૬ લાખ ૬૫ હજાર રૂપિયા છે. અજિત પવાર પાસે બે ટ્રેલર, એક ટ્રેક્ટર અને બે કાર છે. સુનેત્રા

(જુઓ પાનું ૪) ▸▸

**શુભ દિવસે સોનાની ખરીદીઃ** મંગળવારે ધનતેરસના દિવસે લોકોએ સારી એવી સંખ્યામાં સોનાની ખરીદી કરી હતી. સોનાના ભાવ અત્યારે આસમાનને અડી રહ્યા છે આમ છતાં ઘણાંએ વર્ષો જૂની શુભ દિવસે ગોલ્ડના આભૂષણો ખરીદવાની પરંપરાને જાળવી રાખી હતી. મુંબઈના એક ઝવેરીને ત્યાં ઝવેરાત જોઈ રહેલી મહિલા. (જયપ્રકાશ કેળકર)



# અજિત પવાર જૂથને ફટકોઃ વધુ એક નેતાએ કર્યો બળવો

મુંબઈઃ મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ શરૂ થઇ ગઇ છે અને મંગળવારે ઉમેદવારી નોંધાવવાનો છેલ્લો દિવસ હતો. એવામાં નાશિકમાં સમીર ભુજબળ પછી અજિત પવારના વધુ એક નેતાઓ બળવો પોકાર્યો હતો.

થોડા દિવસ પહેલા ભૂતપૂર્વ સાંસદ સમીર ભુજબળે અજિત પવાર જૂથની એનસીપીના મુંબઈ અધ્યક્ષપદ પરથી રાજીનામું આપ્યું હતું. ત્યાર બાદ નાંદગાવ વિધાનસભા મતવિસ્તારમાંથી અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી હતી. એકનાથ શિંદેની શિવસેનાના વિધાનસભ્ય સુહાસ કાંદે સામે સમીર ભુજબળે પડકાર ઊભો કર્યો તેથી મહાયુતિમાં ફેલાયેલો અસંતોષ પ્રકાશમાં આવ્યો હતો.

તેની સાથે નાશિક મધ્ય મતવિસ્તારમાં મહાયુતિમાં બળવો થયો. અજિત પવાર જૂથના શહેરાધ્યક્ષ રંજન ઠાકરેએ અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી. ભાજપનાં વિધાનસભ્ય દેવયાની ફરાંદેએ ઉમેદવારી આપી છે ત્યારે રંજન ઠાકરેએ તેમના વિરુદ્ધ અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવતા રાજકીય ગરમાગરમી ઊભી થઇ છે. રંજન ઠાકરેની ઉમેદવારીને કારણે ભાજપ માટે મુશ્કેલી ઊભી થઇ શકે છે. ■

### નાશિક મધ્ય મતદારસંઘમાં ચાર જણ વચ્ચે લડત

નાશિક મધ્ય મતવિસ્તારમાં મહાવિકાસ આઘાડીના ઉમેદવાર વસંત ગિતેએ નામાંકન ભર્યા બાદ કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા હેમલતા પાટીલે બળવો કરીને ઉમેદવારી નોંધાવી. મહાયુતિ તરફથી ભાજપના દેવયાની ફરાંદે મેદાનમાં ઊતર્યા બાદ હવે અજિત પવાર જૂથના નેતા રંજન ઠાકરેએ પણ અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી છે. તેથી આ મતવિસ્તારમાં ચાર જણ વચ્ચે લડત જામશે. ■

# ...જ્યારે કાકાના આંસું લૂછવાની સ્ટાઈલની મિમિક્રી કરી અજિત પવારે

બારામતીઃ શનિવારે બારામતી વિધાનસભા બેઠક માટે પક્ષના સત્તાવાર ઉમેદવાર યુગેન્દ્ર પવારના સમર્થનમાં એક સભાને સંબોધન કરતી વખતે રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (એનસીપી-એસપી)ના પ્રમુખ શરદ પવારે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની મજાક ઉડાવી હતી. છ મહિના પહેલા અજિત પવારે કરેલી ટીકાનો જવાબ શરદ પવારે તેમની નકલ કરીને આપ્યો છે. શરદ પવારે આ વખતે અજિત પવારની આંખમાંના આંસુ લૂછવાની નકલ કરતા સભામાં હાજર લોકો ખડખડાટ હસી પડ્યા હતા. શરદ પવારે યુગેન્દ્ર પવારની પ્રચાર સભામાં કાકાએ (શરદ પવારે) ભત્રીજા (અજિત પવાર) પર નિશાન સાધ્યું હતું.

પવારે કહ્યું કે ‘છ મહિના પહેલા લોકસભા ચૂંટણી વખતનું અજિત પવારનું ભાષણ યાદ કરો.અજિત પવારે થોડા મહિના પહેલા દાવો કર્યો હતો કે સાહેબ (શરદ પવાર) તમને ભાવુક બનાવશે, તમારી આંખોમાં આંસુ લાવી તમને મત આપવા કહેશે. જોકે, ગઈ કાલની સભામાં તેમણે જે કર્યું તે બધાએ જોયું છે.’

ગઈકાલે બારામતીમાં સભા સંબોધતી વખતે યુગેન્દ્ર

(જુઓ પાનું ૪) ▸▸

# શું તમે સત્તાની મહત્ત્વાકાંક્ષા માટે પરિવારને વિભાજિત કરશો?

## શરદ પવારે હોમ ગ્રાઉન્ડ બારામતીમાં અજિત પવારની ટીકા કરી

બારામતીઃ એનસીપી (એસપી)ના વડા શરદ પવારે મંગળવારે તેમના અલગ થઈ ગયેલા ભત્રીજા અને ડેપ્યુટી સીએમ અજિત પવાર પર તેમની રાજકીય મહત્વાકાંક્ષાઓ માટે પરિવારને તોડવાનો આરોપ લગાવ્યો હતો.

બારામતી વિધાનસભા ક્ષેત્રમાંથી તેમના પૌત્ર અને એનસીપી (એસપી)ના ઉમેદવાર યુગેન્દ્ર પવાર માટે પ્રચાર કરતા પવારે અજિતની નકલ કરી હતી. અજિત પવાર એક દિવસ અગાઉ એક રેલીમાં યુગેન્દ્રની ઉમેદવારી અંગે લાગણીશીલ બની ગયા હતા. ભાષણની વચ્ચે રૂમાલ વડે આંખો લૂછવાનો ડોળ કરવાની શરદ પવારની ક્રિયાએ શ્રોતાઓમાં હાસ્યનું મોજું ફરી વળ્યું.

મહારાષ્ટ્રમાં ૨૮૮ બેઠકો માટે ૨૦ નવેમ્બરે ચૂંટણી યોજાવાની છે. મત ગણતરી ત્રણ દિવસ પછી થશે.

સોમવારે એક રેલીને સંબોધતા બારામતીના વિધાનસભ્ય અજિત પવારે યુગેન્દ્રની ઉમેદવારીનો સંદર્ભ આપીને એવો આરોપ લગાવ્યો હતો કે ‘વરિષ્ઠોએ’ પારિવારિક અણબનાવ ટાળવાને સુનિશ્ચિત કરવું જોઈતું હતું.

‘મારા માતા-પિતા અને ભાઈઓએ મને ક્યારેય ઘર (કુટુંબ) તોડવાનું પાપ શીખવ્યું નથી,’ એમ શરદ પવારે બારામતી નજીકના કાન્હેરી શહેરમાં એક રેલીને સંબોધતા કહ્યું હતું.

‘લોકોએ મને લાંબા સમય પહેલા મહારાષ્ટ્રનું નેતૃત્વ કરવાની જવાબદારી સોંપી હતી. હવે હું એક માર્ગદર્શક છું અને નવી પેઢીને પાર્ટીની બાબતો સોંપી છે,’ એમ તેમણે કહ્યું હતું.

રાજનીતિની અનિશ્ચિતતાઓ પર ભાર મૂકતા તેમણે કહ્યું હતું કે કોઈએ પોતાના માટે સત્તા મેળવવા માટે તેના સાથીદારોને છોડવા જોઈએ નહીં.

‘દુર્ભાગ્યવશ જ્યારે અમે (એનસીપી) સત્તામાં નહોતા, ત્યારે અમારા કેટલાક

(જુઓ પાનું ૪) ▸▸

# કોપી કરી પાસ થવામાં શું માલ?ઃ અજિત પવારને સંભળાવ્યું સુપ્રિયા સુળેએ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી નિમિત્તે ઊથલપાથલ થઈ રહી છે. રાજકારણમાં સતત કશું બની રહ્યું છે. ૨૦ નવેમ્બરે યોજાનાર વિધાનસભાની ચૂંટણી માટે મંગળવાર (૨૯ ઓક્ટોબર) ઉમેદવારી નોંધાવવાનો છેલ્લો દિવસ હતો. આ ચૂંટણીમાં પણ બારામતીમાં પવાર વિરુદ્ધ પવારનો મુકાબલો થવાનો થવાની લોકોનું ધ્યાન બારામતી તરફ ખેંચાયું છે. નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે સોમવારે ઉમેદવારીપત્ર ભર્યું હતું, જ્યારે યુગેન્દ્ર પવારે પણ સોમવારે જ ઉમેદવારી નોંધાવી હતી.

યુગેન્દ્ર પવારની મંગળવારની જાહેર સભામાં શરદ પવાર અને સાંસદ સુપ્રિયા સુળે હાજર રહ્યાં હતાં. આ સભામાં સાંસદ સુપ્રિયા સુળેએ ભારતીય જનતા પક્ષ ઉપરાંત અજિત પવારનું નામ લીધા વગર આકરી ટીકા કરી કહ્યું હતું કે ‘કોપી કરી પાસ થવાનો શું મતલબ છે? અભ્યાસ કરી પાસ થાઓ અને સર્ટિફિકેટ મેળવો.’

સુપ્રિયા સુળેએ વધુમાં જણાવ્યું હતું કે ‘અત્યારે મહારાષ્ટ્રમાં ઘણા બધા કાર્યક્રમો ચાલી રહ્યા છે. અનેક ઠેકાણે બેનર પર લખવામાં આવ્યું છે કે આ ચિહ્ન તમારું નથી. ચૂંટણી ચિહ્નનો મુદ્દો અદાલતમાં છે. તેઓ (અજિત પવાર) ભૂલી ગયા હશે, પણ હું હજુ નથી ભૂલી. પક્ષ અને પ્રતીક અદૃશ્ય શક્તિએ છીનવી લીધા છે. હું કોઈ એક વ્યક્તિની વિરુદ્ધ નહીં, પણ અદૃશ્ય શક્તિની વાત કરી રહી છું. એ અદૃશ્ય શક્તિએ અમારું ઘર તોડી નાખ્યું. પક્ષ અને પ્રતીક છીનવી લીધા. લોકસભા ચૂંટણી કયાં ચિહ્ન સાથે લડીશ એ પણ હું નહોતી જાણતી.’ ■

# વિપક્ષ સામે પોલીસ તંત્રનો ઉપયોગ, રશ્મિ શુક્લાને હટાવોઃ સંજય રાઉત

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે મંગળવારે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં વિપક્ષના ઉમેદવારો સામે પોલીસ તંત્રનો ઉપયોગ કરવાનો સત્તાધારી મહાયુતિ પર આરોપ મૂક્યો હતો અને પોલીસ વડાં રશ્મિ શુક્લાને હટાવવાની માગ કરી હતી.

પત્રકારો સાથે વાતચીત કરતાં સંજય રાઉતે આરોપ લગાવ્યો હતો કે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના મહાવિકાસ આઘાડી (એમવીએ)ના ઉમેદવારો પર હુમલાનો આશરો લઇ રહી છે, તેમને ધમકીઓ આપવામાં આવી રહી છે અને પોલીસ તંત્રનું દબાણનો ઉપયોગ કરીને તેઓને ડરાવવામાં આવી રહ્યા છે. એમવીએને એવો ભય છે કે તેઓ ચૂંટણીમાં ઘણું ગુમાવશે. સોમવારે સેના (યુબીટી)ના નેતા અદ્વય હિરે પર નાશિકના બાહ્ય વિસ્તાર માલેગાંવમાં સેનાના મંત્રી અને ઉમેદવાર દાદા ભુસેના ગુંડાઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. આ મામલે પોલીસે અત્યાર સુધી કોઇ પણ કાર્યવાહી કરી નથી. આ માત્ર માલેગાંવ સુધી સીમિત નથી, મહાયુતિ હુમલાઓ કરવા માટે પોલીસ તંત્રનો ઉપયોગ કરી રહી હોવાનો આરોપ સંજય રાઉતે કર્યો હતો. (પીટીઆઈ)■

# અમદાવાદમાં ભારતીય મહિલા ક્રિકેટરોની યાદગાર દિવાળી

## વિમેન્સ ટીમ ન્યૂ ઝીલૅન્ડ સામે સિરીઝ જીતવામાં સફળ, મંધાનાએ તોડ્યો મિતાલીનો મોટો રેકૉર્ડ

અમદાવાદ: ભારતના પુરુષ ક્રિકેટરો ન્યૂ ઝીલૅન્ડ સામે ટેસ્ટ-સિરીઝ હારી બેઠા, પરંતુ ભારતની મહિલા ક્રિકેટર્સે ન્યૂ ઝીલૅન્ડને વન-ડે સિરીઝ હરાવવામાં સફળતા મેળવી છે. મંગળવારે અહીં ક્રિકેટ જગતના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારતીય મહિલા ટીમે ન્યૂ ઝીલૅન્ડને ત્રીજી અને છેલ્લી વન-ડેમાં ૩૪ બૉલ બાકી રાખી છ વિકેટના માર્જિનથી હરાવીને સિરીઝની ટ્રોફી ૨-૧થી જીતી લીધી હતી. સ્મૃતિ મંધાના (૧૦૦ રન, ૧૨૨ બૉલ, ૧૦ ફોર), કૅપ્ટન હરમનપ્રીત કૌર (૫૯ અણનમ, ૬૩ બૉલ, છ ફોર) તેમ જ બે બોલર દીપ્તિ શર્મા (૩૯ રનમાં ત્રણ વિકેટ) તથા પ્રિયા મિશ્રા (૪૧ રનમાં બે વિકેટ)નાં આ જીતમાં સૌથી મોટા યોગદાન હતા. ખાસ કરીને મંધાનાનો પર્ફોર્મન્સ યાદગાર હતો. તેણે આઠમી વન-ડે સેન્ચુરી ફટકારી અને ભારત વતી મહિલાઓની વન-ડેમાં સૌથી વધુ સાત સદી નોંધાવનાર મિતાલી રાજનો રેકૉર્ડ તેણે તોડ્યો છે.

સૌથી વધુ વન-ડે સેન્ચુરી ફટકારનાર ભારતીયોમાં હવે મિતાલીની આગળ મંધાનાનું નામ આવી ગયું છે. આ લિસ્ટમાં ઑસ્ટ્રેલિયાની મેગ લેનિંગ ૧૫ સદી સાથે મોખરે છે.

મંધાના સિરીઝની પહેલી બન્ને વન-ડેમાં ૫ અને ૦ના સ્કોર સાથે ફ્લૉપ રહી હતી, પણ તેણે ખરા સમયે સદી ફટકારીને ભારતને ટ્રોફી અપાવી હતી.

મંગળવારે અમદાવાદની મૅચમાં ન્યૂ ઝીલૅન્ડે બૅટિંગ પસંદ કરી હતી અને બ્રૂક હૅલિડેઇનાં ૮૬ રનની મદદથી ૨૩૨ રન બનાવ્યા હતા. ભારતીય ટીમે ૪૪.૨ ઓવરમાં ચાર વિકેટે ૨૩૬ રન બનાવીને વિજય મેળવી લીધો હતો.






ન્યૂ ઝીલૅન્ડ સામેની ચૅમ્પિયન ભારતીય ટીમ. વન-ડેમાં હવે ભારત વતી સ્મૃતિ મંધાના (જમણે)ની સૌથી વધુ આઠ સદી છે. તેણે મિતાલી રાજનો વર્ષો જૂનો વિક્રમ તોડ્યો છે. (બીસીસીઆઇ)

વાઇસ-કૅપ્ટન મંધાના અને કૅપ્ટન હરમનપ્રીત વચ્ચે ત્રીજી વિકેટ માટે ૧૧૭ રનની ભાગીદારી થઈ હતી. તેમણે ટીમનો સ્કોર ૯૨ રન પરથી ૨૦૯ રન પર પહોંચાડ્યો હતો. વિકેટકીપર યસ્તિકા ભાટિયાએ ૩૫ રન અને જેમાઇમાએ બાવીસ રન બનાવ્યા હતા.

મંધાનાને પ્લેયર ઑફ ધ મૅચનો અને દીપ્તિ શર્માને પ્લેયર ઑફ ધ સિરીઝનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો. ■

### ટ્રોફી સાથે સેલિબ્રેશન, પ્રિયા મિશ્રા અને સાઈમા ઠાકોરને બહુમાન

ભારતીય ટીમ અમદાવાદમાં સિરીઝ જીતી ગઈ ત્યાર બાદ બે નવી ખેલાડીઓ પ્રિયા મિશ્રા તેમ જ સાઇમા ઠાકોરને સેલિબ્રેશન વખતે બધાની વચ્ચે ઊભી રાખીને ટ્રોફી ઊંચી કરવાનું બહુમાન આપવામાં આવ્યું હતું. પ્રિયાએ બે મૅચમાં ત્રણ વિકેટ લીધી હતી, જ્યારે મુંબઈની ઠાકોરે ચાર વિકેટ લીધી હતી. ■

## રણજીમાં મુંબઈ ઉપરાંત ગુજરાતની મૅચ પણ ડ્રૉ

અગરતલા/જયપુર: મંગળવારે મુંબઈ અને ત્રિપુરા વચ્ચે અગરતલામાં રણજી ટ્રોફી મૅચ ડ્રૉમાં પરિણમી હતી. પ્રથમ દાવની સરસાઈ બદલ મુંબઈને ત્રણ પૉઇન્ટ મળ્યા, જ્યારે ત્રિપુરાને એક પૉઇન્ટ ફાળવવામાં આવ્યો હતો. મુંબઈએ બીજો દાવ ૧૨૩/૬ના સ્કોર પર ડિક્લેર કર્યો હતો, પરંતુ ૨૭૨ રનના લક્ષ્યાંક સામે ત્રિપુરાનો સ્કોર ૪૮/૦ હતો ત્યારે અમ્પાયર્સે મૅચને ડ્રૉ જાહેર કરી હતી. મુંબઈ પ્રથમ મૅચમાં બરોડા સામે હારી ગયું હતું, પરંતુ ત્યાર બાદ મુંબઈનો મહારાષ્ટ્ર સામે વિજય થયો હતો. ગ્રૂપ 'એ'માં બરોડા (૧૯ પૉઇન્ટ) નંબર વન, જમ્મુ-કાશ્મીર (૧૧) નંબર ટૂ, ત્રિપુરા (૯) નંબર થ્રી અને મુંબઈ (૯) નંબર ફોર છે.

જયપુરમાં ગુજરાત-રાજસ્થાન મૅચ ડ્રૉમાં પરિણમી હતી. ૧૬ રનની લીડ બદલ ગુજરાતને ત્રણ પૉઇન્ટ મળ્યા હતા અને રાજસ્થાનને એક પૉઇન્ટ મળ્યો હતો. ઔરંગાબાદમાં મહારાષ્ટ્રએ મેઘાલયને ૧૦ વિકેટે હરાવીને બોનસ પૉઇન્ટ મેળવ્યો હતો. ■

# વાનખેડે ટેસ્ટ માટે ટીમ ઈન્ડિયામાં હર્ષિત રાણાની સરપ્રાઇઝ એન્ટ્રી

## ફાસ્ટ બોલિંગ ઑલરાઉન્ડરની રણજી મૅચમાં સાત વિકેટ અને ૫૯ રન, દિલ્હીને આસામ સામે અપાવ્યો વિજય

મુંબઈ: દિલ્હીના બાવીસ વર્ષના ફાસ્ટ બોલિંગ ઑલરાઉન્ડર હર્ષિત રાણાને શુક્રવારે ન્યૂ ઝીલૅન્ડ સામે વાનખેડેમાં શરૂ થનારી ટેસ્ટથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કરવાનો મોકો મળશે એવી પાકી સંભાવના છે. રાઇટ-આર્મ ફાસ્ટ બોલર હર્ષિતને રણજી ટ્રોફીમાંથી બ્રેક લઈને દિલ્હીથી તાબડતોબ મુંબઈ બોલાવવામાં આવ્યો છે. ખાસ કરીને તેણે મંગળવારે દિલ્હીની રણજી મૅચમાં આસામ સામે દિલ્હીને જે રીતે જિતાડ્યું એનાથી સિલેક્ટર્સ તેમ જ ટીમ-મૅનેજમેન્ટ પ્રભાવિત થઈ ગયા છે અને હર્ષિતને તાબડતોબ પ્રૅક્ટિસ શરૂ કરી દેવા મુંબઈ બોલાવ્યો છે.



હર્ષિત રાણા ટેસ્ટ-શ્રેણી માટેના અનામત ખેલાડીઓમાં સામેલ હતો જ. તેને આવતા મહિને ઑસ્ટ્રેલિયામાં શરૂ થનારા પાંચ ટેસ્ટ-મૅચના પ્રવાસ માટેની ટીમમાં સમાવાયો હતો, પણ હવે ન્યૂ ઝીલૅન્ડ સામેની છેલ્લી ટેસ્ટથી જ ટીમ ઇન્ડિયામાં સામેલ થઈ જવા તેને કહેવામાં આવ્યું છે.

ત્રણ ટેસ્ટની શ્રેણીમાં ન્યૂ ઝીલૅન્ડ ૨-૦થી વિજયી સરસાઈ ધરાવે છે.

હવે ભારતે ત્રીજી ટેસ્ટના પરાજયથી બચીને કિવીઓને ૩-૦ની ક્લીન સ્વીપથી વંચિત રાખવાના છે અને એ માટે ટીમ ઇન્ડિયા હર્ષિત રાણાના રૂપમાં નવી અજમાયશ કરવાની પેરવીમાં છે. હર્ષિત બુધવારે મુંબઈ આવશે, એવું પીટીઆઇના અહેવાલમાં બીસીસીઆઇના એક સૂત્રને ટાંકીને જણાવાયું હતું.

મંગળવારે દિલ્હીમાં દિલ્હીએ આસામને ૧૦ વિકેટે હરાવ્યું અને આ રણજી સીઝનમાં પહેલી વાર સાત પૉઇન્ટ સાથે સંપૂર્ણ વિજય હાંસલ કર્યો. દિલ્હીને આ વિજય ખાસ કરીને હર્ષિત રાણાના ઑલરાઉન્ડ પર્ફોર્મન્સને લીધે મળ્યો હતો. હર્ષિતે પ્રથમ દાવની પાંચ અને બીજા દાવની બે વિકેટ સહિત મૅચમાં કુલ સાત વિકેટ લીધી હતી તેમ જ પહેલા દાવમાં ૭૮ બૉલમાં ત્રણ સિક્સર અને ચાર ફોરની મદદથી ૫૯ રન બનાવ્યા હતા. દિલ્હીને જીતવા ફક્ત ૫૯ રનનો લક્ષ્યાંક મળ્યો હતો જે એણે વિના વિકેટે ૬૨ રનના સ્કોર સાથે મેળવી લીધો હતો.

ટીમ મૅનેજમેન્ટ ઑસ્ટ્રેલિયા ખાતેના પ્રવાસ પહેલાં પેસ બોલર્સ પરના વર્ક-લૉડ બાબતમાં સતર્ક છે અને એવું મનાય છે કે જસપ્રીત બુમરાહને વાનખેડેની ટેસ્ટમાંથી કદાચ આરામ અપાશે અને હર્ષિતને ડેબ્યૂ કરવાની તક મળશે.

દિલ્હીની ટીમના હેડ-કોચ સરણદીપ સિંહે પીટીઆઇને કહ્યું, 'હર્ષિત રાણા ટેસ્ટ-ક્રિકેટ રમવા એકદમ તૈયાર છે. તે હંમેશાં પૉઝિટિવ અપ્રોચ રાખે છે અને કોઈ પણ સમયે વિકેટ મેળવવાની જ તલાશમાં રહેતો હોય છે. તે સારો ઑલરાઉન્ડર છે અને લાંબા સ્પેલમાં બોલિંગ કરી શકે છે.'

હર્ષિત ગયા મહિને દુલીપ ટ્રોફીની બે મૅચમાં પણ સારું રમ્યો હતો. ■

# મૅથ્યૂ વેડની નિવૃત્તિ, ઑસ્ટ્રેલિયન ટી-૨૦ ટીમને આપશે કોચિંગ

મેલબર્ન: ઑસ્ટ્રેલિયાના વિકેટકીપર-બૅટર મૅથ્યૂ વેડે આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કરી દીધી છે. ૧૩ વર્ષની લાંબી કારકિર્દી બાદ મૅથ્યૂ વેડે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી છે. વેડ હવે આવતા મહિને પાકિસ્તાન સામે રમાનારી ટી-૨૦ સિરીઝમાં ઑસ્ટ્રેલિયન ટીમ માટે જે કોચિંગ સ્ટાફ હશે એમાં વેડ પણ સામેલ હશે.

વેડ ઑસ્ટ્રેલિયા વતી ૨૦૦થી વધુ આંતરરાષ્ટ્રીય મૅચ રમ્યો હતો. તેણે ખાસ કરીને વન-ડેમાં અને ટી-૨૦માં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

મૅથ્યૂ વેડ ટેસ્ટ કારકિર્દીમાં ૩૬ મૅચ રમ્યો અને ૧,૬૧૩ રન બનાવ્યા હતા. જ્યારે વન-ડેમાં તેણે ૯૭ મેચ રમીને ૧,૮૬૭ રન બનાવ્યા હતા. વેડે વન-ડેમાં એક સેન્ચુરી અને ૧૧ ફિફ્ટી ફટકારી છે. આ સિવાય ટી-૨૦ ઈન્ટરનેશનલમાં આ ઑસ્ટ્રેલિયન વિકેટકીપરે ૯૨ મૅચમાં ૧,૨૦૨ રન બનાવ્યા હતા. વેડે ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં ત્રણ હાફ સેન્ચુરી ફટકારી હતી.

૩૬ વર્ષીય વેડ જૂનના ટી-૨૦ વર્લ્ડ કપમાં રમ્યો હતો જેની સુપર-એઇટમાં ભારત સામે ઑસ્ટ્રેલિયાનો ૨૪ રનથી પરાજય થયો હતો. ભારત એ વર્લ્ડ કપમાં ચૅમ્પિયન બન્યું હતું. ૨૦૨૧ના ટી-૨૦ વર્લ્ડ કપમાં વેડ વાઇસ-કેપ્ટન હતો અને ટીમ માટે ટાઇટલ જીતવામાં તેણે મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી. વેડે તે ટૂર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું, તેણે પાકિસ્તાન સામેની રોમાંચક સેમિ ફાઇનલ જીતમાં માત્ર ૧૭ બોલમાં ચાર સિક્સર, બે ફોરની મદદથી ૪૧* રન બનાવ્યા હતા, જે તેની કારકિર્દીની શ્રેષ્ઠ ઇનિંગ્સમાંની એક હતી.

વેડ હવે કોચિંગ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. વેડે કહ્યું 'હું સંપૂર્ણ રીતે વાકેફ હતો કે ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ મારી કારકિર્દીનો છેલ્લો વર્લ્ડ કપ હશે. છેલ્લા કેટલાક વર્ષોથી કોચિંગ પર મારું ધ્યાન છે. મને કેટલીક મોટી તકો મળી છે, જેના માટે હું ખૂબ ઉત્સાહિત છું. હું ઉનાળાના મહિનાઓમાં બિગ બૅશ લીગ અને કેટલીક ફ્રેન્ચાઇઝી લીગ રમવાનું ચાલુ રાખીશ, પરંતુ ખેલાડી તરીકેની પ્રતિબદ્ધતાઓને ધ્યાનમાં રાખીને મારા કોચિંગને પણ પ્રાથમિકતા આપીશ. એ સાથે, હું મારા તમામ ઑસ્ટ્રેલિયન સાથી ખેલાડીઓનો, સ્ટાફ અને કોચનો આભાર માનું છું.' ■

# વાનખેડેમાં ટીમ ઈન્ડિયાનો દબદબો

## ૧૨ ટેસ્ટમાં જીત, ફક્ત સાતમાં હાર: છેલ્લે ૨૦૨૧માં ભારતે ન્યૂ ઝીલૅન્ડને ૩૭૨ રનથી હરાવેલું

મુંબઈ: ભારત અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચેની ત્રીજી અને અંતિમ ટેસ્ટ શુક્રવાર, પહેલી નવેમ્બરથી મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાવાની છે. ભારતીય ટીમ પહેલી બન્ને મૅચ હારી જતાં સિરીઝની ટ્રોફી ગુમાવી ચૂકી છે, પરંતુ હવે આખરી ટેસ્ટમાં પણ હારી ન જવાય એની ટીમ ઇન્ડિયાએ ખાસ તકેદારી રાખવી પડશે અને એમાં ઇતિહાસ ભારતની પડખે છે.

બેન્ગલૂરુની પ્રથમ ટેસ્ટમાં ભારત આઠ વિકેટે અને બીજી ટેસ્ટમાં ૧૧૩ રનથી હારી ગયું હતું. હવે વાનખેડેની ટેસ્ટ ભારત માટે આંખો ઉઘાડનારી સાબિત થશે. વાનખેડેમાં ભારતનો રેકૉર્ડ સારો છે.

વાનખેડેનો મુકાબલો જીતીને રોહિત શર્મા ઍન્ડ કંપની પરાજયનો માર્જિન ૧-૨નો રાખી શકશે અને મૅચ ડ્રૉ જશે તો કિવીઓ ૦-૨ની જીત સાથે પાછા જશે, પરંતુ જો ભારતીય ટીમ પરાજિત થશે તો ઘરઆંગણે ૦-૩ના વ્હાઇટ-વૉશનો આઘાત વર્ષો સુધી નહીં ભુલાય.

હાલમાં ભારતીય ટીમ માટે આશાનું એકમાત્ર કિરણ એ છે કે વાનખેડેમાં ન્યૂ ઝીલૅન્ડ સામે ભારતનો રેકૉર્ડ સારો છે.





વાનખેડે સ્ટેડિયમમાં રોહિત શર્મા (ઉપર) ૧૧ વર્ષ પહેલાં ટેસ્ટ રમ્યો હતો. (બીસીસીઆઇ)

### બન્ને દેશની સ્ક્વૉડ

**ભારત:** રોહિત શર્મા (કૅપ્ટન), જસપ્રીત બુમરાહ (વાઇસ-કૅપ્ટન), યશસ્વી જયસ્વાલ, શુભમન ગિલ, વિરાટ કોહલી, કેએલ રાહુલ, સરફરાઝ ખાન, રિષભ પંત (વિકેટકીપર), ધ્રુવ જુરેલ (વિકેટકીપર), રવિચન્દ્રન અશ્વિન, રવીન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, કુલદીપ યાદવ, હર્ષિત રાણા, મોહમ્મદ સિરાજ અને આકાશ દીપ.

**ન્યૂ ઝીલૅન્ડ:** ટૉમ લેથમ (કૅપ્ટન), ટૉમ બ્લન્ડેલ (વિકેટકીપર), ડેવૉન કૉન્વે, વિલ યંગ, માર્ક ચૅપમૅન, ડેરિલ મિચલ, ગ્લેન ફિલિપ્સ, રાચિન રવીન્દ્ર, મિચલ સૅન્ટનર, જૅકબ ડફી, મૅટ હેન્રી, વિલિયમ ઑ'રુર્કે, ઍજાઝ પટેલ, ટિમ સાઉધી અને ઇશ સોઢી.

આંકડાની દૃષ્ટિએ જોઈએ તો વાનખેડેમાં ભારતીય ટીમ હરીફ દેશોની ટીમ પર મોટા ભાગે ભારે પડી છે. વાનખેડેમાં ભારત અત્યાર સુધીમાં કુલ ૨૬ ટેસ્ટ રમ્યું છે જેમાંથી ૧૨ મૅચમાં જીત્યું છે અને ફક્ત સાતમાં હાર્યું છે. સાત મૅચ ડ્રૉ થઈ છે. છેલ્લી ત્રણેય ટેસ્ટમાં ભારતનો વિજય થયો છે. આ સ્થળે છેલ્લે ડિસેમ્બર ૨૦૨૧માં ટેસ્ટ રમાઈ હતી જેમાં ભારતે ન્યૂ ઝીલૅન્ડને ૩૭૨ રનથી હરાવ્યું હતું. એ અગાઉના વાનખેડેના બે ટેસ્ટ-મુકાબલા ભારતે એક દાવથી જીત્યા હતા. ૨૦૧૬માં અહીં ભારતે ઇંગ્લૅન્ડને એક દાવ અને ૩૬ રનથી તથા ૨૦૧૩માં વેસ્ટ ઇન્ડિઝને એક દાવ અને ૧૨૬ રનથી હરાવ્યું હતું.

વાનખેડેમાં ન્યૂ ઝીલૅન્ડ સામે ભારતીય ટીમ ત્રણમાંથી બે ટેસ્ટ જીતી છે અને એક હારી છે. ૧૯૮૮ની સાલ પછી વાનખેડેમાં ન્યૂ ઝીલૅન્ડ સામે ભારત ટેસ્ટમાં નથી હાર્યું. વર્તમાન સિરીઝની બેન્ગલૂરુની ટેસ્ટ અગાઉ ૩૬ વર્ષ પહેલાં કિવીઓ ભારત સામે જે ટેસ્ટ જીત્યા હતા એ વાનખેડેમાં રમાઈ હતી અને એમાં ભારતનો ૧૩૬ રનથી પરાજય થયો હતો. ત્યારે ન્યૂ ઝીલૅન્ડ સામે જૉન બ્રેસવેલ મૅચ-વિનર હતો. તેણે મૅચમાં કુલ આઠ વિકેટ લીધી હતી અને ૮૪ રન બનાવ્યા હતા. ત્યારે જૉન રાઇટ ન્યૂ ઝીલૅન્ડના અને દિલીપ વેન્ગસરકર ભારતના કૅપ્ટન હતા. ■

# કોહલીએ મૅક્સવેલને ઇન્સ્ટાગ્રામ પર બ્લૉક કરી દીધો હતો! જાણો શું થયું હતું મેદાન પર...

મેલબર્ન: ક્રિકેટ જગતના બે મહાન બૅટર વિરાટ કોહલી અને ગ્લેન મૅક્સવેલની મિત્રતા જાણીતી છે, પરંતુ એક સમયે બંને વચ્ચેના સંબંધો વણસેલા હતા. ઑસ્ટ્રેલિયન ઑલરાઉન્ડર મૅક્સવેલે તાજેતરમાં જ તેનું પુસ્તક પ્રકાશિત કર્યું હતું, જેમાં તેણે જણાવ્યું કે પંજાબ કિંગ્સ સાથેના વિવાદ બાદ કોહલીએ કેવી રીતે રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુના સેટ-અપમાં મૅક્સવેલના સમાવેશને સમર્થન આપ્યું હતું.

જોકે, તેઓ બંને મિત્રો બન્યા એના ચાર વર્ષ પહેલાં, બંને વચ્ચે બનેલી ઘટના બાદ કોહલીએ મૅક્સવેલને ઇન્સ્ટાગ્રામ પર બ્લોક કરી દીધો હતો.

આઇપીએલની ૨૦૨૧ માં આરસીબીએ મૅક્સવેલને ૧૪.૨૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો, જેને કારણે ટીમની બૅટિંગ વધુ અસરદાર બની હતી. મૅક્સવેલે એ સીઝનમાં ૫૦૦ થી વધુ રન બનાવ્યા હતા જેના કારણે આરસીબી પ્લે-ઓફમાં પહોંચી અને ત્રીજા સ્થાને રહી હતી. જોકે, કોહલી ૨૦૧૭ની બોર્ડર-ગાવસકર ટ્રોફીમાં મૅક્સવેલના વર્તનથી નારાજ હતો.

મૅક્સવેલે જણાવ્યું કે,''જ્યારે નક્કી થયું કે હું આરસીબી તરફથી રમવાનો છું, ત્યારે વિરાટ પહેલો હતો જેણે મને મેસેજ મોકલ્યો અને મને ટીમમાં આવકાર્યો. જ્યારે હું આઇપીએલ પહેલાની ટ્રેઇનિંગ માટે આવ્યો, ત્યારે અમે વાતો કરી અને ટ્રેઇનિંગમાં થોડો સમય પસાર કર્યો. ત્યાર બાદ તેને ફૉલો કરવા મેં સોશિયલ મીડિયા ઓપન કર્યું, પણ મને તેનું અકાઉન્ટ મળ્યું નહીં.'

તેણે વધુમાં કહ્યું કે 'મને ખબર હતી કે તે સોશિયલ મીડિયા પર છે, મને સમજાયું નહીં અને પછી કોઈએ મને કહ્યું કે તેણે કદાચ મને બ્લૉક કરી દીધો હશે.'

મૅક્સવેલ કહ્યું કે ''પછી મેં જઈને તેને પૂછ્યું કે શું તેં મને ઈન્સ્ટાગ્રામ પર બ્લૉક કર્યો છે?' અને તેણે કહ્યું કે 'હા, તેં ટેસ્ટ મેચ દરમિયાન મારી મજાક ઉડાવી હતી, ત્યાર બાદ મેં તને બ્લૉક કર્યો હતો.' ત્યાર બાદ તેણે મને અનબ્લૉક કર્યો, અને અમે તે પછી સારા મિત્રો બની ગયા.'

બોર્ડર ગાવસકર ટ્રોફી દરમિયાન શું થયું હતુ:

વર્ષમાં ૨૦૧૭ની બોર્ડર ગાવસકર ટ્રોફી માટે ઑસ્ટ્રેલિયાની ટીમ ભારત આવી હતી. આ દરમિયાન મૅક્સવેલે કોહલીની મજાક ઉડાવી હતી.

રાંચીમાં ત્રીજી ટેસ્ટના પહેલા દિવસે કોહલીને ફીલ્ડિંગ કરતી વખતે ખભામાં ઈજા થઈ હતી, પરંતુ બે દિવસ પછી જ્યારે તે મેદાનમાં પરત ફર્યો ત્યારે મૅક્સવેલે કોહલીની મજાક ઉડાવી હતી.

આ મૅચ દરમિયાન ઈશાંત શર્માએ સ્ટીવ સ્મિથ સામે ચહેરો બનાવીને મજાક ઉડાવી હતી. બંને પક્ષે વાતાવરણ ગરમ થઇ ગયું હતું. ■

# વિલિયમસન વાનખેડેની ટેસ્ટમાં પણ નહીં રમે

## ઇંગ્લૅન્ડ સામેની સિરીઝ માટે ૧૦૦ ટકા ફિટ રહેવા ભારત-પ્રવાસ ટાળ્યો

મુંબઈ: ત્રણ મૅચની ટેસ્ટ-સિરીઝમાં ન્યૂ ઝીલૅન્ડ ૨-૦ની વિજયી સરસાઈ સાથે આગળ છે. કિવી ટીમ શ્રેણી ૩-૦ની ક્લીન સ્વીપ સાથે જીતી લેવાની તલાશમાં છે, જ્યારે ભારતે હવે જીતીને પરાજયનો માર્જિન ૧-૨નો કરવો પડશે. જોકે શુક્રવારે વાનખેડેમાં શરૂ થનારી આખરી ટેસ્ટ પહેલાં મળેલા એક સમાચારને કારણે આ માટેના બન્ને ટીમના પ્લાનિંગમાં થોડો ફેરફાર થઈ રહ્યો છે. ન્યૂ ઝીલૅન્ડનો ભૂતપૂર્વ કૅપ્ટન અને ઈજાગ્રસ્ત પીઢ બૅટર કેન વિલિયમસન સિરીઝની આ મૅચમાં પણ નથી રમવાનો.

વિલિયમસન પ્રથમ ટેસ્ટમાં નહીં રમે એ તો સિરીઝ અગાઉ ઘણા દિવસ પહેલાં જ જાહેર થઈ ગયું હતું. ત્યાર પછી તે બીજી ટેસ્ટમાં પણ નહીં રમે એ શ્રેણીની શરૂઆત દરમ્યાન નક્કી થઈ ગયું હતું. હવે ત્રીજી મૅચ પહેલાં કિવી ટીમે જાહેર કર્યું છે કે વિલિયમસન હજી પૂરેપૂરો ફિટ નહીં હોવાથી વાનખેડેની ટેસ્ટમાં પણ નહીં રમે. જોકે ન્યૂ ઝીલૅન્ડે ભારતના પ્રવાસ પછી આવતા મહિને ઘરઆંગણે ઇંગ્લૅન્ડ સામે મહત્ત્વની ટેસ્ટ-શ્રેણી રમવાની છે અને કિવી ટીમને આશા છે કે એ પહેલાં વિલિયમસન પૂરો ફિટ થઈ જશે.

વિલિયમસન ન્યૂ ઝીલૅન્ડ વતી કુલ ૧૦૨ ટેસ્ટ રમ્યો છે જેમાં તેણે કુલ ૮,૮૮૧ રન બનાવ્યા છે જેમાં ૩૨ સેન્ચુરી સામેલ છે.

કિવી ટીમના હેડ-કોચ ગૅરી સ્ટીડે કહ્યું છે કે 'વિલિયમસનને ઈજા-મુક્ત થવાની બાબતમાં ખૂબ સતર્ક અપ્રોચ રાખ્યો છે. હવે તેને ઇંગ્લૅન્ડ સામે ૨૮મી નવેમ્બરે ક્રાઇસ્ટચર્ચમાં શરૂ થનારી ટેસ્ટ-શ્રેણી પહેલાં ફિટ થવા પૂરો સમય મળશે. મને લાગે છે કે વિલિયમસન ન્યૂ ઝીલૅન્ડમાં જ રહે અને રિહૅબિલિટેશન પર જ ફોકસ રાખે એ જ તેના માટે સારું છે. ઇંગ્લૅન્ડ સામેની શ્રેણીને હજી એક મહિનો બાકી છે એટલે તે પૂરો ફિટ થઈને એમાં રમવા આવી શકશે.' ■



# ભારતની દીપ્તિ શર્મા વન-ડેમાં નંબર-વનની રૅન્કથી એક જ ડગલું દૂર

## બોલર્સ લિસ્ટમાં બ્રિટિશ સ્પિનર એકલસ્ટૉન નંબર-વન છે અને દીપ્તિ નંબર-ટૂ

દુબઈ: ભારતની પીઢ ઑલરાઉન્ડર દીપ્તિ શર્મા મહિલાઓના ટી-૨૦ રૅન્કિંગમાં ત્રીજા નંબરે અને ઑલરાઉન્ડર્સમાં ચોથા નંબરે છે અને વન-ડેની બોલર્સમાં હવે કરીઅર-હાઇ બીજા નંબર પર આવી છે. ઇંગ્લૅન્ડની લેફ્ટ-આર્મ સ્પિનર સૉફી એકલસ્ટૉન આ લિસ્ટમાં પ્રથમ સ્થાને છે અને દીપ્તિ કરતાં ૮૩ પૉઇન્ટ આગળ છે, પરંતુ સમય જતાં દીપ્તિ તેને આ સર્વોચ્ચ સ્થાને પડકારી શકે એમ છે.



ન્યૂ ઝીલૅન્ડ સામેની વન-ડે સિરીઝની પ્રથમ બે મૅચના પર્ફોર્મન્સને લીધે દીપ્તિના રેટિંગ-પૉઇન્ટ વધીને કરીઅરમાં સૌથી વધુ ૬૮૭ થઈ ગયા છે. સૉફીના ૭૭૦ પૉઇન્ટ છે.

દીપ્તિ શર્મા એકસાથે બે ખેલાડીઓ (કેટ ક્રૉસ અને મેગન શટ)ને ઓળંગીને બીજા નંબર પર આવી ગઈ છે. ન્યૂ ઝીલૅન્ડની લીઆ તાહુહુ ત્રણ પૉઇન્ટ આગળ આવીને ૧૨મા સ્થાને આવી ગઈ છે.

ન્યૂ ઝીલૅન્ડની કૅપ્ટન સૉફી ડિવાઇન નવ ક્રમની છલાંગ સાથે ૩૦મા નંબરે આવી ગઈ છે.

વન-ડેની ઑલરાઉન્ડર્સના લિસ્ટમાં દીપ્તિ અને સૉફી ડિવાઇને અનુક્રમે એક તથા બે ક્રમનો સુધારો બતાવ્યો છે. દીપ્તિ ચોથા સ્થાને અને ડિવાઇન સાતમા સ્થાને છે. ■

# ધનતેરસે પણ ધનવર્ષા ચાલુઃ સેન્સેક્સે ૩૬૪ પોઈન્ટની જમ્પ લગાવી, નિફ્ટી ૨૪,૫૦૦ની નજીક પહોંચ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ : ધનતેરસના દિવસે અફડાતફડીમાંથી પસાર થવા છતાં ખાસ કરીને સત્રના પાછલા ભાગમાં નીકળેલી લેવાલીના ટેકાએ બેન્ચમાર્કને ઊંચી સપાટીએ મોકલ્યો હતો અને માર્કેટ કેપમાં ઉમેરો કરીને ધનવર્ષા ચાલુ રાખી હતી. વિશ્વબજારના સુધારાની પણ સેન્ટિમેન્ટને સકારાત્મક અસર થઇ હતી. બેન્ક, રિયલ્ટી અને નાણાકીય શેરોની આગેવાની હેઠળ શેરબજારે સતત બીજા સત્રમાં સુધારો જારી રાખ્યો હતો. સત્રને અંતે સેન્સેક્સ ૩૬૩.૯૯ પોઈન્ટ અથવા ૦.૪૫ ટકા વધીને ૮૦,૩૬૯.૦૩ પોઇન્ટની સપાટી પર અને નિફ્ટી ૧૨૭.૭૦ પોઈન્ટ અથવા ૦.૫૨ ટકા વધીને ૨૪,૪૬૬.૮૦ પોઇન્ટના સ્તરે સ્થિર થયો હતો.

સ્ટેટ બેન્ક પાંચ ટકા ઊછળ્યો હતો, ત્યારબાદ સેન્સેક્સના સૌથી વધુ વધનારા શેરોમાં આઇસીઆઇસીઆઇ બેન્ક, બજાજ ફિનસર્વ, એનટીપીસી, અદાણી પોર્ટ, બજાજ ફાઇનાન્સ, અને લાર્સન એન્ડ ટૂબ્રોના નામ હતા. જ્યારે મારુતી સુઝુકી, ટાટા મોટર્સ, સન ફાર્મા, ભારતી એરટેલ, ઇન્ડસઇન્ડ બેન્ક અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ટોપ લૂઝરની યાદીમાં હતા.

મારુતિ સુઝુકીનો નફો સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૧૮ ટકા ઘટીને રૂ. ૩,૧૦૨ કરોડ અને આવક ૩૭,૪૪૯ કરોડ નોંધાઇ હતી. ફેડરલ બેન્કનો નફો ૧૧ ટકા વધ્યો હોવાના અહેવાલ વચ્ચે તેનો શેર આઠ ટકા વધ્યો હતો. એલજી ઇલેક્ટ્રોનિકનો નફો ૧૨.૩ ટકા અને રેવેન્યુ ૭.૫ ટકા વધી હતી. કેનેરા બેન્કનો નફો ૧૧ ટકા વધ્યો હતો. કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટીના ભાગરૂપે લોઢા ગ્રુપના માલિક અભિશેક લોઢાએ મેક્રોટેક ડેવલપર્સમાંની તેમની શેરહોલ્ડિંગનો મોટો હિસ્સો લોઢા ફિલેન્થ્રોપી ફાઉન્ડેશનને ટ્રાન્સફર કર્યો છે, જેની પાસે રૂ. ૨૦,૦૦૦ કરોડનું પ્રારંભિક ભંડોળ હશે.

મિશ્ર વૈશ્વિક સંકેતો વચ્ચે બજાર સપાટ મથાળે ખુલ્યું હતું, પરંતુ સત્રના પૂર્વાર્ધમાં બજાર નકારાત્મક ઝોનમાં ધકેલાઇ ગયું હતું. જોકે, મધ્યસત્રની રિકવરીથી બેન્ચમાર્કને દિવસના ઉચ્ચ સ્તરની નજીક બંધ થવામાં મદદ મળી હતી. બીએસઇ મિડકેપ અને સ્મોલકેપ શેરઆંક ૦.૭ ટકા વધ્યા છે. સેક્ટોરલ મોરચે બેંક, રિયલ્ટી, પાવર, કેપિટલ ગુડ્સ ૧-૨ ટકા જ્યારે ફાર્મા, આઈટી અને ઓટો ૦.૫-૧ ટકા ડાઉન હતા. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે સ્ટેટ બેન્ક૫.૧૩ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૩.૦૮ ટકા, બજાજ ફિનસર્વ ૨.૧૮ ટકા, એનટીપીસી ૨.૧૧ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૬૧ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૫૨ ટકા, એક્સિસ બેન્ક૧.૩૧ ટકા, લાર્સન ૧.૨૨ ટકા, એચડીએફસી બેન્ક ૦.૯૬ ટકા, પાવર ગ્રીડ ૦.૮૨ ટકા અને આઈટીસી ૦.૮૦ ટકા વધ્યા હતા, જ્યારે મારુતિ ૪.૧૧ ટકા, તાતા મોટર્સ ૪.૦૬ ટકા, સન ફાર્મા ૧.૬૭ ટકા, ભારતી એરટેલ ૧.૬૧ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૧.૫૩ ટકા, ઈન્ફોસિસ ૧.૪૭ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૩૬ ટકા, જેએસડબ્લ્યુ સ્ટીલ ૧.૨૪ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૧.૦૧ ટકા અને ટીસીએસ ૦.૩૯ ટકા ઘટ્યા હતા.




નિફ્ટીના શેરોમાં એસબીઆઈ, ભારત ઈલેક્ટ્રોનિક્સ, એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સ, એચડીએફસી લાઈફ, આઈસીઆઈસીઆઈ બેંક નિફ્ટીમાં ટોપ ગેઇનર્સમાં હતા, જ્યારે ટાટા મોટર્સ, ડો રેડ્ડીઝ લેબ્સ, મારુતિ સુઝુકી, હીરો મોટોકોર્પ અને બજાજ ઓટોનો સમાવેશ થાય છે. એમી ઓર્ગેનિક્સ, અનુપ એન્જિનિયરિંગ, કેર રેટિંગ્સ, કારટ્રેડ ટેક, સિટી યુનિયન બેંક, દીપક ફર્ટિલિયર્સ, જિલેટ ઈન્ડિયા, ઈન્ડિગો પેઈન્ટ્સ, ક્રિષ્ના ડાયગ્નોસ્ટિક્સ, ખઈડ ઈન્ડિયા, પિરામલ ફાર્મા, શારદા ક્રોપ, એસજેએસ એન્ટરપ્રાઈઝીસ, થાઈરોકેર ટેક્નોલોજીસ, વોકહાર્ટ વગેરે સહિત ૧૩૦થી વધુ શેરોએ એનએસઇ પર તેમની બાવન સપ્તાહની ઊંચી સપાટીને સ્પર્શ કર્યો હતો. ભારતીય શેરબજારોમાં આજના સત્ર દરમિયાન નેગેટિવ ઝોનમાંથી પોઝિટિવ ઝોનમાં ઝંપલાવ્યું હતું. નિફ્ટી૫૦ એ દિવસની શરૂઆત નરમ ટોન સાથે કરી હતી અને મિડ અને સ્મોલકેપ કાઉન્ટર્સમાં નબળાઈએ ઈન્ડેક્સ પર નીચી ગતિ તરફ જવા વધુ દબાણ કર્યું હતું. જોકે, ટ્રેડિંગ સેશનના બીજા ભાગમાં, સમગ્ર બોર્ડમાં ટર્નઅરાઉન્ડ જોવા મળ્યો હતો જમાં બજારે સંપૂર્ણ ઘટાડો પચાવીને બેન્ચમાર્ક ઈન્ડેક્સને ટેકો આપ્યો હતો. સેક્ટર મુજબની કામગીરી જોઇએ તો બેન્કિંગ ઇન્ડેક્સ ટોચના ગેઇનર્સ હતા, ત્યારબાદ રિયલ્ટી જ્યારે ઓટો અને ફાર્માએ સૌથી વધુ સુધારો કર્યો હતો. મિડ અને સ્મોલ કેપ્સે ફ્રન્ટલાઈન ઈન્ડેક્સ કરતાં વધુ સારો દેખાવ કર્યો હતો.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં બેન્કેક્સ સૌથી અધિક વધ્યો હતો અને ઓટો સૌથી અધિક ઘટ્યો હતો. માર્કેટ કેપમાં રૂ. ૬.૩૪ લાખ કરોનું ગાબડું નોંધાયું હતું. મંગળવારે બીએસઈ સેન્સેક્સ ગત સોમવારના ૮૦,૦૦૫.૦૪ના બંધથી ૩૬૩.૯૯ પોઈન્ટ્સ (૦.૪૫ ટકા) વધ્યો હતો.

માર્કેટ કેપ રૂ.૬.૩૪ લાખ કરોડ ઘટીને રૂ.૪૩૪.૮૬ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સ ૮૦,૦૩૭.૨૦ ખૂલીને ઊંચામાં ૮૦,૪૫૦.૪૮ સુધી અને નીચામાં ૭૯,૪૨૧.૩૫ સુધી જઈને અંતે ૮૦,૩૬૯.૦૩ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો.સેન્સેક્સની ૧૬ સ્ક્રિપ્સ વધી હતી અને ૧૪ સ્ક્રિપ્સ ઘટી હતી. એક્સચેન્જમાં ૩,૯૯૧ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૨૪૨ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૬૨૩ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૨૬ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૩૨ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૭૮ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૭૪ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૭૧ ટકા વધ્યા હતા. સ્ટ્રટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૨૯ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૮૩ ટકા વધ્યો હતો. સેક્ટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ બેન્કેક્સ ૨.૨ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૨ ટકા, , રિયલ્ટી ૧.૪૬ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૨૮ ટકા, યુટિલિટીઝ ૧.૨૬ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૧૯ ટકા, પાવર ૧.૦૮ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૯૫ ટકા, સર્વિસીસ ૦.૮૫ ટકા, કોમોડિટીઝ ૦.૫૩ ટકા, મેટલ ૦.૪૫ ટકા, એનર્જી ૦.૩૯ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૧૮ ટકા અને એફએમસીજી ૦.૦૯ ટકા વધ્યા હતા, જ્યારે ઓટો ૧.૫૨ ટકા, ટેક ૦.૮૧ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૭૪ ટકા, ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૦.૫ ટકા, હેલ્થકેર ૦.૪૭ ટકા અને કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૩ ટકા ઘટ્યા હતા. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં સોમવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૭૮.૫૦ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૫૩૬ સોદામાં ૯૬૯ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૪,૧૨,૩૭૨ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૫,૯૬,૪૦૫.૪૨ કરોડનું રહ્યું હતું.

## ઊંચા ભાવ છતાં ધનતેરસ-દિવાળીમાં જેમ્સ અને જ્વેલરીનું વેચાણ ₹ 30,000 કરોડના સ્તરે પહોંચવાનો આશાવાદ

કોલકતાઃ તાજેતરમાં સોના અને ચાંદીના ભાવમાં તેજીનું વલણ રહ્યું હોવા છતાં ધનતરેસ અને દિવાળીના સપરમા તહેવારોમાં જેમ્સ અને જ્વેલરીની માગ રૂ. ૩૦,૦૦૦ કરોડની સપાટી વટાવી જાય તેવી શક્યતા ઉદ્યોગના નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે. કિંમતી ધાતુઓના ભાવમાં વધારો થવાથી ગ્રાહકો સોનાને વિશ્વસનીય અસ્ક્યામત તરીકે જોઈ રહ્યા છે, જ્યારે ચાંદીમાં પ્રબળ ઔદ્યોગિક માગ અને સોનાની સરખામણીમાં ભાવ નીચા હોવાથી ચાંદીના આભૂષણો વધુ પ્રચલિત થઈ રહ્યા છે. આ વર્ષે દિવાળીના ટાંકણે ભાવ ઊંચા હોવાથી વૉલ્યુમમાં ઘટાડો થવા છતાં મૂલ્યની દૃષ્ટિએ વેચાણમાં ૧૦થી ૧૫ ટકાનો વધારો થવાની શક્યતા અમુક નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે સ્ટોક માર્કેટના બૅન્ચમાર્કમાં મળેલા વળતરની સરખામણીમાં ચાંદીમાં ૪૦ ટકા જેટલું અને સોનામાં ૨૩ ટકા જેટલું વધુ વળતર છૂટ્યું છે. જેમ્સ ઍન્ડ જ્વેલરી એક્સ્પોર્ટ પ્રમોશન કાઉન્સિલના પૂર્વ પ્રાંતના ચેરમેને જણાવ્યું હતું કે વૈશ્વિક અનિશ્ચિતતા અને રાજકીય-ભૌગોલિક સ્થિતિને ધ્યાનમાં લેતા સોનામાં ચળકાટ જળવાયેલો રહેશે, જ્યારે ચાંદીમાં પોસાણક્ષમ વિકલ્પ તરીકે માગ જળવાયેલી રહેશે. વધુમાં કાઉન્સિલે નોંધ્યું હતું કે આ વર્ષે ગ્રાહકોની ડાયમંડની માગ સોના પર પરાવર્તિત થઈ છે. ખાસ કરીને લેબગ્રોન હીરાની વધતી લોકપ્રિયતાને કારણે કુદરતી ડાયમંડની માગ પર માઠી અસર પડી છે. અંકુરહટી જેમ્સ ઍન્ડ જ્વેલરી મેન્યુફેક્ચરર્સ વેલફેર એસોસિયેશનના પ્રમુખ અશોક બેંગાનીએ જણાવ્યું હતું કે આયાત જકાતમાં ઘટાડો કરવાના ઉદ્યોગના પ્રયાસથી બજાર પ્રોત્સાહિત થઈ છે. જોકે, નાણાં મંત્રાલયે સોના પરની આયાત જકાત જે ૧૫ ટકા હતી તેમાં નવ ટકાનો ઘટાડો કર્યો છે, પરંતુ વૈશ્વિક રાજકીય-ભૌગોલિક તણાવને કારણે ડ્યૂટી ઘટાડાની અસર ધોવાઈ ગઈ હતી. આ ધનતેરસ અને દિવાળીમાં વેચાણના વૉલ્યુમમાં ઘટાડો થશે, પરંતુ વેચાણ રૂ. ૩૦,૦૦૦ કરોડની પાર થવાની શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

## વૈશ્વિક સોનું વિક્રમ સપાટીની નજીક પહોંચતા સ્થાનિકમાં ₹ ૫૦૦ની તેજી, ચાંદી ₹ ૧૭૮૭ ઉછળીઃ ધનતેરસની ઘરાકીની ચહેલપહેલ, પરંતુ વૉલ્યુમ ઓછું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઈઝરાયલે લેબેનોન પર કરેલા હુમલામાં અંદાજે ૬૦ વ્યક્તિઓની જાનહાની થઈ હોવાના અહેવાલ ઉપરાંત અમેરિકાની પ્રમુખપદની ચૂંટણીના પરિણામોની અનિશ્ચિતતાઓ વચ્ચે આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ વિક્રમ સપાટીની નજીક પહોંચ્યાના અહેવાલોને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં આજે ધનતેરસના સપરમા દહાડે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૯૮થી ૫૦૦ની તેજી આવી હતી, જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧૭૮૭ના ઉછાળા સાથે ફરી રૂ. ૯૭,૦૦૦ની સપાટી પાર કરી ગયા હતા.

આજે ધનતેરસના સપરમા દહાડે સ્થાનિક જ્વેલરોમાં ખાસ કરીને રિટેલ સ્તરની માગની ચહેલપહેલ જોવા મળી હતી, પરંતુ ખરીદીની માત્રા અથવા તો વૉલ્યુમ ઓછું રહેવાની ભીતિ સેવાઈ રહી હતી. વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે આજે હાજરમાં વેરારહીત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૯૮ વધીને રૂ. ૭૮,૪૩૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૫૦૦ વધીને રૂ. ૭૮,૭૪૫ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ભાવમાં તેજીનો અન્ડરટોન હોવાને કારણે રિટેલ સ્તરના ગ્રાહકોની ચહેલપહેલ હતી, પરંતુ વૉલ્યુમમાં ઘટાડો થવાની સાથે રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી રહેવાની શક્યતા સૂત્રોએ વ્યક્ત કરી હતી. વધુમાં આજે ૯૯૯ ટચ ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧૭૮૭ના ઉછાળા સાથે રૂ. ૯૭,૮૭૩ના મથાળે રહ્યા હતા. જોકે, સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ અને ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની ખપપૂરતી માગ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.




દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે મધ્યપૂર્વના દેશોના રાજકીય-ભૌગોલિક તણાવ તથા અમેરિકાની ચૂંટણીના પરિણામોની અનિશ્ચિતતા વચ્ચે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૨૭૫૮.૩૭ ડૉલરની વિક્રમ સપાટીની લગોલગ ૨૭૫૦.૮૭ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ૦.૩ ટકા વધીને ૨૭૬૩.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૩ ટકા વધીને ઔંસદીઠ ૩૪.૧૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે ગઈકાલે અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં અને ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી જોવા મળેલા ઘટાડાને કારણે સોનામાં સુધારાને ટેકો મળ્યો હોવાનું આઈજી માર્કેટના સ્ટ્રેટેજિસ્ટ યીપ જૂન રૉન્ગે જણાવતાં ઉમેર્યું હતું કે હાલમાં રોકાણકારોની નજર આગામી દિવસોમાં જાહેર થનારા ફુગાવાના અને રોજગારીના ડેટા પર સ્થિર થઈ છે. જો અમેરિકાના આર્થિક ડેટાઓ મજબૂત આવશે તો ફેડરલ રિઝર્વ નાણાનીતિ હળવી અખત્યાર કરતાં સોનાની તેજીને ટેકો મળશે, એમ તેમણે ઉમેર્યું હતું. ફેડરલ રિઝર્વ આગામી નવેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી બજાર વર્તુળો ધારણા મૂકી રહ્યા છે.

## તહેવારોની માગને ટેકે સિંગતેલમાં ₹ ૧૦ની આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૦૮ રિંગિટનો સુધારો આવ્યો હતો, જ્યારે ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના ડિસેમ્બર અને જાન્યુઆરી વાયદામાં અનુક્રમે ૧૪૬ સેન્ટ અને ૧૪૨ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ સાથે આજે સ્થાનિક જથ્થાંધ ખાદ્યતેલ બજારમાં આયાતી તેલમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું જેમાં સોયા રિફાઈન્ડના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે સન રિફાઈન્ડમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો.

વધુમાં આજે સૌરાષ્ટ્રના મથકો પર સિંગતેલમાં તેલિયા ટીન અને લૂઝના ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવા છતાં સ્થાનિકમાં ખાસ કરીને તહેવારોની માગને ટેકે ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ વધી આવ્યા હતા, જ્યારે સરસવમાં રૂ. ૩૦નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના ૧૦ કિલોદીઠ ભાવમાં રૂચીના રૂ. ૧૩૧૦ અને રિલાયન્સ રિટેલના રૂ. ૧૩૩૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારો એકંદરે પાંખાં રહ્યા હતા.

આજે સ્થાનિકમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૧૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૩૦, સિંગતેલના રૂ. ૧૫૬૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦ અને સરસવના રૂ. ૧૩૯૦ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે સૌરાષ્ટ્રનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૪૩૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૨૫માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## ડૉલર સામે રૂપિયામાં ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારો અને વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સાંકડી વધઘટે અથડાઈને અંતે ગઈકાલની જ ૮૪.૦૭ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી અને માસાન્તને કારણે ડૉલરમાં આયાતકારોની લેવાલી રહેતાં રૂપિયામાં સુધારો રૂંધાયો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૪.૦૭ના બંધ સામે સાધારણ નરમાઈના અન્ડરટોને ૮૪.૦૮ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪.૦૮ અને ઉપરમાં ૮૪.૦૭ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના જ ૮૪.૦૭ના મથાળે બંધ રહ્યો હતો. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૪ ટકા ઘટીને ૧૦૪.૨૭ આસપાસ તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના ઘટ્યા મથાળેથી ૦.૭૪ ટકા વધીને બેરલદીઠ ૭૧.૯૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૬૩.૯૯ પૉઈન્ટનો અને ૧૨૭.૭૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાને થોડો ટેકો મળ્યો હતો. જોકે, માસાન્તને કારણે ડૉલરમાં આયાતકારોની લેવાલી ઉપરાંત ગઈકાલે પણ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૨૨૮.૦૮ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયામાં સુધારો રૂંધાયો હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

## મિડિયમ ગ્રેડની ખાંડમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ મર્યાદિત રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૫ના ઘટાડા સાથે રૂ. ૩૫૨૫થી ૩૫૬૫માં થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં પ્રબળ માગ તેમ જ માલની ગુણવત્તા પણ સારી આવી હોવાથી ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૪નો સુધારો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. જોકે, આજે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૯૨થી ૩૭૮૨માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં એકંદરે વધુ માગ અને અમુક માલની ગુણવત્તા પણ સારી આવી હોવાથી તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૪ના સુધારા સાથે રૂ. ૩૭૭૬થી ૩૯૫૬માં થયાના અહેવાલ હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડનાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૩૦થી ૩૬૮૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૭૦થી ૩૭૬૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

## ધાતુમાં પાંખાં કામકાજો વચ્ચે મિશ્ર વલણ

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે સ્ટોકિસ્ટો, ઔદ્યોગિક વપરાશકારો તેમ જ સ્થાનિક ડીલરો સહિત સાર્વત્રિક સ્તરેથી કામકાજો પાંખાં રહ્યા હોવાથી માગ અનુસાર વિવિધ ધાતુઓના ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. આજે મુખ્યત્વે કોપરની અમુક વેરાઈટીઓ એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં માગ અનુસાર ભાવમાં કિલોદીઠ રૂ. એકથી છનો સુધારો આવ્યો હતો અને નિકલ અને લીડ ઈન્ગોટ્સમાં નિરસ માગે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. બે અને રૂ. એકનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે ચીનના સ્ટિમ્યુલસ પેકેજની સ્પષ્ટતાના અભાવ વચ્ચે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯ ટકા ઘટીને ટનદીઠ ૯૬૪૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવા છતાં સ્થાનિકમાં કોપરની



અમુક વેરાઈટીઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં ભાવમાં સુધારો જોવ મળ્યો હતો, જેમાં કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૭૩૬, કોપર સ્ક્રેપ હેવી અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૭૯૨ અને રૂ. ૮૫૬ અને કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૮૦૨ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૨૯૫ના મથાળે રહ્યા હતા, જ્યારે છૂટીછવાઈ વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૨૪૭ના મથાળે રહ્યા હતા. જોકે, આજે નિકલ અને લીડ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી તેમ જ સાર્વત્રિક સ્તરેથી નિરસ માગ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૧૩૭૫ અને રૂ. એક ઘટીને રૂ. ૧૮૪ના મથાળે રહ્યા હતા.

## ભારતની આર્થિક વૃદ્ધિ ધીમી પડવાનો અંદાજ, રિઝર્વ બૅન્કનો ૭.૨ ટકા વૃદ્ધિનો અંદાજ વધુ પડતો આશાવાદીઃ નોમુરા

મુંબઈઃ ભારતની આર્થિક વૃદ્ધિ સાઈકલિકલ ધોરણે મંદ પડવાના તબક્કામાંથી પસાર થઈ રહી છે અને રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા દ્વારા વર્તમાન નાણાકીય વર્ષ માટે મૂકેલો ૭.૨ ટકાની વૃદ્ધિનો અંદાજ વધુ પડતો આશાવાદી હોવાનું જાપાનીઝ બ્રોકરેજ નોમુરાએ આજે જણાવ્યું હતું. વધુમાં બ્રોકરેજે વૃદ્ધિ ધીમી પડવાના જોખમોને ધ્યાનમાં લેતા વર્તમાન નાણાકીય વર્ષ માટે ૬.૭ ટકા અને આગામી નાણાકીય વર્ષ માટે ૬.૮ ટકા આર્થિક વૃદ્ધિનો અંદાજ મૂક્યો છે. અમારું માનવું છે કે ભારતીય અર્થતંત્ર સાઈકલિકલ ધોરણે વૃદ્ધિ મંદ પડવાના તબક્કામાં પ્રવેશ્યું છે આથી વૃદ્ધિના પરિબળો મંદ પડતાં જીડીપીમાં સાધારણ ઘટાડો થશે અને રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે મૂકવામાં આવેલો ૭.૨ ટકા જીડીપીનો અંદાજ વધુ પડતો આશાવાદી છે, એમ બ્રોકરેજે એક નોટ્સમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે અમુક આર્થિક ડેટાઓ નબળા આવ્યા હોવા છતાં રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ આ મહિનાના આરંભમાં વર્તમાન નાણાકીય વર્ષ માટે ૭.૨ ટકાની આર્થિક વૃદ્ધિનો અંદાજ જાળવી રાખ્યો હતો. નોમુરાએ નોટ્સમાં જણાવ્યું હતું કે શહેરી વપરાશી પરિમાણો નબળાઈનો સંકેત આપે છે જેમાં ખાસ કરીને પેસેન્જર વાહનોના વેચાણમાં ઘટાડો, એરલાઈન પેસેન્જર ટ્રાફિકમાં ઘટાડો અને એફએમસીજી કંપનીઓ શહેરી વિસ્તારોમાં માગ મંદ પડવાના નિર્દેશો આપે છે. અમારું માનવું છે કે શહેરી માગમાં નરમાઈનું વલણ જળવાઈ રહેશે. વધુમાં કંપનીઓ પગારના ખર્ચ ઘટાડી રહી છે અને ગત સપ્ટેમ્બરના અંતે પૂરા થયેલા ત્રિમાસિકગાળામાં ફુગાવાના એડજસ્ટમેન્ટને ધ્યાનમાં લેતાં અત્યાર સુધીમાં જાહેર થયેલા પરિણામોમાં લિસ્ટેડ કંપનીઓનાં વાસ્તવિક પગાર અને વેતનના ખર્ચ ઘટીને ૦.૮ ટકા થયો છે, જે આગલા જૂન અંતના ત્રિમાસિકગાળામાં ૧.૨ ટકા, નાણાકીય વર્ષ ૨૦૨૪માં ૨.૫ ટકા અને નાણાકીય વર્ષ ૨૦૨૩માં ૧૦.૮ ટકાના સ્તરે હતો. એકંદરે આ આંકડા પગાર વૃદ્ધિમાં મિશ્ર વલણ દર્શાવે છે. આમ કોવિડ-૧૯ મહામારી પશ્ચાત્ માગમાં જોવા મળેલી વૃદ્ધિ ઓસરી છે, નાણાનીતિ તંગ છે અને અનસિક્યોર્ડ લોન સામે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાનું કડક વલણ હોવાથી વ્યક્તિગત લોન અને નોન બૅન્કિંગ ફાઈનાન્સ કંપનીઓની ધિરાણ વૃદ્ધિ ધીમી પડી હોવાનું નોટ્સમાં ઉમેર્યું હતું.

# ત્રણ દિવસની મંગળા આરતી સાથે કચ્છમાં દીપોત્સવી પર્વની ઉજવણીનો પ્રારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભારતભરમાં એકમાત્ર સ્થળે દીપોત્સવી પર્વ દરમ્યાન યોજાતી ત્રણ દિવસની મંગળા આરતીનો ધનતેરસના દિવસથી મંગળ પ્રારંભ થવા સાથે દીપોત્સવી પર્વની ઉજવણીનો ઉમંગભેર પ્રારંભ થયો હતો. ભુજના હાટકેશ્વર મહાદેવ, ધીંગેશ્વર મહાદેવ, સોમનાથ મહાદેવ, કલ્યાણેશ્વર મહાદેવ અને સત્યનારાયણ મંદિરે વહેલી પરોઢિયે પાંચ વાગ્યાથી ક્રમશ મંગળા આરતી યોજાય છે. ધનતેરસ, કાળી ચૌદશ અને દિવાળીના દિવસે એમ ત્રણ દિવસ માટે યોજાતી આ મંગળા આરતી દરમિયાન વહેલી પરોઢે પાંચ વાગ્યાથી જ રાજાશાહી જમાનાના જૂના ભુજ અને ધરતીકંપ બાદ અસ્તિત્વમાં આવેલા નવા ભુજના દૂર દૂરના વિસ્તારોમાં ભારે ઉત્સાહ જોવા મળે છે અને મોટી સંખ્યામાં લોકો પરોઢિયે પાંચ વાગ્યાથી ભુજની આ મંગળા આરતીમાં હાજર રહેવા મહાદેવ ગેઇટના 'વિન્ટેજ' ઉપલીપાળ


(તસવીર- ઉત્સવ વૈદ્ય, ભુજ)

વિસ્તારમાં એકઠા થાય છે.

વહેલી પરોઢિયે યોજાતી આ મંગળા આરતીનો પ્રારંભ નાગરોના ઇષ્ટદેવ જાજરમાન હાટકેશ્વર મંદિરેથી થાય છે. આજે મોટી સંખ્યામાં જ્ઞાતિજનો મંગળા આરતીમાં ઉમટ્યા હતા. કચ્છના જાણીતા ઢોલકવાદક કિશોર વ્યાસના નોબતવાદન વચ્ચે પૂજારી કનુભાઈ વ્યાસે ભાવપૂર્વક ભગવાન શંકર અને મા અંબાજીના મંદિરોમાં આરતી-પૂજન કર્યા હતાં. નોબતવાદન, ઘંટારવ અને આતશબાજી વચ્ચે યોજાતી આ મંગળા આરતી એક અલૌકિક માહોલ ખડો કરી રહી છે. હાટકેશ્વર મંદિરની મંગળા આરતી પૂર્ણ થયા બાદ લોકો કલ્યાણેશ્વર મહાદેવના મંદિરે પહોંચે છે અને આ પ્રાચીન શિવ મંદિરમાં પણ મંગળા આરતી યોજાય છે. અહીંથી લોકો સત્યનારાયણના પ્રાચીન મંદિરે પહોંચે છે જ્યાં મંગળા આરતી યોજાયા બાદ હમીરસર તળાવના કાંઠે પરિવારો, બાળકો સાથે આતશબાજીનો આનંદ માણે છે. ભુજ જેવી મંગળા આરતી દેશમાં અન્ય કોઈ સ્થળે યોજાતી નથી. કચ્છ બહાર સ્થાયી થયેલા પરિવારો ભુજની મંગળા આરતીમાં ભાગ લેવા દેશ વિદેશથી ભાગ લેવા આવે છે.

ધનતેરસના દિવસે ભુજની બજારોમાં દિવાળીની છેલ્લી ઘડીની ખરીદી માટે લોકોની ભીડ એકઠી થયેલી જોવા મળી હતી. ભુજના રોશનીથી શણગારેલા વાણીયાવાડ, તળાવ શેરી, મહેરઅલી ચોક અને દરબારગઢ વિસ્તારમાં રોનક વર્તાઈ રહી છે તો, ધરતીકંપ બાદ નિર્માણ પામેલા છઠ્ઠીબારી રિંગરોડ,આશાપુરા રિંગરોડ અને અનમ રિંગરોડ પર ભારે ટ્રાફિક જોવા મળી રહ્યો છે.વેપારીઓએ આજે દિવાળીથી દિવાળી સુધીના ચોપડાઓની ખરીદી કરી હતી. જો કે ફટાકડા બજારના વેપારીઓના જણાવ્યા પ્રમાણે ફટાકડાનું વેંચાણ આ વર્ષે પણ પ્રમાણમાં ઓછું થવા પામ્યું છે. ■



રાજકોટમાં કેન્દ્રીય પ્રધાન અને ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલની ઉપસ્થિતિમાં રોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું, આ રોજગાર મેળા અંતર્ગત વડા પ્રધાન મોદીએ વર્ચ્યુઅલી ઉમેદવારોને નિમણૂકપત્રો એનાયત કર્યા હતા. (તસવીર-પ્રવિણ સેદાણી, રાજકોટ)


રાજકોટમાં દિવાળી કાર્નિવલની ઉજવણી કરવામાં આવી રહી છે, જેના ભાગરૂપે રેસ કોર્સ પાસે સાંજે રંગોળી સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં સ્પધર્કોએ રંગબેરંગી રંગોળી બનાવી હતી. (તસવીર-પ્રવિણ સેદાણી, રાજકોટ)

# ભાવનગરમાં પરંપરા મુજબ ધનતેરસના દિવસે રંગોળી હરીફાઈ યોજાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના સોની વેપારીને પીએસઆઇ તરીકે ઓળખાવી સગાઈ કરનારો આરોપી સુરત ખાતે ઝડપાતા પોલીસે તેનો ટ્રાન્સફર વોરંટથી કબજો મેળવી રિમાન્ડ મેળવી તપાસ હાથ ધરી છે, બનાવની જાણવા મળતી વિગત મુજબ ભાવનગર શહેરના વોરાબજાર ટંકશાળાવાળા ખાંચામાં નારેશ્વર જવેલર્સ નામની દુકાન ધરાવતા અલ્પેશભાઈ ચીમનલાલ ધ્રાંગધરીયાને ગત ૭મી ઓક્ટોબરના રોજ એક અજાણ્યા નંબર પરથી ફોન આવેલો અને સામેના વ્યક્તિએ પોતે સુરત શહેર પોલીસના પીએસઆઈ વિજયરાજસિંહ ગોહિલ તરીકેની ઓળખ આપી હતી. અને જણાવ્યું હતું કે, 'અમે સુરતમાં એક સોનાના દાગીનાની ચોરી કરનારને ઝડપ્યો હતો, અને તેની પૂછપરછમાં તેણે પાંચ ગ્રામનો એક સોનાનો ચેઈન તમારી દુકાનમાં વેચ્યો હતો, અને તમે તેને રૂ.૩૧,૫૦૦ રોકડા આપ્યા હતા, તેથી તમે સોનાની ચેઈનના રૂ.૩૧,૫૦૦ નકલી પીએસઆઈને ગુગલ પે દ્વારા મોકલી આપો તો તમારા વિરુદ્ધ કાર્યવાહી નહીં કરીએ અને જો પૈસા નહીં મોકલો તો ત્યાં રૂબરૂ આવી ગુનામાં ફીટ કરી દઈશું' અને તે પછી પણ ત્રણ-ચાર વખત ફોન આવતા સોનાના વેપારીએ ગભરાઈને રૂપિયા મોકલી દીધાં હતા, જે બાદ ગત ૨૧ ઑક્ટોબરના રોજ સોનાના વેપારીના


(તસવીર-વિપુલ હિરાણી, ભાવનગર)

ફોન પર વાપી જીઆઈડીસી પોલીસનો ફોન આવેલો અને ૭ ઑક્ટોબરના રોજ ઓનલાઈન પૈસા મોકલવા અંગે પૃચ્છા કરી વેપારીને જણાવવામાં આવ્યું હતું કે, તમે જેને પૈસા મોકલ્યા તેનું નામ અભિષેક સાવલિયા છે અને તે પોલીસ તરીકેની ખોટી ઓળખ આપી લોકો પાસે પૈસા પડાવે છે. વાપી જીઆઈડીસી પોલીસે પોલીસની ખોટી ઓળખ આપી છેતરપિંડી કરતા શખ્સને ઝડપી લેતા સમગ્ર હકીકતનો ખુલાસો થતાં અલ્પેશભાઈ ચીમનભાઈ ધ્રાંગધરીયાએ ગંગાજળિયા પોલીસમથકમાં અભિષેક સાવલિયા નામના શખ્સ સામે ફરિયાદ નોંધાવી હતી. આ બનાવ સંદર્ભે નકલી પીએસઆઈની ઓળખ આપનાર અભિષેક નામના શખ્સનો સુરત ખાતેથી ટ્રાન્સફર વોરંટથી ભાવનગરની ગંગાજળિયા પોલીસે કબ્જો મેળવ્યો હતો. પોલીસે અભિષેક કાંતિભાઈ સાવલિયાને કોર્ટમાં રજૂ કરી ત્રણ દિવસના રિમાન્ડની માગણી કરતા કોર્ટે એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું. ■

# ભાવનગરમાં સરદાર પટેલની જન્મજયંતીની ઉજવણી અંતર્ગત રન ફોર યુનિટી કાર્યક્રમ યોજાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગરમાં જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતીની ઉજવણી અંતર્ગત રન ફોર યુનિટી કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત એકતા શપથ લઈને કરી હતી. આ રન ફોર યુનિટી કાર્યક્રમનો રૂટ આતાભાઈ ચોકથી સંસ્કાર મંડળ- વિલિંગ્ટન સર્કલ-સેન્ટ્રલ સોલ્ટ-ગુલિસ્તા થઈને આતાભાઈ ચોક સુધી કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ હતી.


(તસવીર-વિપુલ હિરાણી, ભાવનગર)

રન ફોર યુનિટીમાં શહેરના એન.સી.સી.કેડેટ્સ, પોલીસ સ્ટાફ,નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા નગરજનો જોડાયા હતા. આ તકે મેયર ભરતભાઈ બારડ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રાજુભાઇ રાબડીયા, પૂર્વ મેયર કીર્તિબેન દાણીધારીયા, દંડક શાસક પક્ષ ઉષાબેન બધેકા, જિલ્લા કલેકટર આર.કે.મહેતા, મ્યુનિસિપલ કમિશનર સુજીત કુમાર, પોલીસ અધીક્ષક ડૉ.હર્ષદ પટેલ, જિલ્લા શિક્ષણ અધિકારી હિતેન્દ્રસિંહ પઢેરીયા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ■

# અમરેલીના લાઠીમાં પીએમ મોદીના સભા સ્થળે વીજ કરંટ લાગતાં યુવકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પીએમ મોદીએ સોમવારે અમરેલીના લાઠીમાં ભારત માતા સરોવરનું લોકાર્પણ કર્યું હતું. આ લોકાર્પણ પહેલાં સભા સ્થળે એક દુર્ઘટના બની હતી. લાઠીમાં લાલજી દાદાના વડલા પાસે આવેલા ગ્રાઉન્ડમાં સભા સ્થળે લાઇટ ફિટિંગ વખતે વીજ શોક લાગતાં યુવકનું મોત થયું હતું. દિવાળી પહેલા જ યુવકનાં મોતથી આભ ફાટી પડ્યું હતું. બનાવ અંગે દાહોદ જિલ્લાના દેવગઢ બારિયાના કેલીયા નિસવાસ ફળીયુંના રહેવાસી મનહરભાઈ સરતનભાઈ પટેલ (ઉં.વ. ૩૭)એ કહ્યું હતું કે, તેમના ભત્રીજા મહેન્દ્રભાઈ રતનસિંહ પટેલ સભા સ્થળમાં સ્ટેજની નીચેના ભાગે એલઈડી ફિટીંગ અંગેનું વાયરિંગ કામ કરતા હતા. તેઓ બોલ ફિટ કરતા હતા તે વખતે પાનું છટકતા તેમનો જમણો હાથ પેનલની સાઈડમાં જે બાજુથી પાવર આવતો હતો તે જગ્યાએ અડી ગયો હતો, જેના કારણે વિજ કરંટ લાગતા મરણ પામ્યા હતા. ■

# ભાવનગરના તળાજામાં ઠેરઠેર કચરાના ઢગલાઃ તંત્ર સામે લોકોમાં રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગરના તળાજામાં ઠેરઠેર કચરાના ઢગલા પડેલા જોવા મળતા લોકોમાં રોષ જોવા મળ્યો હતો. શહેરના શેરી-મહોલ્લામાં સફાઈ ન થવા અંગે તંત્રએ જણાવ્યું હતું કે, વડા પ્રધાન મોદી ભાવનગર આવવા ના હોય ત્યાં સફાઈ કરવા માટે અહીંથી


(તસવીર-વિપુલ હિરાણી, ભાવનગર)

પાલિકા દ્વારા વાહન ભાડા ઇંધણનો ખર્ચ કરીને અહીંના સફાઇકર્મીઓને ભાવનગર લઈ જવામાં આવ્યા હતા!. તળાજાનો રહેણાંક અને કોમર્શિયલ વિસ્તાર વધ્યો છે તેટલા સફાઈકર્મીઓ વધ્યા નથી. આથી સફાઈ કરાવવાની જેની જવાબદારી છે તેને પણ સતત ફોન રણકતા રહે છે. તેઓની પીડા સ્ટાફ અછતની છે. અહીં સફાઇકર્મીઓની અછત હોવા છતાંય સફાઈકર્મીઓને બહાર લઈ જવાના કારણે અનેક શેરીઓ મહોલ્લા બાકી રહી ગયા હતા. સફાઈના આગ્રહી દુકાનદારોએ પોતાનું આંગણું જાતે સાફ કરતા નજરે પડ્યા હતા.

દિવાળીનો સમય હોય સાફસફાઈને લઈ ગૃહિણીઓએ શેરીઓમાં જ કચરાના ઢગલા કરતા તેની સફાઇ અને ઉપાડવા માટે વાહનો અને સફાઇ કર્મીઓ ન હોય શેરીઓ ગંદકીથી ખદબદતી જણાઈ હતી. નગરવાસીઓનો સૂર હતો કે તળાજામાં સફાઈ કર્મીઓની અછત છે ત્યારે અહીંથી શ્રમિકોને લઈ જવા જોઈએ નહીં. ■

# મહુવાના ધારાસભ્યને વડા પ્રધાન મોદીનો ટોણો, કહ્યું શિવાભાઈ બદલાય ગયા છો


(તસવીર-વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી ભાવનગર પહોંચ્યા ત્યારે એરપોર્ટ ખાતે ભાજપના અગ્રણી નેતાઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ દરમિયાન તળાજાના પૂર્વ અને મહુવાના વર્તમાન ધારાસભ્ય શિવાભાઈ ગોહિલ પણ હાજર રહ્યા હતા, અને વડા પ્રધાનને એરપોર્ટ પર મળ્યા હતા.

શિવાભાઈ ગોહિલ અને નરેન્દ્રભાઈનો ફોટો ખૂબ વાયરલ થયો છે, જેમાં શિવાભાઈના બંને હાથમા મોદીનો હાથ છે અને બંને હસી રહ્યા છે. ગોહિલે આ અંગે જણાવ્યું હતું કે મોદીએ મજાક કરતા કહ્યું હતું કે શિવાભાઈ વૃદ્ધ થઈ ગયા છો, બદલાઈ ગયા છો.

ગોહિલે વધુમાં જણાવ્યું હતું કે તેઓ ૨૮ વર્ષ પહેલા ધારાસભ્ય બન્યા ત્યારે આરએસએસ તરફથી ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી હતા, મહુવામાં શિવાભાઈને આ વખતે ટિકિટ મળી તે જોઈ સૌ ચોકી ગયા હતા.

તે અમિત શાહ ગ્રૂપના માનવામા આવે છે, નો રિપીટ થિયરી તેઓને એટલે જ લાગુ પડતી નથી. ■

# ભાવનગરના તળાજાના સોની વેપારીઓને ધનતેરસ ફળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ધનતેરસના દિવસે સોનુ-ચાંદી ખરીદવું શુકનવંતું મનાય છે. આ જ કારણે સોની બજારો ગ્રાહકોથી છલકાય છે. ભાવનગર જિલ્લાના તળાજાના સોની વેપારીઓના મતે ધનતેરસનાના દિવસે ગત વર્ષ કરતા સરેરાશ ૮૦ ટકા ઘરાકી રહી હતી. સોના કરતા ચાંદી વધુ વેચાયું તો સોનામાં ભાવવધારો ક્યાંક ને ક્યાંક નડી રહ્યાંનું પણ વેપારીઓએ અભિપ્રાય આપ્યો હતો.

તળાજા સુવર્ણ એસો.ના ઉપ પ્રમુખના જણાવ્યા પ્રમાણે અભિપ્રાય એસોસિયેશનમાં નાના-મોટા મળી ૬૦ વેપારીઓ નોંધાયેલ છે. સરેરાશ એક દુકાન દીઠ ત્રણસો ગ્રામ સોનું વેચાયાનો અંદાઝ લગાવી શકાય. મોટા વેપારીને વધુ હોય, નાનાને ઓછું. લોકો હોલમાર્ક વાળું સોનું ખરીદવાનું વધુ પસંદ કરે છે. ઘડાઇ દાગીના ઉપર હોય છે તેમ છતાંય સરેરાશ અહીં રૂ.૬૦૦ થી ૮૦૦ ઘડાય ચાલે છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સોનાના વધેલા ભાવની થોડી અસર જોવા મળી હતી. જો કે ૮૦ ટકા ઘરાકી કહી શકાય. બિસ્કિટથી લઈ મોટા દાગીના પણ વેચાયા હતા, આગામી સમયમાં ભાવ વધવાની બીકને લઈ આર્થિક રીતે સક્ષમ છે તે લોકોએ આજે લગ્નનું પણ સોનું ચાંદી ખરીદ્યું હતું .બિસ્કિટ ૮૦૦૦૦/- અને દાગીનાનો ૭૪૦૦૦/- જેટલો રહ્યો હતો. ઘરાકીની જે આશા હતી તે એકંદરે ફળી હતી, જૂનું સોનું પણ ઘણું આવ્યું હતું, લોકોએ જૂના સામે નવું કર્યું હતું. સોનામાં ભાવ વધારાના કારણે ખરીદશક્તિ ઓછી થઈ છે. સોનામાં ખાસ સ્કીમના કારણે ગતવર્ષ કરતાંય ધનતેરસ ફળી હતી. આગામી સમયમાં ભાવવધારો થશે તેવી શક્યતા વેપારીઓએ વ્યક્ત કરી હતી. ■

# ફોર પ્લે એપ કેસનો રેલો કચ્છ સુધી પહોંચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ફોર પ્લે એપ પર આઈપીએલના ગેરકાયદેસર સ્ટ્રીમિંગની તપાસ કરી રહેલી તપાસ એજન્સી ઈડીએ આજે કચ્છ અને મુંબઈમાં દરોડા પાડ્યા હતા. ઈડીને તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, ફોર પ્લે એપનો ઉપયોગ ગેરકાયદેસર રીતે આઈપીએલ પ્રસારણ અને લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામ પર પણ સટ્ટાબાજી થઈ હતી. ઈડીએ આજે ટ્વિટ કરીને કહ્યું, પચીસ ઓક્ટોબરના રોજ કચ્છ અને મુંબઇમાં આઠ સ્થળોએ ફેર પ્લે એપ કેસમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

આ દરોડા ક્રિકેટ/આઈપીએલ મેચના ગેરકાયદેસર સ્ટ્રીમિંગ અને વિવિધ ઓનલાઇન સટ્ટાબાજીની પ્રવૃતિ સાથે જોડાયેલા હતા. સર્ચ ઓપરેશન દરમિયાન વિવિધ ગુનાહિત દસ્તાવેજો, ડિજિટલ ગેજેટ્સ, સ્થાવર મિલકત સંબંધિત દસ્તાવેજો, જંગમ સંપત્તિ એટલે કે રોકડ, બેંક એફડી અને ચાંદીની લગડી મળી કુલ ૪ કરોડની મત્તા જપ્ત કરવામાં આવી હતી. આ કેસમાં અત્યાર સુધી ૧૧૭ કરોડ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા છે. ■

# લખપતના મીંઢીયારીમાં વહેલી પરોઢે પરિણીત યુવકની ઘાતકી હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના સીમાવર્તી લખપત તાલુકાના મીંઢિયારી ગામમાં એક પરિણીત મહિલા સાથે અનૈતિક સંબંધના મુદ્દે અગાઉ થયેલા વિવાદનું મનદુઃખ રાખી ગામની સીમમાં આવેલા ખેતરમાં અબ્દુલ સિધિક સોઢા (ઉં.વ. ૩૦) નામના પરિણીત યુવકની તેના સગા માસીયાઈ ભાઈ સલીમ જુમા થુડિયાએ તીક્ષ્ણ હથિયાર વડે કરપીણ હત્યા નીપજાવી દેતાં પંથકમાં ચકચાર પ્રસરી જવા પામી હતી. આ બનાવ અંગે નારાયણ સરોવર પોલીસમાં સિધિક જુસબ સોઢાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના ભત્રીજાએ ફોન કરીને અબ્દુલનો મૃતદેહ તેમના ખેતરમાં પડ્યો હોવા અંગે જાણ કરી હતી. હતભાગી અબ્દુલ ગામની સીમમાં ધ્રોસ તળાવના કિનારે આવેલા જુજારદાન ગઢવીના ખેતરમાં ભાગીદારીમાં ખેતી કરતો હતો. અગાઉ પરિણીતા સાથે અનૈતિક સંબંધોના કારણે બંને વચ્ચે ઝઘડો થયો તે બાબતનું મનદુઃખ રાખી જુણાગિયાના આરોપી સલીમે તેના ભાઈ અબ્દુલનું ઢીમ ઢાળી દીધું હોવાનું ફરિયાદમાં લખાવાયું હતું. હતભાગીના પિતા અને ભાઈ જ્યારે ઘટનાસ્થળે પહોંચ્યા ત્યારે ખેતરની વચ્ચે લોહીલુહાણ હાલતમાં અબ્દુલની લાશ પડી હતી. કોઈ તીક્ષ્ણ હથિયાર વડે તેના ગળાના ભાગે તથા ડાબા ગાલ પર ઊંડા ઘા મારી હત્યા નીપજાવાઈ હોવાનું જણાવાયું હતું. બનાવની જાણ થતાં પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી અને આરોપીની અટક કરી લીધી હોવાનું પી.એસ.આઈએ જણાવ્યું હતું. ■

# આણંદના આંકલાવમાં તળાવમાં ડૂબવાથી બે બાળકોનાં મોત, એક ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિવાળી પહેલાં આણંદના આંકલાવમાં તળાવમાં ડૂબી જવાથી બે બાળકોનાં મોત થતાં શોકનો માહોલ છવાઈ ગયો હતો, જ્યારે એકની હાલત ગંભીર છે. ઘટનાની વિગત પ્રમાણે, આંકલાવ કબીરનગર પાસે ત્રણ બાળકો તળાવ નજીક રમી રહ્યા હતા તે દરમિયાન આ દુર્ઘટના બની હતી. રમતાં રમતાં ત્રણ બાળકો તળાવ પાસે પહોંચ્યા હતા જ્યાં પગ લપસી જતા ત્રણે બાળકો તળાવમાં ડૂબી ગયા હતા. જોકે ત્રણ બાળકોમાંથી એક બાળક નજીકમાં હોય તેને બચાવી લેવાયો હતો જ્યારે બે બાળકોનાં મોત થયાં હતાં. દિવાળીને હવે ગણતરીના જ કલાકો બાકી છે ત્યારે એક જ કુટુંબના બે બાળકોનાં મોતથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. બાળકોનાં માતા-પિતા ખેત મજૂરી કરી રહ્યા હતા ત્યારે આ ગોઝારી ઘટના બનતાં ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. મૃતક બાળકોની માતાએ હૈયાફાટ રુદન કરતાં માહોલ શોકમય બની ગયો હતો. ■